વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૭મું
જુલાઈ - ૨૦૨૨
અંક - ૫૩૦



શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

માસ્ક પહેરો ● હાથને વારંવાર સાફ કરો ● પરસ્પરનું અંતર જાળવો ● કોરોના વેક્સિન અભિયાનને સફળ બનાવો



## અષાઢી બીજ : કચ્છી નૂતન વર્ષ

કચ્છીજે નયે વરેં કચ્છીયત કે
બુલંદકારીંધા ભા-ભેંણ કે વધાઈ....

મિણીકે
કચ્છી નયે
વરેંજી લખ લખ
વધાઇયું

મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6001, 4890 6002, 4890 6003, 4890 6004
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kutchijainahd.org

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક પ્રતિનિધિ મંડળની ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે મુલાકાત



(તસવીરમાં ડાબેથી) હિરેન શાહ, મહેન્દ્ર દોશી, શાંતિભાઈ સાવલા, હસમુખ ગઢેચા, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રતાપભાઈ દંડ, રજનીકાંત પારેખ અને અશોક મહેતા.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટરમાં 'મેમોગ્રાફી કમ સોનોગ્રાફી' વિભાગનું અનાવરણ



દીપ પ્રાગટ્ય.
(ડાબેથી) પ્રતાપભાઈ દંડ, અશોક મહેતા, નરેન્દ્ર કોઠારી, જેકીલભાઈ નાયક, શ્રીમતી બીનાબેન નાયક, મયુરભાઈ પાલખીવાળા, જીજ્ઞેશભાઈ પાલખીવાળા અને શાંતિલાલભાઈ સાવલા



દાતાઓશ્રી, સંસ્થાના હોદ્દેદારો, ટ્રસ્ટીઓશ્રી અને કારોબારી સભ્યશ્રીઓ

છેલ્લા ૪૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**

**કાર્યકારી સહતંત્રી**

**મહેન્દ્ર સાકરચંદ દોશી**

**મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

**લેખકોને નમ્ર વિનંતી**

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- વાત વિમર્શ ... **મહેન્દ્ર દોશી** ...... ૪

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ● સંસ્થા સમાચાર**

- વાર્ષિક સ્નેહ મિલન, ક્ષમાપના તથા સ્વામિવાત્સલ્ય કાર્યક્રમ : આગોતરું સ્નેહભર્યું આમંત્રણ ...... ૪
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક પ્રતિનિધિ મંડળની ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે મુલાકાત ...... ૫
- ૭૬મો સ્વાતંત્ર્ય દિન – ધ્વજ વંદન કાર્યક્રમ : જાહેર આમંત્રણ ...... ૫
- સમાજ દર્પણ ● સાભાર સ્વીકાર ...... ૬
- અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનના પદાધિકારીઓની શ્રી કચ્છી જૈન સેવા સમાજ - પાલડી તથા એસ.ટી. ભવનની ફેક્ટ ચેકની મુલાકાત ● સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ ...... ૭
- મેડિકલ સમિતિ : અહેવાલ ...... ૮
- વયસ્ક સમિતિ : અહેવાલ ...... ૯
- આયુર્વેદ સારવાર ...... ૧૦
- યુવા વિકાસ સમિતિ : અહેવાલ ...... ૧૧
- મહિલા ઉત્કર્ષ સમિતિ : અહેવાલ ...... ૧૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વિવિધ સમિતિઓનાં કાર્યોનો ટૂંકો અહેવાલ ...... ૧૩

★

- આંજો કાગર ...... ૧૫
- અન્ય સંસ્થાઓના સમાચાર ...... ૧૬

★


- સેન્ચુરી ફ્લેશબેક : ૧૯૨૨ – ૨૦૨૨
  સદી પહેલાનાં મહત્ત્વના બનાવો ... **સંજય પી. ઠાકર** ..... ૧૮
- કચ્છની અસ્મિતાને અજવાળતો ઉત્સવ : અષાઢી બીજ ... **સંજય પી. ઠાકર** ..... ૨૧
- કચ્છના લોક ઈતિહાસમાં અષાઢી બીજ ... **ડૉ. દિનેશ એમ. જોશી** ..... ૨૩
- કચ્છી નવું વર્ષ ... **કાનજી જે. મહેશ્વરી** ..... ૨૭
- અષાઢી ગીત ... **જયેશ ઠક્કર** ..... ૨૯
- શિવ સંકલ્પ ... **જયંતી જોશી 'શબાબ'** ..... ૩૦
- કચ્છી નવું વર્ષ ... **ઝવેરીલાલ સોનેજી** ..... ૩૩
- ઝારાનું યુદ્ધ ... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૩૪
- આવઈ અષાઢી બીજ ... **ડૉ. રક્ષા ગોર** ..... ૩૫
- ગોલાડેમેં ગોલ પકી રે, ગોલાડો મિઠો ... **લાલજીભાઈ મેવાડા** ..... ૩૭
- 'નવનીત પરિવાર'ની ગૌરવગાથા : ભાગ-૨ ...... ૩૯
- પ્રતિભાના પોંખણા : ડૉ. લીલાબહેન પ્રવીણભાઈ વિસરીયા ... **શ્રીમતી ફાલ્ગુની હિરેન** ..... ૪૩
- તીર્થ દર્શન ... **પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)** ..... ૪૮
- કચ્છમાં જૈનોની મોટી પંચતીર્થી ... **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૪૯
- ડર (PHOBIA) ... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૫૧
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**

★

- ***Nano Nine*** શબ્દ રમત-૧૮૪ ... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૫૨
- ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૪૨) ... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૫૩
- બોધકથા : પરમાત્માએ ફક્ત મનુષ્યને જ બુદ્ધિશક્તિ આપી છે ..... **વિનોદભાઈ માછી નિરંકારી** ..... ૫૪

તંત્રી લેખ

# વાત વિમર્શ



મહેન્દ્ર દોશી

અષાઢી બીજ આવી. માંડવીના દરિયાની પ્રદક્ષિણા કરતી દીવાદાંડીના ઝાંખા અજવાળામાં કેટલીક સુષુપ્ત સ્મૃતિઓ દરિયાની બાજુના રેશમી લપસણી રેતીના ઢગલામાં લપસતી અષાઢી બીજની સ્મૃતિઓ કચ્છીના નવા વર્ષે કચ્છીયત કે બુસકારીંધ ભા-ભેણેં કે વધાઈયા – કચ્છી માડુને.

અષાઢી બીજ કચ્છી માડુનો બિન સાંપ્રદાયિક ઉત્સવ, નવી આશા, આકાંક્ષા અને શ્રદ્ધાનું પર્વ છે. 'મંગલ મંદિર' પણ નવી આશાના સંચાર સાથે મંગલ મંદિરના વાચકની રૂચિને લક્ષ્યમાં રાખીને વાંચન સામગ્રી પહોંચાડવા માટે નવા ઉન્મેષ સાથે પ્રયોગાત્મક વલણનો આવિષ્કાર કરી અને વાચકોની રસવૃત્તિને સંતોષ આપવાનો પ્રયાસ કરવા તત્પર રહે છે. 'મંગલ મંદિર' અષાઢી બીજને આવકારવા માટે અષાઢી બીજને લક્ષ્યમાં રાખીને આ ઉત્સવની કેટલીક પ્રણાલીકાગત પ્રચલિત - અપ્રચલિત ઐતિહાસિક તેમજ પૌરાણિક ઘટનાઓને ઉજાગર કરતા લેખો ઇતિહાસકાર, સાહિત્યકાર તેમજ સંશોધનકારોના સહયોગથી પ્રાપ્ત થયા છે. આ લેખોના અધ્યયનથી એવું ફલિત થાય છે કે આ ઉત્સવની કેટલીક ઐતિહાસિક ખૂટતી કડીને સાંકળવા માટે લોકસાહિત્યના અભ્યાસના આધારે સંશોધન કરવા માટેનો પૂરતો અવકાશ છે.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### આગોતરું સ્નેહભર્યું આમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણા શ્રી પર્વાધિરાય પર્યુષણ પછીનાં અનુકૂળ રવિવારે અમદાવાદમાં વાર્ષિક સ્નેહ મિલન યોજે છે. આ વર્ષે આ સ્નેહ મિલન રવિવાર, તા. ૧૮-૦૯-૨૦૨૨ના રોજ ટાગોર હોલ ખાતે સવારના ૧૦.૦૦ વાગે યોજવાનું નક્કી કરવામાં આવેલ છે.

અમને જણાવતા આનંદ થાય છે કે આ સ્નેહ મિલન સમારંભમાં ગુજરાત રાજ્યનાં માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'મુખ્ય અતિથિ વિશેષ' પદે પધારવા માટેની સહમતિ આપેલ છે. આ સમારંભમાં કચ્છના વર્તમાન ધારાસભ્યોને 'અતિથિ વિશેષ' તરીકે ઉપસ્થિત રહેવા આમંત્રણ મોકલી આપવામાં આવેલ છે.

આપ સૌ કચ્છી જૈન પરિવારોને આ પ્રસંગે હાજર રહેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**વાર્ષિક સ્નેહ મિલન, ક્ષમાપના તથા સ્વામિવાત્સલ્ય કાર્યક્રમ**
**રવિવાર, તા. ૧૮-૦૯-૨૦૨૨**

ઉપરોક્ત કાર્યક્રમ ટાગોર હોલ - પાલડી, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે. સ્વામિવાત્સલ્ય જમણવાર સવારે ૧૧.૦૦થી ૨.૦૦ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે. જમણવારની વ્યવસ્થા સારી રીતે જળવાઈ રહે તે માટે જુદા જુદા સમયના પાસ રાખવામાં આવેલ છે. સભ્યોએ તા. ૧૫-૦૮-૨૦૨૨થી તા. ૦૫-૦૯-૨૦૨૨ સુધીમાં નીચે મુજબના સ્થળોએથી સવારના ૧૦.૦૦થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધીમાં પાસ મેળવી લેવા વિનંતી.

*૧. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી*
*૨. શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ*
*૩. શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતા મંદિર*
*૪. નવનીત મેડિકલ સેન્ટર - બોપલ*

આ કાર્યક્રમની વિગતવાર માહિતી 'મંગલ મંદિર'ના આગામી અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક પ્રતિનિધિ મંડળની ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે મુલાકાત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું એક પ્રતિનિધિ મંડળ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને, મંગળવાર, તા. ૦૭-૦૬-૨૦૨૨ના રોજ મળવા ગાંધીનગર ગયેલ હતું. મુલાકાતનો મુખ્ય હેતુ કચ્છી બોલીનો વૈકલ્પિક ભાષા તરીકે સ્વીકાર કરાવવા જરૂરી પ્રયાસ કરવાનો હતો.

આ પ્રતિનિધિ મંડળમાં સમાજના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, મંત્રી શ્રી રજનીકાંત પારેખ, ઉપપ્રમુખ શ્રી શાંતિભાઈ સાવલા તથા હિરેન શાહ, ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ ગઢેચા, મંગલ મંદિરના સહતંત્રી શ્રી મહેન્દ્ર દોશી તથા પૂર્વ પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા ઉપસ્થિત રહેલ હતા.

આ મુલાકાત દરમ્યાન કચ્છી બોલીને ભાષાનો દરજ્જો આપવાની ચર્ચા થઈ હતી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ તેનો અભ્યાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવાનું વચન આપ્યું હતું.

વળી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની બધી જ પ્રવૃત્તિઓને તેઓશ્રી જાણે છે અને તે વિશે ઘણું જ માન ધરાવે છે.

તેમણે કહ્યું હતું કે, ***'જ્યારે અમદાવાદ શહેરને જરૂર હતી, ત્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજે ડાયાલિસિસ સેન્ટર શાહીબાગમાં ખોલ્યું હતું... તમારી પાલડી મેડિકલ સેવાઓથી પણ હું પરીચિત છું.'***

અમદાવાદ શહેરની આજુબાજુ નીકોઈ જગ્યા હોય, તો તેના ઉપર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આવી વધુ પ્રવૃત્તિ કરી શકે તેવી જગ્યા હોય તે ફાળવી આપવા માટે આ પ્રતિનિધિ મંડળે માંગણી કરી હતી, તેનો સહર્ષ સ્વીકાર કરતાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચોક્કસથી જગ્યા જોઈ રાખવા અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં ધ્યાનમાં કોઈ જગ્યા આવે તો તેની પણ તેમને જાણ કરવા કહ્યું હતું.

વળી તા. ૧૮-૦૯-૨૦૨૨ને રવિવારનાં રોજ આયોજિત "સ્નેહ મિલન"નાં કાર્યક્રમમાં "મુખ્ય અતિથિ વિશેષ" તરીકે જોડાવા આમંત્રણ આપવામાં આવેલ હતું અને તેમણે તેનો સહર્ષ સ્વીકાર કરેલ હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની આ શુભેચ્છા મુલાકાત એકંદરે ઘણી જ સારી, પરિણામલક્ષી અને હકારાત્મક રહેવા પામી હતી.

***– હિરેન કે. શાહ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ૭૬મો સ્વાતંત્ર્ય દિન – ધ્વજ વંદન કાર્યક્રમ

### જાહેર આમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ૭૬મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવા જઈ રહ્યો છે. તે નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પટાંગણમાં તા. ૧૫-૦૮-૨૦૨૨ને સોમવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ધ્વજવંદન કરવામાં આવનાર છે.

ધ્વજવંદન થયા બાદ અલ્પાહાર રાખવામાં આવેલ છે.

***આથી સમાજના દરેક સભ્ય પરિવારને ઉપરોક્ત કાર્યક્રમમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.***

**રજનીકાંત પારેખ – માનદ્ મંત્રી**     **પ્રતાપ નારાણજી દંડ – મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **નિરંજન પૂનમચંદ પાસુભાઈ મૈશેરી**
  બી-૩૦૩, પૂર્વી ટાવર, સુભાષ ચોક પાસે,
  એ-વન સ્કૂલ સામે, મેમનગર,
  અમદાવાદ-૩૮૦ ૦૫૨.
  મો. ૯૮૨૫૩ ૮૨૯૪૧, ૯૯૦૯૧ ૦૩૫૧૦
- **દીપક અમૃતલાલ જેવત શાહ**
  એ-૧૦૦૪, મેગ્નોલિયા રેસિડેન્સી,
  પૃથ્વી ટાવર પાસે, જોધપુર, સેટેલાઈટ,
  અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૯૦૯૦ ૧૦૩૭૦

# ફ્લેશ બેક

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રતિનિધિ મંડળે તા. ૭-૯-૨૦૨૨ના રોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને કચ્છ પ્રદેશમાં બોલાતી કચ્છી બોલીને ભારતના બંધારણમાં વૈકલ્પિક ભાષા તરીકે સમાવેશ થાય તે માટે તા. ૧૮-૧૧-૨૦૨૧ના રોજ કરવામાં આવેલ રજુઆતના યોગ્ય પથ દ્વારા રાષ્ટ્રપતિશ્રીની નિયુક્ત કરેલ બંધારણીય કમિટીને સાદર કરવા માટેની રજુઆત કરવા માટે મળેલ હતા.

★ **બે વર્ષના લાંબા વિરામ બાદ નવા ઉન્મેષ અને આકાંક્ષાનો સંચાર**

પરીક્ષાના પરિણામ આવતા શિક્ષણના જુદા જુદા ક્ષેત્રમાં એડમિશન મેળવવા માટે વિદ્યાર્થીઓ તેમજ તેમના માતા-પિતા ચિંતિત હોય છે. વિદ્યાર્થીઓને તેમની રૂચિ અનુસાર અભ્યાસલક્ષી ક્ષેત્ર નક્કી કરવા માટે અભ્યાસલક્ષી માર્ગદર્શન આપવા માટેની કાઉન્સેલિંગ સમિતિ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કાર્યરત છે. આ સમિતિમાં આ વિષયોના નિષ્ણાતો તેમજ તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. જેનો લાભ લેવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વિદ્યાર્થીઓને અનુરોધ છે.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા વાંચન રસીકો માટે લાઈબ્રેરીમાં વિવિધ વિષયોના પુસ્તકો ઉપલબ્ધ છે. જેનો લાભ લેવા સભ્યશ્રીઓને અનુરોધ છે.

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

## નવનીત ડાયાલિસિસ સેન્ટર - બોપલ

રૂા. ૩,૦૦,૦૦૦/- નવનીત ફાઉન્ડેશન – મુંબઈ / અમદાવાદ

## ડાયાલિસિસ ફંડ

રૂા. ૨,૦૦૦/- પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશન તરફથી પ્રમીલાબેન ઉમરશીભાઈ કુરૂવાની પુણ્યતિથિ નિમિત્તે

## વયસ્ક સમિતિ

રૂા. ૧૧,૦૦૦/- શ્રી પૃથ્વી નરેન્દ્ર શાહ - ગાંધીનગર
રૂા. ૧૧,૦૦૦/- ડૉ. ધીરેન શાંતિલાલ શાહ - અમદાવાદ
રૂા. ૭,૫૦૦/- શ્રી દિનેશ પ્રેમચંદ શાહ - અમદાવાદ
રૂા. ૫,૬૫૪/- શ્રીમતી હીરાવંતી હરીશ કુરૂવા - અડાલજ (ગાંધીનગર) હ. મેહુલભાઈ કુરૂવા
રૂા. ૫,૦૦૦/- શ્રી હરખચંદ નાનજી શાહ - અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રી મહેન્દ્ર કે. શાહ - અમદાવાદ

## અન્નક્ષેત્ર ફંડ

રૂા. ૨૫,૦૦૦/- શ્રીમતી મંજુલા મહેન્દ્ર સંઘોઈ - મુંબઈ
રૂા. ૨,૦૦૦/- પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશન તરફથી પ્રમીલાબેન ઉમરશીભાઈ કુરૂવાની પુણ્યતિથિ નિમિત્તે
રૂા. ૧,૦૦૦/- શ્રી મોતીસાગરજી મહારાજ - ભુજપુર
રૂા. ૫૦૦/- કુ. રીયા ઠક્કર - અમદાવાદના જન્મ દિવસ નિમિત્તે

## સાધર્મિક સહાય યોજના

રૂા. ૫,૦૦૦/- સુશ્રી ચૌલાબેન ઉમરશી કુરૂવા - અમદાવાદ
રૂા. ૩,૦૦૦/- પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશન તરફથી પ્રમીલાબેન ઉમરશીભાઈ કુરૂવાની પુણ્યતિથિ નિમિત્તે

## શિક્ષણ અને કેળવણી સહાય યોજના

રૂા. ૩,૦૦૦/- પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશન તરફથી પ્રમીલાબેન ઉમરશીભાઈ કુરૂવાની પુણ્યતિથિ નિમિત્તે
રૂા. ૨,૫૦૦/- સુશ્રી ચૌલાબેન ઉમરશી કુરૂવા - અમદાવાદ
રૂા. ૧,૦૦૦/- આર્ચી દેસાઈ - અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રી નીરજ જયંતીલાલ પટેલ - અમદાવાદ

## ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

રૂા. ૫૦૦/- ક્રિષ્ના પટેલ - અમદાવાદ
રૂા. ૫૦૦/- અનંતી એન. પટેલ - અમદાવાદ

## વૈયાવચ્ચ ફંડ

રૂા. ૧૫૦/- શ્રી વિપુલ પારેખ - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનના પદાધિકારીઓની શ્રી કચ્છી જૈન સેવા સમાજ પાલડી તથા એસ.ટી. ભવનની ફેક્ટ ચેકની મુલાકાત

તાજેતરમાં જ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીઓએ અંબુજા ફાઉન્ડેશનની ગાંધીનગર સ્થિત સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની મુલાકાત લીધી હતી, ત્યારે તેમણે સેન્ટર ઇન્ચાર્જ શ્રી રામસિંગભાઈ ચૌહાણને સમાજનાં એસ.ટી. ભવનનાં પ્રથમ માળે અને બીજા માળે આવું જ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ઊભું કરી શકાય કે નહીં, તે માટેની શક્યતા તપાસવાની વિઝીટ માટે આમંત્રણ આપેલ હતું.

જેના અનુસંધાને શ્રી મહેન્દ્રભાઈ પટેલ, કે જેઓ નાગપુર બેસે છે તથા શ્રી રામસિંગ ચૌહાણ (ગાંધીનગર) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મુલાકાતે તા. ૨૫-૦૫-૨૦૨૨ના રોજ આવેલ હતા (સાથે કેતન પટેલ પણ જોડાયેલ હતા).

પાલડી ખાતે મીટિંગમાં શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ અને શ્રી હિરેન કે. શાહ વગેરેને મળીને તેમણે એક નવી વાત કહી હતી, જેની માત્ર અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનનાં અધિકારી વર્ગ જ કલ્પના કરી શકે...! જેઓ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ઉપર જુવાન દીકરા કે દીકરી આવે, તે માટે તેઓનાં ઘરોમાં જઈને તેમના મા-બાપને સમજાવવાથી કાર્યક્રમની શરૂઆત કરી આપે છે અને સ્કીલ ડેવલપમેન્ટનાં વર્ગો ભરાય ત્યાં સુધી મહેનત કરવાની બાંહેધરી આપે છે...!

વળી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરમાં માત્ર નજીવા દરે તેમને ફેશન ડિઝાઈન, નર્સિંગ આસિસ્ટન્ટ, એ.સી. રીપેરીંગ, વોશિંગ મશીન રીપેરીંગનાં વર્ગો વગેરે કોર્સ કરાવ્યા પછી પણ તેમને લાયક નોકરી અપાવવાની જવાબદારી પણ નિભાવે છે. એકવાર નોકરીમાં ગયા પછી બે વર્ષ સુધી અંબુજા ફાઉન્ડેશન આ વ્યક્તિનું હેન્ડ હોલ્ડિંગ કરે છે. એટલે કે બે વર્ષ સુધી જે-તે વ્યક્તિને નોકરી ફાવી જાય ત્યાં સુધી માર્ગદર્શન આપે છે...!

ઉપરોક્ત માહિતી લીધા પછી તેમને લઈને સમાજનાં એસ.ટી. ભવન ખાતે પ્રથમ માળ અને બીજો માળ બતાવેલ હતા. અને તેઓએ એક "પરફેક્ટ પ્લેસ ફોર સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર" તેમ નોંધ કરેલ હતી.

પહેલાં માળે ચાર રૂમ તોડીને બે રૂમ બનાવી તેનાં વર્ગો ચલાવી શકાય. પાંચમો રૂમ વહીવટી કામકાજ માટે ફાળવી શકાય. વળી અગાસી ઉપરનો એરિયા બે ભાગમાં વહેંચી શકાય અને તેમાં બે લેબોરેટરી બનાવી શકાય, કે જેમાં નર્સિંગ આસિસ્ટન્ટનાં કોર્સ માટે હાડપિંજર કે માણસનું રબ્બરના શરીરનું સેમ્પલ હોય, સેમ્પલ અને એ.સી., ફ્રીજ કે વોશિંગ મશીનના કોર્સમાં તેનાં ડમી મોડેલ જે બિલકુલ ચાલુ હાલતમાં હોય તે સાધનો ત્યાં મૂકવાની સગવડ થઈ શકે.

આમ, અંબુજા ફાઉન્ડેશનની દૃષ્ટિએ આ પ્રોજેક્ટ ખૂબ જ સુંદર રીતે ચાલી શકે તેમ હોવાથી તેમણે બહુ જ આગ્રહભરી વિનંતી કરી છે કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આ પહેલ કરે અને વર્ષે ૧૦૦ યુવાન-યુવતીઓને નોકરીઓ અપાવીને દરેક વ્યક્તિ મહિને રૂા. ૧૫,૦૦૦/- જેટલું અર્થોપાર્જન કરી શકે.

તે માટેનો ડીટેઈલ રીપોર્ટ ૧૫ દિવસમાં રજૂ કરવામાં આવશે, તેમ નક્કી કરી અંબુજા ફાઉન્ડેશનના અધિકારીઓ આપણો આભાર માની છૂટા પડ્યા.

*– હિરેન કે. શાહ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ

સમાજ દ્વારા રવિવાર, તા. ૧૮-૦૯-૨૦૨૨ના રોજ ટાગોર હોલ - પાલડી, અમદાવાદ ખાતે સ્વામિવાત્સલ્યનો કાર્યક્રમ યોજવાનું નક્કી કરેલ છે. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ દ્વારા રંગારંગ કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. જેની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. તો સમાજના સર્વે સદસ્યો, કે જે નૃત્ય, ગાયન, વાદન, નાટક વગેરે જેવી કલાઓના જાણકાર હોય અને કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક હોય તો તેમને નમ્ર વિનંતી છે કે તેઓ પોતાનું નામ, વય (ઉંમર) અને ગમતી કલા/કલાઓની જાણકારી નીચે આપેલ સદસ્ય પાસે રજિસ્ટર કરાવી દે. સાથે જ સમાજના બીજા ઓળખીતા સદસ્યોને પણ આની જાણકારી આપે અને તેમને ભાગ લેવા પ્રોત્સાહિત કરે.

વધુ જાણકારી માટે સમિતિનું WhatApp Group તથા 'મંગલ મંદિર' જોતા રહેવા વિનંતી.

**સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ**

*નેહા ખોના* : ૯૪૨૮૧ ૦૪૮૪૪
*નીતાબેન સંઘવી* : ૯૭૩૭૨ ૬૬૬૪૮
*ચૈતન્ય રાંભિયા* : ૯૦૮૧૮ ૧૭૮૧૫

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## મેડિકલ સમિતિ

મેડિકલ સમિતિ દ્વારા મેડિકલ સેન્ટરમાં સુવિધાનું એક નવું સોપાન સર કરવામાં આવ્યું. આજના સમયમાં જેની તાતી જરૂરિયાત છે એવા "મેમોગ્રાફી કમ સોનોગ્રાફી" વિભાગનું અનાવરણ કરવામાં આવ્યું. આ મશીનથી સ્ત્રીઓના સ્તનના થતા કેન્સરની આગોતરી જાણ થઇ શકે છે અને આ રોગથી સંક્રમિત વ્યક્તિનું જલ્દીથી નિદાન થઈ જવાથી તેમની સારવાર કરીને વ્યક્તિનું જીવન બચાવી શકાય છે. એટલું જ નહીં, વ્યક્તિ ફરીથી સ્વસ્થ નોર્મલ જિંદગી જીવી શકે છે.

આ વિભાગ માટે સ્વ. સુશીલાબેન અરવિંદકુમાર ચંદુલાલ શાહ - સેટેલાઈટ, અમદાવાદ પરિવાર તરફથી રૂપિયા પાંચ લાખનું માતબર દાન પ્રાપ્ત થયેલ છે. સમાજ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલ આ મશીનનું ઉદ્‌ઘાટન દાતા પરિવારના સભ્યો શ્રી જેકીલભાઈ નાયક, શ્રીમતી બીનાબેન નાયક, શ્રી મયુરભાઈ પાલખીવાળા અને શ્રી જીગ્નેશભાઈ પાલખીવાળાના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. પરિવારના સભ્યો ઉપરાંત સંસ્થાના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી તથા અન્ય હોદ્દેદારોએ દીપ પ્રગટાવીને શુભારંભ કરાવ્યો હતો. મેડિકલ સમિતિના કન્વીનર શ્રી અશ્વિનભાઈ સાવલાએ મેડિકલ સેન્ટરની વિવિધ પ્રવૃત્તિ ઉપરાંત આ અગત્યની સુવિધા વિશે માહિતી આપી હતી. ડૉ. કેતકીબેન પટેલ (રેડિયોલોજિસ્ટ)એ મેમોગ્રાફી વિશે સરળ ભાષામાં સમજણ આપી હતી. દાતાશ્રીઓએ આ શુભ કાર્યમાં જોડાવવા અંગે પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે આપના જેવી સંસ્થા દ્વારા જે ઉમદા કાર્ય કરવામાં આવે છે તેમાં ભાગીદાર થવાનો અમને સુઅવસર મળેલ છે. તે માટે અમો આ સંસ્થાના ઋણી છીએ અને ધન્યતા અનુભવીએ છીએ.

મેડિકલ સેન્ટરમાં સુવિધાનું એક વધારાનું પીછું ઉમેરાયું હતું. જે ઇ.એન.ટી. વિભાગમાં કાનની સારવાર માટે માઈક્રોસ્કોપ અને નાક અને ગળાની એન્ડોસ્કોપી માટેનું મશીન. આ મશીનનું ઉદ્‌ઘાટન સંસ્થાના ઉપપ્રમુખ શ્રી શાંતિલાલ સાવલાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

દીપ પ્રાગટ્ય પછી દાતા પરિવારના ચારેય સભ્યોનું સંસ્થાના હોદ્દેદારો દ્વારા શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવેલ હતું.

કન્વીનર શ્રી અશ્વિનભાઈ સાવલો મેડિકલ સેન્ટર દ્વારા અપાતી વિવિધ સેવાઓનો ચિતાર આપેલ હતો અને મેમોગ્રાફી તેમજ માઇક્રોસ્કોપની જરૂરિયાત તેમજ તેનાથી વધતી સુવિધા અંગે સમજણ આપી હતી અને નજીકના જ ભવિષ્યમાં મેડિકલ સેન્ટરમાં સાંભળવાની ઉણપની સારવાર માટે ઓડિયોગ્રામની સુવિધા અંગે માહિતગાર કર્યા હતા.

ત્યારબાદ વયસ્ક સમિતિ દ્વારા યોજવામાં આવેલ કાર્યક્રમની મજા માણી, અંતમાં રાષ્ટ્રગીત ગાઈને ભોજન લઇ સૌ છૂટા પડ્યા હતા.



*ઈ.એન.ટી. વિભાગમાં માઈક્રોસ્કોપ અને એન્ડોસ્કોપી મશીનનું ઉદ્‌ઘાટન કરતા શ્રી શાંતિલાલભાઈ સાવલા*




*મેમોગ્રાફી મશીનનું ઉદ્‌ઘાટન કરતા દાતાશ્રીઓ અને સંસ્થાના સભ્યશ્રીઓ*



*મેમોગ્રાફી રૂમનું ઉદ્‌ઘાટન કરતા. (ડાબેથી) મુકેશભાઈ સાવલા, અશ્વિનભાઈ સાવલા, જેકીલભાઈ નાયક, મયુર પાલખીવાળા, જીજ્ઞેશ પાલખીવાળા, શાંતિભાઈ સાવલા, પ્રતાપભાઈ દંડ અને શ્રીમતી બીનાબેન નાયક*

***અશ્વિન સાવલા, કન્વીનર - મેડિકલ સમિતિ***

***રજનીકાંત પારેખ - માનદ્ મંત્રી***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વયસ્ક સમિતિ



*ડૉ. ધવલ દોશીનું બહુમાન.*
*(ડાબેથી) શાંતિલાલભાઈ સાવલા, ડૉ. ધવલ દોશી અને રજનીકાંત પારેખ*



*કવિ શ્રી કૃષ્ણ દવેનું બહુમાન.*
*(ડાબેથી) નરેન્દ્ર કોઠારી, પૃથ્વીભાઈ શાહ, ચિત્રસેન શાહ, કવિશ્રી કૃષ્ણ દવે, હરીશભાઈ ખત્રી અને રજનીકાંત પારેખ.*



*જન્મ દિવસની કેક કાપતા.*
*(ડાબેથી) કે. ડી. શાહ, પ્રતાપભાઈ દંડ, અશોકભાઈ મહેતા, શાંતિભાઈ સાવલા અને મુકેશભાઈ સાવલા.*
*(પાછળ ડાબેથી) દિલીપ દંડ, નરેન્દ્ર કોઠારી, રજનીકાંત પારેખ.*



*જન્મ દિવસ ઉજવતા શ્રી પૃથ્વીભાઈ શાહ.*
*(ડાબેથી) કે.ડી. શાહ, રમણિકલાલ ગોસર, નરેન્દ્ર કોઠારી, પૃથ્વી શાહ, રજનીકાંત પારેખ અને દિલીપ દંડ*

સમિતિ તરફથી એક રંગારંગ કાર્યક્રમ તા. ૧૫-૦૬-૨૦૨૨ને બુધવારે સાંજે ૪.૦૦ વાગ્યાથી પાલડી ભવન ખાતે યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં કન્વીનરશ્રી દ્વારા સૌ વડીલોને આવકાર આપતા જણાવ્યું હતું કે આજનો કાર્યક્રમ એ યુગ્મ કાર્યક્રમ છે.

પ્રથમ ભાગમાં 'મેમોગ્રાફી' મશીનના ઉદ્‌ઘાટન નિમિત્તે દીપ પ્રાગટ્ય અને દાતાશ્રીઓનું બહુમાન.

શરૂઆતમાં મેમોગ્રાફી વિભાગના દાતાશ્રીઓ અને સંસ્થાના હોદ્દેદારો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવેલ હતું.

બીજા ભાગમાં વયસ્ક સમિતિના કાર્યક્રમની શરૂઆત 'હાઉસી'ની રમત સાથે થઈ હતી. સૌ વડીલોએ આનંદપૂર્વક હાઉસીની રમત માણી હતી અને વિવિધ ઈનામો મેળવી ખુશ થયેલ હતા.

ત્યારબાદ આપણા સમાજના જ સભ્ય અને કાર્ડિયોલોજિસ્ટ ડૉ. ધવલ દોશી દ્વારા 'હૃદયરોગને અટકાવવા તેમજ હૃદયરોગ થયા પછી સારવાર અને સાવચેતી' વિષય ઉપર સરળ ભાષામાં પોતાનું પ્રવચન આપ્યું હતું. તેમણે આ પ્રવચન દરમ્યાન ખાન-પાનની ટેવ, વ્યસનથી ગેરલાભ, બેઠાડું જીવન અને કસરતનો અભાવ વગેરે વિવિધ વિષયો ઉપર ઉંડાણપૂર્વક માહિતી આપી હતી. અંતમાં વડીલોના મનમાં ઊઠતાં પ્રશ્નોનાં સંતોષકારક જવાબ આપ્યા હતા. તેમનું બહુમાન સમાજના ઉપપ્રમુખ શ્રી શાંતિલાલ સાવલા દ્વારા કરવામાં આવેલ હતું.

ત્યારબાદ ગુજરાતી ભાષાના ખ્યાતનામ કવિ કે જેમણે દેશના વિવિધ સ્થળો ઉપરાંત વિદેશમાં પણ પોતાના કાવ્ય પઠનથી લોકોને ઉન્માદિત કરેલ છે, એવા કવિરત્ન શ્રી કૃષ્ણ દવેએ કાર્યક્રમમાં વડીલોના હૃદયના તારને ઝણઝણાવી નાખ્યા.

તેઓએ પ્રકૃતિની ગોદમાં રમતું ઝરણું, ઊગતી કૂંપળ, આકાશમાં તારલીયા અને ચાંદામામાની વાતોમાં બાળપણની કવિતાનું પઠન કર્યું. 'એક બિલાડી જાડી, તેણે પહેરી સાડી'ને વિશિષ્ટ રીતે રજૂ કરી સૌ વડીલોને બચપનમાં લઇ ગયા. ત્યારબાદ પ્રશ્નોત્તરીના સ્વરૂપમાં મહાભારતના પાત્રને કાવ્ય પંક્તિમાં ઢાળ્યા, એ કાબિલે દાદ હતું.

કવિતા દ્વારા સૌરાષ્ટ્રની સફર અને સાવજની કણક દ્વારા કરાવ સૌ વડીલોના મસ્તકને ડોલાવી દીધા. ત્યારબાદ વડીલોના જન્મ દિવસની માવા કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી. તેમજ તે વડીલોનું સંસ્થાના હોદ્દેદારો અને સભ્યો દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

સૌપ્રથમ શ્રી પૃથ્વી નરેન્દ્ર શાહ, ત્યારબાદ શ્રીમતી મંજુલાબેન દિનેશભાઈ પ્રેમચંદ શાહ, શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા અને શ્રીમતી હીરાવંતીબેન હરીશ કુરૂવાએ કેક કાપી જન્મદિનની ઉજવણી કરી ત્યારે સૌ વડીલોએ તાળીઓના ગડગડાટ અને હેપ્પી બર્થ-ડે ટુ યુ ના નારા સાથે કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા હતા.

*પોતાના જન્મ દિવસ નિમિત્તે –*

| | | |
|---|---|---|
| *૧.* | *શ્રી પૃથ્વી નરેન્દ્ર શાહ તરફથી* | *રૂા. ૧૧,૦૦૦/-* |
| *૨.* | *શ્રીમતી મંજુલાબેન દિનેશ શાહ તરફથી* | *રૂા. ૭,૫૦૦/-* |
| *૩.* | *શ્રીમતી હીરાવંતી હરીશ કુરૂવા તરફથી* | *રૂા. ૫,૬૫૪/-* |

નું દાન પ્રાપ્ત થયેલ હતું. ત્રણે દાતાશ્રીઓનું સમાજના હોદ્દેદારો અને સભ્યો દ્વારા બહુમાન કરવામાં આવેલ હતું.

અંતમાં રાષ્ટ્રગીત ગાઈ અને રસ-પૂરીના ભોજનની મજા માણી સૌ વડીલો છૂટા પડ્યા હતા.

***રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ***

*કરોડપતિ થવું વધારે જરૂરી છે? કે સુખી થવું વધારે જરૂરી છે? કરોડપતિ થવું ખરાબ નથી પણ તેના માટે આપણે જે બલિદાનો આપીએ છીએ તે બહુ મોટા હોય છે. એ ભૂલો આપણને મરણ પથારીએ પડીએ પછી જ તાદૃશ થાય છે. આ દેશમાં વૃદ્ધોથી વધારે કોઈ દયનીય નથી. બુઢાપામાં તેમને સમજાય છે કે તેમણે જીવન નકામી ભાગદોડમાં વેડફી નાખ્યું. જીવવાનું ચૂકાઈ ગયું. એના કરતા બહેતર છે કે પૈસા અને વસ્તુઓ પાછળ જરા ઓછું દોડી, જીવી લીધું હોત, માણી લીધું હોત તો વધારે સારું હતું.*

# આયુર્વેદ સારવાર

આપ સૌ સુવિદિત હશો કે આપણે ત્યાં – નવનીત મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન ખાતે આયુર્વેદિક ડિપાર્ટમેન્ટ પંચકર્મ વિભાગ સાથે ચાલુ થઈ ગયેલ છે.

આયુર્વેદના આ વિભાગમાં દરેક રોગોની દવા આપવામાં આવે છે અને તે પણ સામાન્ય દરે. જે દરેક લોકો માટે આશિર્વાદરૂપ છે. તથા તેમાં ખાસ કરીને ગોળીઓ, પાવડર તથા ઉકાળા આપણે આપીએ છીએ. ઉકાળાને ચા ની જેમ બનાવીને પીવાનો અમે આગ્રહ રાખીએ છીએ. જેના કારણે દરેક દર્દી પોતાનો અલગ પ્રકારનો ટેસ્ટ Develop કરી શકે.

આગળના અંકમાં આપણે જોયું કે આયુર્વેદ આપણું (લગભગ ૫૦૦૦ વર્ષ જૂનું) જ શાસ્ત્ર છે અને તેનાથી દરેક રોગોની સારવાર થાય જ છે. એક એવી માન્યતા છે કે આયુર્વેદની દવા ખૂબ લાંબો સમય કરવી પડે છે. પણ એવું ખૂબ ઓછા રોગોમાં બને છે. બાકી ૪-૬ મહિનામાં આયુર્વેદની દવાઓ રોગોને જડમૂળમાંથી દૂર કરે છે. તેનું એક કારણ એ છે કે જેમ આપણું શરીર આકાશ, વાયુ, તેજ, જળ, પૃથ્વીથી બનેલું છે તેમ દરેક વનસ્પતિ અને પૃથ્વી પણ આ પંચમહાભૂતથી બનેલી છે. તેથી જ્યારે આ દવાઓ લેવામાં આવે ત્યારે તે દવાઓ આપણા શરીરને સામ્ય બને છે અને અસર કરે છે.

અત્યારે જ્યારે આપણી પાસે શુધ્ધ હવા, અનાજ અને પાણી નથી ત્યારે રોગો થવાની સંભાવના ખૂબ વધી ગઈ છે અને કોરોના પછીની આડઅસરો પણ જોવા મળે છે. ત્યારે આયુર્વેદની દવાઓ સંજીવની બુટ્ટીની જેમ કામ કરે છે.

આપણા ડિપાર્ટમેન્ટમાં અત્યાર સુધીમાં ઘણા દર્દીઓ આવ્યા છે અને તેઓ સાજા થયા છે.

આ દર્દીઓમાં સ્કીન એલર્જી, કફ, શ્વાસ, માઇગ્રેન, એસિડિટી, ગેસ, અપચો, વાળાના રોગોમાં ઓછા વાળ, ફંગસ, ઈન્ફેક્શન, ખરતા વાળ, ટાલ વગેરેમાં લાભ મળ્યો છે.

અત્યાર સુધીમાં આપણે પંચકર્મ વિભાગ શરૂ કર્યો, કે જે લગભગ ૨ મહિનાથી કાર્યાન્વિત થયો છે. તેમાં સોમ, બુધ, શુક્રના સમયમાં ૪૦ જેટલી બસ્તી, ૩૦ જેટલા નસ્ય અને આ માસમાં જ શિરોધારા શરૂ કરેલ છે. છતાં પણ ૨૦ જેટલી શિરોધારા નોંધાયેલ છે. જેમાં વાળના Problems ઉપરાંત આપણે ડિપ્રેશન, ઊંઘની અનિયમિતતા, ખરાબ સ્વપ્ન અને અનિંદ્રાના કેસોને સામેલ કર્યા છે અને સફળતા મેળવી છે. વધુ જાણકારી, ઉપચાર, રોગો, ઉપદ્રવો અને પરેજી માટે આપણે આગળના અંકોમાં મેળવીશું.

***અંતમાં – સર્વે સુખિના સંતુ, સર્વે સંતુ નિરામયાની શુભેચ્છા સાથે....***

***– ડૉ. ગાર્ગી વસાવડા (સંગોઈ)***
***E-mail : info@ayuraksha.com***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## યુવા વિકાસ સમિતિ

યુવા વિકાસ સમિતિ દ્વારા ગત બે મહિનામાં ઘણા પ્રોગ્રામો અપાયેલ હતા. જેમાં તા. ૨૪-૦૪-૨૦૨૨ના રોજ 'પહેલું સુખ તે જાતે નર્યા' સમજી એક Cyclothon નો પ્રોગ્રામ રાખેલ હતો. જેમાં ભાગ લેનારે સવારે ૬.૦૦ વાગે સાબરમતી રીવરફ્રન્ટ ખાતે ભેગા થઇ ૧૨ કિ.મી. લાંબી સાઈકલીંગ કરેલ હતી અને ત્યારબાદ નાસ્તો લઇ છૂટા પડ્યા હતા.

તા. ૫-૦૬-૨૦૨૨ રવિવારના રોજ યુવા વિકાસ સમિતિ દ્વારા કચ્છી જૈન સેવા સમાજના વિદ્યાર્થીઓને ચોપડા વિતરણના કાર્યક્રમનું આયોજન કરેલ હતું. જેમાં સમાજના વિદ્યાર્થીઓને ખરીદ કિંમત ઉપર રાહત દરે ચોપડા વિતરણ કરેલ હતું. જેમાં લાભ લેનારને વિદ્યાર્થી દીઠ બે ડઝન ચોપડા આપવામાં આવેલ હતા અને વધુ ચોપડા જોઈતા હોય તેમને મૂળ કિંમતે (જે બજાર કરતાં અડધી કિંમત હતી) આપેલ હતા.

તા. ૧૯-૦૬-૨૦૨૨ના રોજ યુવા વિકાસ સમિતિ દ્વારા એક "Drawing and Art Exhibition"નો પ્રોગ્રામ રાખેલ હતો. જેમાં ભાગ લેનારે ઉલ્લાસભેર પોતાની કળા ઉજાગર કરેલ હતી. આ પ્રોગ્રામ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - પાલડી ખાતે રાખેલ હતો અને આ કાર્યક્રમમાં છાયાબેન દેઢિયાએ ખાસ હાજરી આપેલ હતી અને તમામ ભાગ લેનારાઓને માર્ગદર્શન આપેલ હતું અને ચિત્રકલામાં આગળ કેવી રીતે પ્રગતિ કરવી તે પણ જણાવ્યું. તમામ ભાગ લેનારને આપણા સમાજના મંત્રી અને સહમંત્રીના હસ્તે પ્રમાણપત્ર આપવામાં આવેલ હતા. આ પ્રદર્શનમાં સમાજના ઘણા લોકોએ આવી, ભાગ લેનારાઓને ઘણા પ્રેરીત કર્યા.

### ● આગામી કાર્યક્રમ ●

યુવા વિકાસ સમિતિ દ્વારા રવિવાર, તા. ૭-૦૮-૨૦૨૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે બપોરે ૧ થી રાતના ૯ વાગ્યા સુધી "કચ્છી વિકાસ મેળો"નું આયોજન કરવાનું નક્કી કરેલ છે. જેમાં ફક્ત કચ્છી જૈન મેમ્બર જે તે વસ્તુનું વેચાણ કરવા ઇચ્છિત હોય તેમને ટેબલ બુકિંગની વિગત માટે ધનરાજભાઈ દેઢિયા (મો. ૮૯૮૦૦ ૪૮૮૩૪) અને કૃપાલી રાંભિયા (મો. ૯૦૮૧૮ ૧૭૮૧૪)નો સંપર્ક કરી જાણકારી લેવી અને બુકિંગ કરાવી લેવું.

આ મેળામાં તમે તમારા મિત્રો અને સંબંધીઓને પણ આમંત્રિત કરી શકો છો – Open for All.

***નોંધ*** *:* ટેબલ બુકિંગ ફક્ત કચ્છી જૈનને જ ફાળવવામાં આવશે પણ મેળાની મજા માણવા બધાને આમંત્રિત કરી શકો છો. લિમિટેડ ટેબલ હોવાથી વહેલા તે પહેલાના ધોરણે બુકિંગ કરાવવું જરૂરી છે.

**ચૈતન્ય બચુભાઈ રાંભિયા - કન્વીનર, યુવા વિકાસ સમિતિ**
**મો. ૯૦૮૧૮ ૧૭૮૧૫**



*સાયક્લોથોનમાં ભાગ લેનાર પ્રતિસ્પર્ધીઓ, યુવા વિકાસ સમિતિના હોદ્દેદારો અને સભ્યો.*



*(ઉપર) ચિત્ર હરીફાઈમાં ભાગ લેનાર પ્રતિસ્પર્ધીઓ અને યુવા વિકાસ સમિતિના હોદ્દેદારો અને સભ્યો. ભાગ લેનાર વ્યક્તિઓને સર્ટીફિકેટ આપતા (ડાબેથી) નરેન્દ્ર કોઠારી, રજનીકાંત પારેખ અને છાયાબેન*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## મહિલા ઉત્કર્ષ સમિતિ

**મહિલા ઉત્કર્ષ સમિતિ**
**અને**
**રોટરી ક્લબ ઓફ અમદાવાદ - વાસણના**
**સંયુક્ત ઉપક્રમે**
**"Hair Donation for Cancer Patients"**
**વિષયની જાગૃતિ ફેલાવતો એક સેમિનાર**
**તા. ૭-૬-૨૦૨૨ના રોજ એક ધમાકેદાર Game Show**
**સાથે યોજાઈ ગયો**

નારી શક્તિને વંદન કરતા ઉપરોક્ત કાર્યક્રમની શરૂઆત થઈ હતી. કાર્યક્રમમાં પધારેલ રોટરી ક્લબના હોદ્દેદારો, Hair Donors અને કંઈક નવું શીખવા - જાણવા હાજર દર્શક બહેનો – આ સૌને મીઠો આવકાર અપાયો હતો. સૌપ્રથમ સૌ બહેનોને ખુશખબર અપાઈ હતી કે કેન્સર જાગૃતિ અભિયાન હેઠળ આટલા વર્ષોથી આપણે સૌ મેમોગ્રાફી ટેસ્ટ કરાવવા બહાર જતા (C.O.C. / Scientific Lab વગેરે). પરંતુ હવે ક્યાંય જવાની જરૂર નહીં પડે. મેમોગ્રાફી મશીન આપણા જ ઘર આંગણે એટલે કે મેડિકલ સેન્ટરમાં આવી ગયું છે. ચાલો, ખુશીથી વધાવીએ... દર વર્ષે સ્તન કેન્સર માટેનો ટેસ્ટ કરાવીશું. આ ઉમ્મીદ સાથે આજના વિષય તરફ....

વાળ, એ સ્ત્રીની સૌંદર્યતાનું એક ઘરેણું છે, આભૂષણ છે. પણ જ્યારે એ એકદમ ખરી પડે ત્યારે? કેન્સર જેવા જીવલેણ રોગનો ભોગ બનો ત્યારે? આ સવાલનો જવાબ એ જ આજનો વિષય – "Hair Donation for Cancer patients."

રોટરી ક્લબ એક વિશ્વવ્યાપી સેવાકીય સંસ્થા છે. જેની અસંખ્ય શાખાઓ દુનિયાભરમાં કાર્યરત છે. એમાંની એક – રોટરી ક્લબ ઓફ અમદાવાદ - વાસણા, એ હેર ડોનેશન માટે ઝુંબેશ ઉપાડેલ છે. જેના ઝુંબેશકર્તા છે – શ્રીમતી હીના શાહ (યોગા ટ્રેઈનર). જેમણે Hair ડોનેટ કરવા પાછળનું કારણ અને આખી પ્રક્રિયા – વાળ દાનથી વાળની વિગ એક કેન્સર પેશન્ટને પહોંચે ત્યાં સુધીની સમજાવી હતી.

એમની સાથે Entrepreneur શ્રીમતી અમિષા ઝવેરી જોડાયા હતા. જેઓ હાલમાં આસિસ્ટન્ટ ગવર્નર (ઝોન-૨) તરીકે સેવા આપી રહ્યા છે. એમણે રોટરી ક્લબના કાર્યક્ષેત્રો જેવા કે Maternal & Child Health, support environment, water sanitation, basic education & literacy, disease prevention & treatment વગેરે ઉપર સમજણ આપી હતી.

રોટરી ક્લબમાં ૨૦૦૪થી કાર્યરત એવા શ્રીમતી રૂપલ શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. જેઓ હાલમાં સેક્રેટરી તરીકે સેવા આપી રહ્યા છે. એમણે પોતાનાં કાર્યક્ષેત્ર વિશે વાત કરતાં જણાવ્યું હતું કે તેઓ નાના નાના ગામડાંઓમાં શાળાઓ adopt કરવાનું, રીનોવેટ કરવાનું અને ખાસ છોકરીઓને દરેક રીતે પાયાની સમજ સાથે શિક્ષિત કરવાનું એટલે કે છેવાડાની બહેનોને શક્ય હોય એટલી મદદ કરવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે. એમણે પોતાના પતિ શ્રી દેવેન શાહ (જેઓ રોટરી ક્લબ ઓફ વાસણાના પ્રેસિડેન્ટ છે અને ગીતા મંદિર ખાતેના ડાયાલિસિસ સેન્ટરના પ્રણેતા પણ) સાથે વૃક્ષારોપણ મિયાંવાંકી પદ્ધતિવાળો, "રોટરી-વન" નામનો પ્રોજેક્ટ હાથ ધરેલ છે. આ દંપતીની સેવા ખૂબ સરાહનીય છે.

આ ત્રણેય મહેમાનોએ આપેલ જાણકારી બહેનો માટે ઘણી ઉપયોગી અને પ્રેરણાદાયી રહી હતી.

ત્યારબાદ, સંસ્થાના ટ્રસ્ટી શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહે Hair Donor તરીકે પોતાનો અનુભવ શૅર કર્યો હતો. એમનો મુખ્ય હેતુ એક કેન્સર પેશન્ટના ચહેરા ઉપર મુસ્કાન કે સ્મિત લાવવાનો છે. આ વિષય માટે જાગૃતિ લાવવા તત્પર છે. એમના અનુભવની રજુઆત એટલી પ્રેરણાદાયી હતી કે એક બહેન તરત જ પોતાના વાળ ડોનેટ કરવા તૈયાર થઈ ગયા હતા. બીજા બે વડીલ Hair donor બહેનો પણ હાજર રહ્યા હતા.

માત્ર ૮ વર્ષની, આપણા જ સમાજની દીકરી મોક્ષા મીનલ ધનરાજ દેઢિયાએ પણ Madat Charitable Trust દ્વાર વાળ ડોનેટ કર્યા હતા. એ કાર્યક્રમનું આકર્ષણ બની ગઈ હતી.

આ બધા જ Hair Donors ને રોટરી ક્લબ ઓફ અમદાવાદ - વાસણા તરફથી સર્ટીફિકેટ અને ટ્રોફી અપાયા હતા. સૌએ તાળીઓથી વધાવ્યા હતા.

કાર્યક્રમના ઉત્તરાર્ધમાં કમિટી મેમ્બર્સે સૌ બહેનોને અવનવી ગેમ્સ રમાડીને ખુશ કરી દીધા હતા. સમયસર આવનાર બહેનોને લક્કી ડ્રો પદ્ધતિથી ઈનામો અપાયા હતા. ગેમ્સના વિજેતાઓને કાર્યક્રમમાં હાજર રહેલા વડીલ બહેનોના હસ્તે ઈનામો અપાયા હતા.

સમિતિની પ્રણાલી મુજબ પોતાની અલગ પહેચાન ઊભી કરવા માંગતી બહેનો આ પ્રમાણે...

***૧. યશ્વી પૂજ – Hand made soaps***
***૨. વૈભવી શાહ – વોશિંગ મશીન લીક્વીડ અને અન્ય***
***૩. મનીષા મહેતા – મેગ્નેટ થેરાપી પ્રોડક્ટ્સ***

૪. કલ્પના ગડા – નેચરલ શરબત

૫. અવની શાહ – કચ્છની કેસર કેરી / નોટબુક્સ

૬. મનીષા સંગોઈ – આયુર્વેદિક પ્રોડક્ટ્સ

૭. રૂપલ ગોસર – વિવિધ પ્રકારના ખાખરા

૮. જયશ્રી કુરૂવા – ટપ્પરવેર પ્રોડક્ટ્સ

૯. કચ્છ ઓર્ગેનિક્સ – કેમિકલ ફ્રી પ્રોડક્ટ્સ

છેલ્લે કચ્છ ઓર્ગેનિક્સની પ્રવૃત્તિ વિશે મહેમાનોને માહિતગાર કરાયા હતા. સૌ બહેનોને કચ્છ ઓર્ગેનિક્સ સાથે જોડાયેલા રહેવા વિનંતી પણ કરાઈ હતી.

રોટરી ક્લબના હોદ્દેદારો આવા ઘણા સમાજ ઉપયોગી કાર્યો કરતા રહે એ માટે સમિતિ તરફથી શુભકામના અને હાજર રહેલ બહેનો હેર ડોનેશનનો પ્રચાર - પ્રસાર કરતા રહે એવી આશા અને આભારની લાગણી સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો.

*સમિતિની પ્રવૃત્તિઓની જાણકારી મેળવવા*
***WhatsApp Group @ 80009 72969** જોડાઓ*

***શ્રીમતી સુલુ જલદીપ શાહ - કન્વીનર***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સમિતિઓનાં કાર્યોનો ટૂંકો અહેવાલ

### વયસ્ક સમિતિ

સમિતિ દ્વારા તા. ૧૫-૦૬-૨૦૨૨ના રોજ એક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. તેમાં ૧૫૦ જેટલા વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

સૌપ્રથમ ડૉ. ધવલ દોશી (કાર્ડિયોલોજિસ્ટ) દ્વારા પ્રવચન આપવામાં આવ્યું હતું. તેમણે હૃદયરોગને આવતો કેમ અટકાવી શકાય અને જો આવી જાય તો ત્યારબાદ શું સાવચેતી રાખવી તેની રસપ્રદ માહિતી આપી હતી.

ગુજરાતના ખ્યાતનામ કવિ શ્રી કૃષ્ણ દવેએ પોતાની કવિતા વડે વડીલોને બાળપણમાં લઈ જઈ આનંદથી તરબોળ કર્યા હતા. વિવિધ વડીલો કે જેમનો જૂન મહિનામાં જન્મ દિવસ હતો, તેમના હસ્તે કેક કપાવીને તેમનો જન્મ દિવસ ઉજવવામાં આવ્યો હતો. અંતમાં ભાવતા ભોજન લઈને સૌ છૂટા પડ્યા હતા.

### મહિલા ઉત્કર્ષ સમિતિ

સમિતિ તરફથી તા. ૦૭-૦૬-૨૦૨૨ના રોજ એક કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં રોટરી ક્લબ ઓફ અમદાવાદ - વાસણાના સભ્યો હાજર હતા. તેમણે કેન્સરના પેશન્ટ માટે વાળ ડોનેટ કરવાની જરૂરિયાત સમજાવી હતી.

આ ઉપરાંત શાળા એડોપ્ટ કરવા, વૃક્ષારોપણ વગેરે પ્રવૃત્તિઓ અંગે માહિતગાર કર્યા હતા.

આપણા સમાજના શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ અને મોક્ષા ધનરાજ દેઢિયાએ વાળ ડોનેટ કર્યા હતા. તે બદલ તેઓને રોટરી ક્લબ તરફથી ટ્રોફી અને સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા.

### નવા પ્રોજેક્ટ સમિતિ

અંબુજા ફાઉન્ડેશનની ગાંધીનગર સ્થિત સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ઈન્ચાર્જ શ્રી રામસિંગભાઈ ચૌહાણ અને નાગપુર સ્થિત શ્રી મહેન્દ્રભાઈ પટેલ આપણી સંસ્થાની મુલાકાતે આવ્યા હતા.

પાલડી ખાતે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ અને શ્રી હિરેન કે. શાહ સાથે મીટિંગ કરી હતી અને જણાવ્યું હતું કે તેઓ યુવાન દીકરા-દીકરી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સુધી આવે તે માટે તેઓના ઘરે જઈ મા-બાપને સમજાવવાથી કાર્યક્રમની શરૂઆત કરી આપે છે અને સ્કીલ ડેવલપમેન્ટના વર્ગો ભરાય ત્યાં સુધી મહેનત કરવાની તેઓ બાંહેધરી આપે છે. આ ઉપરાંત વિવિધ કોર્સ કર્યા પછી તેઓ નોકરી આપવાની જવાબદારી પણ નિભાવે છે.

ત્યારબાદ એસ.ટી. ભવનની મુલાકાત લીધી હતી અને તેમણે અભિપ્રાય આપ્યો હતો કે આ સ્થળે નર્સિંગ આસિસ્ટન્ટ તેમજ એ.સી., ફ્રીજ કે વોશિંગ મશીનના કોર્સ સારી રીતે ચલાવી શકાય તેમ છે.

### યુવા વિકાસ સમિતિ

સમિતિ દ્વારા તા. ૨૫-૦૫-૨૦૨૨ના રોજ રીવર ફ્રન્ટ ઉપર સાયક્લોથોનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

તા. ૦૫-૦૬-૨૦૨૨ના રોજ ચોપડા વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

તા. ૧૯-૦૬-૨૦૨૨ના રોજ ડ્રોઈંગ એન્ડ આર્ટ એક્ઝીબિશનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

***આગામી કાર્યક્રમ*** : તા. ૦૭-૦૮-૨૦૨૨ના રોજ કચ્છી વિકાસ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

## લાઇબ્રેરી સમિતિ

તા. ૧૪-૦૫-૨૦૨૨ના રોજ મળેલ મીટિંગમાં લાઈબ્રેરીનો વ્યાપકપણે ઉપયોગ થાય તે માટેના વિવિધ પગલા લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

## સામાજિક સુરક્ષા, મેડિકલ સહાય અને બાલ સમૃધ્ધિ સમિતિ

સમિતિને વિવિધ અરજીઓ મળેલ હતી કે જેમાં સભ્યશ્રીઓની આવેલ ત્રણ અરજીઓ, સ્ટાફ મેમ્બર્સની આવેલ બે અરજીઓ પર નિર્ણય લઈ તેમને સહાય કરવામાં આવેલ હતી.

આ ઉપરાંત જે એક સભ્યની મળેલ મેડીક્લેઈમના પ્રીમિયમમાં રાહત આપવા માટેની અરજીને મંજૂર કરી યોગ્ય સહાય આપવામાં આવી હતી.

બાલ સમૃધ્ધિની પાંચ અરજીઓ આવેલ હતી. સમાજ તરફથી દરેક બાળકને રૂા. ૧૫,૦૦૦/-ના મ્યુ. ફંડના સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા.

## મેડિકલ સમિતિ

મેડિકલ સેન્ટરમાં મેમોગ્રાફી - કમ સોનોગ્રાફી મશીનનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઇ.એન.ટી. વિભાગમાં કાનની સારવાર માટે માઈક્રોસ્કોપ અને નાક અને ગળાની એન્ડોસ્કોપી મશીનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઓડિયોગ્રામ રૂમનું કામકાજ ચાલુ છે અને ટૂંક સમયમાં ઓડિયોગ્રામની સારવાર શરૂ થઈ જશે. ફિઝીયોથેરાપી વિભાગમાં ડાયાથર્મી અને અલ્ટ્રાસાઉન્ડ મશીનો ખૂબ જ જૂના હોવાથી બે નવા મશીનો લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. સમાજના સભ્યો માટે અલાયદી બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાનું કાર્ય ચાલુ છે. બી.પી. માપવા અને પેશન્ટની હિસ્ટ્રી લેવા માટે ડોક્ટરની નિમણૂંક કરવામાં આવી છે. એસ.ટી. સ્ટેન્ડ ખાતે ડાયાલિસિસ સેન્ટરમાં એમ.બી.બી.એસ. ડોક્ટરની નિમણૂંક કરવામાં આવી છે અને ત્યાં જનરલ પ્રેક્ટિસ શરૂ કરવામાં આવેલ છે.

## ભવન સમિતિ - પાલડી

પાલડી ભવન ખાતે ગ્રાઉન્ડ ફ્લોર પર મેનેજરની કેબિન પાછળ – મંગલ મંદિર, સભ્યપદ સમિતિ અને બાલ સમૃધ્ધિ સમિતિ વગેરેના સાહિત્ય માટે એક ઓફિસ બનાવવામાં આવી.

પાલડી ભવન, એસ.ટી. ભવન અને શાહીબાગના ભવન ખાતે એ.સી. સર્વિસ અને રીપેરીંગનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો.

મેડિકલ સેન્ટરમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજના પરિવાર માટે એક અલાયદા વેઈટીંગ રૂમની સગવડ તૈયાર કરવાનું કામ શરૂ કરવામાં આવેલ છે.

ભવનના ચોથા માળની પાઈપ-લાઇનમાં લીકેજ હોવાથી તેને બદલવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

મેમોગ્રાફી તેમજ ઇ.એન.ટી. રૂમમાં જરૂરી નવું ઈલેક્ટ્રીક કેબલિંગ વર્ક કરવામાં આવ્યું.

એસ.ટી. ભવન પર પાણીના લીકેજને લીધે વારંવાર ઉડી જતી લાઇટના ફોલ્ટને દુરસ્ત કરવામાં આવ્યું.

## ભવન સમિતિ - શાહીબાગ

ટોરેન્ટ પાવર તરફથી હાલની મીટરની જગ્યા નવા નોર્મ્સ પ્રમાણે નહીં હોવાથી તેને બદલવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી. ત્યાંના પેસેજમાં જરૂરી કલરકામ કરવામાં આવ્યું.

ડાયાલિસિસ સ્ટોર રૂમમાં આવતા લીકેજને દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી.

જ્યાં વધારાના સીસીટીવી કેમેરાની જરૂરિયાત હતી ત્યાં નવા કેમેરા નાંખવામાં આવ્યા.

કચ્છથી આવતા ૭ દર્દીઓને રાહત દરે રૂમોની સગવડ પૂરી પાડવામાં આવી. આ ઉપરાંત પરીક્ષા આપવા આવતા વિદ્યાર્થીઓને રાહત દરે રહેવાની સુવિધા આપવામાં આવી.

જરૂરિયાતવાળા ૪૫૦ દર્દીઓને ચા-નાસ્તો અને બંને સમયે ભોજનની સુવિધા પૂરી પાડવામાં આવી.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે...

| | |
|---|---|
| **એકાઉન્ટ નામ** | **: શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ** |
| **Account Name** | **: Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad** |
| **બેંકનું નામ** | **: કેનેરા બેંક – પાલડી બ્રાંચ, અમદાવાદ** |
| **Bank Name** | **: Canara Bank, Paldi Branch, Ahmedabad.** |
| **A/C No. :** | **: 70072010016032 • IFSC : CNRB0017007** |

*જ્યારે પણ રકમ મોકલાવવામાં આવે ત્યારે તેની જાણ મેનેજરને વૉટ્સએપ નંબર : ૯૯૨૪૦ ૮૭૬૫૪ પર કરવી જરૂરી છે.*

# આંજો કાગર

*પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

આપની અને આપ સૌ પરિવારજનોની કુશળતા ચાહિયે છીએ.

આપશ્રીની સંસ્થાના બેઝમેન્ટના હોલમાં તાજેતરમાં વિવિધ ક્ષેત્રે સેવાભાવી પ્રવૃત્તિઓ કરતા સામાજિક કાર્યકરોના મિનિ સ્નેહ મિલનના આયોજનમાં આશરે ૫૦ને બોલાવેલા, ૩૫ આવેલા / મળ્યા.

આપના સંકુલમાં સુંદર મજાની રહેવાની સુવિધા મળી.

છેલ્લા ૨૦ વરસથી આપના આ સમાજના મુલાકાત લઉં છું. મુંબઈથી ટ્રેન કે એમ્બ્યુલન્સમાં આવી રાતવાસો કરૂં છું. સવારના મજાની કેન્ટીનનો લાભ લઉં છું. યાત્રિકની સુવિધાર્થે સંકુલમાં બધીય સગવડતા દર્દી નારાયણને આશીર્વાદસમી કિડની ડાયાલિસિસ સેન્ટરોની પણ મેં મુલાકાત લીધી છે અને ખરેખર એ સત્કાર્ય બદલ ગૌરવ અનુભવું છું.

આપશ્રીની આ બધીય સુવિધાઓને કારણે જ ગુજરાતમાં મુંબઈથી મારૂં કાર્યક્ષેત્ર વિકસાવી શક્યો છું, જેનો ગર્વ અનુભવું છું

મેડિકલ સેન્ટર વિશે પણ લોકોને જણાવું છું. નાનકડી પબ્લિસિટી કરું છું.

શ્રી કે.ડી. શાહ અને શ્રી વિમેશ શાહ પણ સ્નેહ મિલનમાં પધારેલ અને સંસ્થા વિશે લોકોને માહિતી આપેલ.

હાર્દિક અભિનંદન. અનેક શુભકામનાઓ પાઠવું છું.

આપશ્રીના સહયોગ બદલ હાર્દિક આભાર વ્યક્ત કરું છું.

***કે. સી. લુઢિયા, ટ્રસ્ટી 'માનવ જ્યોત'***

★

સૌપ્રથમ શ્રી મહેન્દ્રભાઈને 'મંગલ મંદિર'ની તંત્રીશ્રીની જવાબદારી સંભાળવા માટે ખૂબ ખૂબ અભિનંદન! આ કામ ખૂબ જ જવાબદારીભર્યું છે કારણકે ૨૨ વર્ષ સુધી મેં આ કામ કરેલ છે. જેથી આ જવાબદારી નિભાવવા માટે સતત મહેનત કરવી રહી. હું આશા રાખું કે તમે આ કાર્યમાં સફળ થશો જ.

છેલ્લા ૮ મહિનાથી અમદાવાદની બહાર એટલે કે મુંબઈ છીએ. 'મંગલ મંદિર' જૂન-૨૦૨૨નો અંક ગઈકાલે એટલે કે તા. ૨૫-૬-૨૦૨૨ના મને મળ્યો. તા. ૫મી ના પોસ્ટ થયેલ અંકને અમદાવાદથી મુંબઈ પહોંચતા ૨૦ દિવસ લાગ્યા. છે ને ટપાલ ખાતાની બલિહારી! ખેર!

અંક હાથમાં આવતા જ પહેલા પાનાથી છેલ્લા પાના સુધી નજર કરી તો એવું અનુભવ્યું કે જાણે અમદાવાદમાં જ છીએ. સમાજમાં શું શું બની રહ્યું છે, એનું તાદશ પિક્ચર નજર સમક્ષ આવી ગયું. ખૂબ જ સુંદર!

સમાજના મુખપત્રમાં મુખ્ય વાત સમાજની જ હોવી જોઈએ. જે આ અંકમાં અક્ષરસઃ સાચી ઠરે છે. સમાજમાં શું બની રહ્યું છે, સમાજની સમિતિઓ કઈ રીતે કામ કરે છે, સમાજના હોદ્દેદારો સમાજમાં કંઈક નવું કરવા કેટલા ઉત્સાહી છે — આ બધું જ સમાજના લોકોને ખ્યાલ આવે એ જ તો મુખપત્રનું કામ છે!

સમાજના લોકો પણ થોડા જાગૃત બને, સમાજ થકી થયેલા સારા કામોની કદર કરે, કંઈક નવા નવા સજેશનો આપે, તો કામ કરનાર વ્યક્તિનો જુસ્સો જળવાઈ રહે અને બે ગણા ઉત્સાહથી કામ કરી શકે.

'નવનીત પરિવારની ગૌરવગાથા'માંથી સમાજના યુવાનોને એક બોધપાઠ મળે છે કે, 'કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.' 'સંપ ત્યાં પ્રગતિ આપોઆપ.' આવી ગૌરવગાથાઓ દર મહિને પ્રસિધ્ધ થવી જોઈએ. શ્રીમાન શ્રી લાલજીભાઈની સમજદારી, કે ***"સુખમાં બધા કુટુંબીઓએ રહેઠાણની રીતે જુદા જુદા રહેવું સારૂં, જેથી કુટુંબમાં કલેશ ન થાય"*** — કેટલી સાચી સમજણ!

તો સમાજના યુવાનોને સારૂં અને સાચું માર્ગદર્શન મળે એવું કંઈક છાપતાં રહો એવી અંતરની અભિલાષા....

***— ચંદ્રિકા દેઢિયા***

★

*માનનીય મેનેજરશ્રી*
*શ્રી કચ્છી જૈન ભવન - અમદાવાદ*

આપને જાણ કરવાની કે અહીં અમો તા. ૨૭-૫-૨૦૨૨ના રોજ આવેલ અને અહીંની વ્યવસ્થા તથા ચોક્ખાઈ અને ભોજનાલય વ્યવસ્થા અતિ સુંદર છે. અમોને મુંબઈમાં અમારા કચ્છી ગૂર્જર જ્ઞાતિ સમાજમાં આ બાબતો અંગે જાણ કરશું. ખૂબ જ ઈમ્પ્રેસ થયેલ છીએ.

***ભૂપેન્દ્ર શાહ પરિવાર***
***મો. ૯૯૨૦૫ ૫૯૦૫૦***

★

'મંગલ મંદિર' જૂન-૨૦૨૨નો અંક એક બેઠકે વાંચવા મજબૂર થવું પડે એવો બેનમૂન છે. તંત્રીશ્રી અને સંપાદક મંડળની

જહેમત દેખાય છે. પછી એ યાદગાર પ્રસંગ હોય, કોઠારા-નલિયાના જિનાલય હોય, ભારતમાતાના મંદિરનો લેખ હોય, હૃદયસ્પર્શી રમેશ મનોરોગીનો કિસ્સો હોય, ગજિયો અને પીર અબ્બાસ અલીની વાત હોય કે વિશ્વ યોગ દિવસની વાત હોય... લેખકો અને સંશોધકોએ ચાર ચાંદ લગાવી દીધા છે. છેલ્લા કવર પેજ પર ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના પ્રવાસના પુસ્તકોની યાદી મન મોહી ગઈ. પુનઃ અભિનંદન.

*ડૉ. દિનેશભાઈ જોશી - નલિયા*

★

**Parenting Club – Feedback**

I am so glad that I came across this parenting club.

Feels good that you'll have taken such good initiative for Society.

One to one counselling with Mr. Shailendra Gupta was very motivating as well as the content in the session. Awaiting for the next session. Thank you so much.

***Priyanka H. Joshi***
***M. : 95101 01019***

# અન્ય સંસ્થાઓના સમાચાર

## વર્ષ ૨૦૨૨ના કચ્છ-શક્તિ નેશનલ એવોર્ડ જાહેર

કચ્છ-શક્તિ વર્ષ ૨૦૨૨ની પસંદગી સમિતિની મીટિંગ તાજેતરમાં મળી હતી. જેમાં નીચે મુજબના નામો કચ્છ-શક્તિ નેશનલ એવોર્ડ ૨૦૨૨ માટે નક્કી થયા હતા, જે કન્વીનર હેમરાજ શાહે જાહેર કર્યા છે.

*કચ્છ રત્ન ઍવોર્ડ : પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ - થાનગઢ*
*સમાજરત્ન ઍવોર્ડ : મિરાજભાઈ શાહ - કોલકત્તા*
*વિરેનભાઈ જવાહર મહેતા - કોલકત્તા*
*સિને સ્ટાર ઍવોર્ડ : કુ. હેતલ ઠક્કર, દૂધઈ, કચ્છ*
*સાહિત્ય ઍવોર્ડ : માવજી મહેશ્વરી - કચ્છ*
*રમતગમત ઍવોર્ડ : કુ. રીધમ મામણિયા - મુંબઈ*

## પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇના માર્ગદર્શન હેઠળ ચાર સાધ્વીજીઓને પ્રાપ્ત થયેલી ડોક્ટરેટની પદવી

તાજેતરમાં એક સાથે ચાર જૈન સાધ્વીઓને ડૉ. કુમારપાળ દેસાઈના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત થઈ છે. હાલમાં લાડનુ યુનિવર્સિટીના પ્રોફેસર એમિરેટ્સ તરીકે ચાર સાધ્વીજીઓએ એક સાથે પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. સાધ્વી દર્શનનિધિશ્રીજી મહારાજ સાહેબે 'જૈન ધર્મદર્શન મેં ધ્યાન-વિષયક વિવેચન (પિંડસ્થ-પદસ્થ-રૂપસ્થ-રૂપાતીત કે સંદર્ભ મેં)' એ વિષય પર વિસ્તૃત મહાનિબંધ લખીને આ પદવી પ્રાપ્ત કરી છે. સાધ્વી કાવ્યનિધિશ્રીજી મહારાજે 'જૈન ધર્મ દર્શનમાં કાયોત્સર્ગ કા સ્વરૂપ વિવેચન' એ વિષય પર મહાનિબંધ લખીને પરમાત્માની સાધનાના મુખ્ય કેન્દ્ર સમા કાયોત્સર્ગ વિશે વ્યાપક અભ્યાસ કર્યો છે. સાધ્વી વિરાગદષ્ટાશ્રીજીએ 'આચાર્ય જયંતસેનસૂરિ મહારાજના ગદ્ય-પદ્ય સાહિત્ય મેં અધ્યાત્મવાદ' એ વિષય પર રાષ્ટ્રસંત આચાર્યશ્રીના સાહિત્યસર્જન, કાવ્ય સાહિત્ય, આગમ સાહિત્ય, ઇતિહાસ અને શાસન પ્રભાવનાના કાર્યો જેવા વિષયો પર કાર્ય કર્યું છે. સાધ્વી પ્રિયંવદા મહાસતીજીએ 'અપરિગ્રહ કા સિદ્ધાંત ઓર વર્તમાન સમયમેં ઉસકી ઉપયોગીતા' એ વિશે વિસ્તૃત મહાનિબંધ લખ્યો છે.

## વિષ્ણુ પંડ્યાને રાષ્ટ્રીય એવોર્ડ

ગુજ.સા. અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાને સ્વ. માધવરાય સપ્રે રાષ્ટ્રીય એવોર્ડ એનાયત થશે. આ કાર્યક્રમમાં વિષ્ણુ પંડ્યા ગુજરાતી પત્રકારત્વની યાત્રા અને ભારતીય પત્રકારત્વ અંગે ડૉ. હરિવંશ વાત કરશે.

## નિહારીકા ફોટો સોસાયટી - અમદાવાદ

નિહારીકા ફોટો સોસાયટી - અમદાવાદ દ્વારા તા. ૧૧-૬-૨૦૨૨થી તા. ૧૫-૬-૨૦૨૨ દરમિયાન કચ્છના યુવા સોલો ટ્રાવેલર શ્રી વરૂણ સચદેએ વિશ્વના ૩૬ દેશો તથા દેશના ૨૪ રાજ્યોના કરલ પ્રવાસ દરમિયાન લીધેલ ફોટોગ્રાફસનું ૫ દિવસીય પ્રદર્શન લલિત કલા એકેડેમિ, અમદાવાદ મધ્યે યોજવામાં આવેલ.

ઉદ્ઘાટા શ્રી સુરેન્દ્રભાઈ પટેલ (વિશાલાવાળા)એ જણાવેલ કે, 'સાધુ તથા કલાકારનું કૂળ પૂછવાનું ન હોય. તે તેમના કામમાંથી જ પ્રગટ થતું હોય છે. તે જ રીતે શ્રી વરૂણ સચદેએ ૭ વર્ષ દરમ્યાન કરેલ પ્રવાસો તથા કાર્ય તેમના ફોટોગ્રાફસમાં સ્વયં પ્રદર્શિત થાય છે.'

અતિથિ વિશેષ નેશનલ એજ્યુકેશન ઓફ ડિઝાઈનિંગના પૂર્વ પ્રોફેસર શ્રી પરમાનંદ દલવાણીએ જણાવેલ કે, 'ફરવાથી જે જ્ઞાન મળે છે તેટલું જ્ઞાન ચોપડીઓ વાંચવાથી મળતું નથી. શ્રી વરૂણ સચદેના ફોટોગ્રાફ્સ જોઈને જ ખ્યાલ આવે છે કે તેઓ કેવું અને કેટલું ફર્યા છે તથા તેમની આ યાત્રાઓ દરમિયાન મેળવેલ જ્ઞાન તેમના ફોટોગ્રાફ્સમાં જોઈ શકાય છે. તેમના ફોટોગ્રાફ્સ જ તેમનું ક્વોલિફીકેશન દર્શાવે છે. તેમના ફોટોગ્રાફ્સ તેમની પહેચાન છે.'

નિહારીકા ફોટો સોસાયટીના પ્રમુખ શ્રી વ્રજભાઈ મિસ્ત્રીએ પોતાના વક્તવ્યમાં જણાવેલ કે, 'નિહારીકા ફોટો સોસાયટીની સ્થાપના ૧૯૩૮માં કલાગુરૂ પૂજ્ય શ્રી રવિશંકર રાવળ દ્વારા કરવામાં આવેલ હતી. સોસાયટીનો હેતુ પ્રતિભાવંત ફોટોગ્રાફરનો પરિચય લોકોને કરાવી, ફોટોગ્રાફરની કળાને યોગ્ય પ્લેટફોર્મ પૂરૂં પાડવાનો રહ્યો છે. શ્રી વરૂણ સચદેએ કરેલ પ્રવાસ તથા તેમના ફોટોગ્રાફ્સના કલેક્શન વિશે જાણ્યા બાદ શ્રી વરૂણની પ્રતિભા અમદાવાદ તથા ગુજરાતના લોકો સુધી પહોંચાડવા આ ફોટોગ્રાફી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

સમારંભમાં વ્યક્તિ વિશેષ તરીકે ઉપસ્થિત ગુજરાતના ખ્યાતનામ કવિ શ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીન'એ પોતાની આગવી શૈલીમાં જણાવેલ કે, 'તેઓ નાના હતા ત્યારે તેમના ઘરમાં તેમના પિતા દ્વારા મૂકવામાં આવેલ એક તસવીરને જોઈને તેનો દિવસભરનો થાક ઉતરી જતો હતો. જ્યારે આ પ્રદર્શનમાં મૂકવામાં આવેલ તસવીરો જોઈને જીવનભરનો થાક ઉતરી જાય તેવું છે.'

## કાંતિસેન શ્રોફ અને જયંત ખત્રીની સ્મૃતિમાં ભુજમાં ચિત્રકલા કાર્યશાળા યોજાઈ

### કલાના માધ્યમથી લોકોમાં જાગૃતિ લાવવાનું માધ્યમ કાર્યશાળા છે

'વ્યક્તિમાં રહેલા કલા-કૌશલ્યતાને ઉજાગર કરવું એ ઉમદા કાર્ય છે. કલાના માધ્યમથી લોકોમાં જાગૃતિ લાવવાનું માધ્યમ એ કાર્યશાળા છે' – ગ્રામોત્થાનના પ્રણેતા અને કચ્છીયતના હામી શ્રી કાંતિસેન શ્રોફના શતાબ્દિ અને કચ્છના ગૌરવવંતા સાક્ષર ડૉ. જયંત ખત્રીની પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલા ચિત્રકલા કાર્યશાળાના શુભારંભમાં એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝ લી.ના એમ.ડી. શ્રી દીપેશભાઈ શ્રોફ એ આ મુજબ જણાવીને કાકા અને ડૉ. જયંત ખત્રી વચ્ચેના તેમના સંભારણાને યાદ કર્યા હતા.

આ કાર્યશાળા શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટીટ્યુટ (વી.આર.ટી.આઈ.) અને ડૉ. જયંત ખત્રી સ્મારક સાહિત્ય, 'સંસ્મૃતિ' ભુજ દ્વારા મહારાઓશ્રી વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય - ભુજમાં યોજાયેલ. ચિત્રોમાંથી પ્રેરણા લઈને બાળકો ચિત્રકલા કરતાં સારું શીખે તેવો ઉદ્દેશ આ કાર્યશાળાનો છે. મંચ પરથી વરિષ્ઠ પત્રકાર કીર્તિ ખત્રીએ જણાવ્યું હતું કે, જયંત ખત્રી અને કાકાની મિત્રતા ચિત્રના માધ્યમથી થઈ હતી. ડૉ. ખત્રી પેન્સિલ ચિત્રો, છાપા ચિત્રો, કોતરેલા ચિત્રો બનાવતા હતા. તેઓ ભણતા ત્યારે મેગેઝીનમાં વાર્તા ચિત્રો દોરવાનું શરૂ કર્યું હતું તેમ જણાવીને ડૉ. ખત્રી અને કાકા વચ્ચેના સંસ્મરણો વાગોળ્યા હતા. 'સંસ્મૃતિ'ના મંત્રી ઝવેરીલાલ સોનેજીએ કાકા અને જયંત ખત્રી જેવા પ્રેરક વ્યક્તિઓને જોડીને યોજાયેલ કાર્યશાળા સાચા અર્થમાં બંનેને સાચી અંજલી ગણાવીને સૌનો આભાર માન્યો હતો.

કાર્યશાળાની સમાપન બેઠકમાં તજજ્ઞ બિપીન સોનીએ જણાવ્યું હતું કે, બાળકો પોતાના વિચારો, મનોભાવો અને શક્તિઓથી નવું સર્જન કરીને ચિત્ર પર ખાસ ધ્યાન આપે તો ચિત્રકલામાં નિપુણ બની શકે.

આ કાર્યશાળામાં ૩૨ શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો.

## કામથી સફળતા

પર્વત શિખરે ઊગેલું ઊંચું વૃક્ષ ના બની શકો તો ચાલશે
*ઊંડી ખીણમાં ઊગેલો નાનકડો છોડ બનજો –*
*પર્વતની તળેટીમાં ઊગેલો સૌથી સુંદર છોડ.*

ઊછળતું, કૂદતું કસ્તુરી મૃગ ના બની શકો તો ચાલશે
*નાનકડી એક માછલી બનજો –*
*સરોવરમાં સરતી સહુથી વધુ તરવરાટભરી માછલી.*

જહાજના કપ્તાન ના બની શકો તો ચાલશે
*બનજો નાનકડા નાવિક –*
*નાવિકગણના સૌથી કુશળ નાવિક.*

રાજમાર્ગ ના બની શકો તો ચાલશે
*નાનકડી એક કેડી બનજો –*
*ઉપવનમાંથી પસાર થતી સૌથી સુંદર કેડી.*

પ્રખર પ્રકાશિત સૂર્ય ના બનો તો ચાલશે.
*બનજો એક ટમટમતો તારલો –*
*અમાસના આકાશનો સૌથી સુંદર તારો.*

***સફળતા તમારા હોદ્દા ઉપર આધારિત નથી,***
***જે કંઈ કામ કરો, ઉત્તમ રીતે કરો.***

***– ભાર્ગવી દોશી***
***સૌજન્ય : "સમજણના સૂર"***

# સેન્ચુરી ફ્લેશબેક : ૧૯૨૨ – ૨૦૨૨
# સદી પહેલાંના મહત્ત્વના બનાવો...!



સંજય પી. ઠાકર

*શ્રી સંજય ઠાકરને કચ્છની અસ્મિતાને ખૂણે ખાંચરેથી ખોદી ખોદીને પ્રગટ કરવાની ફાવટ છે. અત્રે તેમનો ઈતિહાસકાર, પુરાતત્ત્વ સંશોધક કે સાહિત્યકાર તરીકેનો પરિચય આપવાનો અભિપ્રેત નથી પણ એક ખંતીલા, પ્રયોગશીલ, નિષ્ઠાવાન પ્રાધ્યાપક તરીકેની સેવાને બિરદાવવી છે.*

*કચ્છી ભાષાના સંવર્ધન અને વિકાસને ઉજાગર કરવો, એ કચ્છ પ્રદેશની સાંપ્રત સમસ્યા છે. કચ્છી ભાષાના ભાષા વિજ્ઞાન પદ્ધતિથી ભાષાના સંવર્ધન કરવા માટે ભારત સરકાર સંચાલિત ભારતીય ભાષા સંસ્થાન (મૈસુર)ના સહયોગથી કચ્છીમાં વૈવિધ્યતા (સ્પીચ વેરાયટી ઓફ ડાયલેક)ના પ્રોજેક્ટ હાથ ધરાયેલ ત્યારે શિક્ષણ વિભાગ "ડાયેટ - ભુજ" સંશોધન અને તાલીમ ભવનના પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા શ્રી સંજય ઠાકરે આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે કચ્છીનાં મૂળ ઉચ્ચારણને લાંબા સમય સુધી સંગ્રહિત રાખવા માટે કચ્છી ભાષાના મૂળ ભાષકોને ઉચ્ચારણનું વોઈસ રેકોર્ડિંગ તેમજ કચ્છ પ્રદેશના જુદા જુદા પ્રદેશના જુદા જુદા વિસ્તારમાં બોલાતી સ્થાનિક ભાષામાં દેખાતી ભિન્નતાના અભ્યાસ લેખે કાર્યશિબિરનું આયોજન કરી અને સૌપ્રથમ કચ્છી ભાષાનાં સંવર્ધન માટેના સંશોધન માટેનાં કાર્યના અભ્યાસનો આરંભ કરવાના યશભાગી બન્યા. સંશોધન માટે ભારત સરકારે આ સંશોધનને પ્રમાણિત કરેલ છે.*

---

*બરાબર એકસો વર્ષ પહેલા દેશ-વિદેશમાં બનેલી તવારીખી અને યાદગાર ઘટનાઓ પર એક દૃષ્ટિપાત!*

વિશ્વમાં એક સૈકા પહેલાં એવી ક્રાંતિકારી, અદ્વિતીય અને યાદગાર ઘટનાઓ બની હતી કે માનવજાતને સેંકડો વર્ષ સુધી સ્મૃતિઓ જળવાઈ રહે. એક શતક પહેલાં ઈ.સ. ૧૯૨૨માં બનેલા બનાવો ભાવિ પેઢી સુધી તેજછાયા પ્રસરાવતા રહે તેવું ઐતિહાસિક મૂલ્ય ધરાવે છે. આવો, આપણે અતીતમાં અવગાહન કરીએ...!

## ચૌરીચૌરા કાંડ

૫મી ફેબ્રુઆરી, ૧૯૨૨ના અંગ્રેજ હકુમત પર રોષે ભરાયેલા ત્રણ હજાર જેટલા પ્રજાજનોએ ઉત્તર પ્રદેશના ચૌરીચૌરા (જિ. ગોરખપુર) ખાતે પોલીસ સ્ટેશન પર હુમલો કરી ૨૨ પોલીસ કર્મચારીઓને મારી નાખ્યા. આ ઘટનાને પરિણામે ગાંધીજીએ કહ્યું હતું કે, 'આ હિંસા કરી હોવાને કારણે અસહકારની ચળવળની જરૂરિયાત લાગતી નથી.' તેમણે ચળવળને પાછી ખેંચી લીધી હતી. ચૌરીચૌરા કાંડના આરોપીઓનો મુકદ્દમો પં. મદનમોહન માલવિયા લડ્યા હતા અને તેમને બચાવી લેવા એ તેમની એક મોટી સફળતા હતી. અસહકારનું આંદોલન પાછું ખેંચ્યા પછી ખાસ કરીને ક્રાંતિકારીઓ દ્વારા તેનો સીધી કે આડકતરી રીતે વિરોધ કરવામાં આવ્યો હતો.

## મહાત્મા ગાંધીજી પર રાજદ્રોહનો ઐતિહાસિક ખટલો

અંગ્રેજ સરકાર સામે પ્રજામાં અસંતોષ ફેલાવવાના રાજદ્રોહ બદલ ગાંધીજીને ૧૦ માર્ચ, ૧૯૨૨ના મુંબઈ ખાતેથી પકડીને તેમની સામે ૧૮ માર્ચ, ૧૯૨૨ના કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ ખટલાની સુનાવણી અમદાવાદના સર્કિટ હાઉસમાં કરવામાં આવી હતી. પોલીસ દ્વારા ગાંધીજી અને શંકરલાલ બેન્કરને સાબરમતી જેલમાંથી લઈ આવવામાં આવ્યા. ગાંધીજી માત્ર પોતડીભેર ઉઘાડા હતા પણ તેમનામાં સાધુતાનું તેજ પ્રગટી રહ્યું હતું.

મુંબઈથી આ કેસ માટે સરકારે મોકલેલા સેશન્સ જજ મિ. બ્રુમફિલ્ડ આવ્યા હતા. ગાંધીજીએ શાંત અવાજે દરેક તહોમતનો સ્વીકાર કર્યો. પોતાનું નિવેદન મક્કમતાથી વાંચી સંભળાવ્યું. ગાંધીજીનો આ એકરાર બ્રિટીશ સરકાર પર આકરામાં આકરું અને તળિયાઝાટક તહોમતનામું હતું. ગાંધીજીનો એકરાર વંચાઈ ગયા પછી ન્યાયાધીશે લોકમાન્ય ટીળકના મુકદ્દમાને યાદ કરી,

એ જ કલમની રૂએ ગાંધીજીને છ વરસની કેદની સજા ફરમાવી, પણ સાથે કહ્યું : 'સરકાર જો કદી તમને છોડી મૂકશે તે દિવસે મારા જેટલો આનંદ કોઈને નહીં થાય.' ગાંધીજીએ ફેંસલો આવકારી લીધો. ટ્રેનમાં બેસાડી ગાંધીજીને પરબારા પૂના ખાતેની યરવડા સેન્ટ્રલ જેલમાં લઇ જવામાં આવ્યા હતા. અમદાવાદમાં જાણે સુનકાર વ્યાપી ગયો.

## ઇજિપ્ત અને ઉરની પ્રાચીન સંસ્કૃતિના સંદર્ભે સીમાવર્તી શોધ

દુનિયાની સાત અજાયબીઓ ગણાય છે તેમાં જે એકમાત્ર અજાયબીનું આજે પણ અસ્તિત્વ હોય, તો તે છે ઈજિપ્ત (મિસર)ના પીરામિડો. બ્રિટીશ પુરાતત્ત્વવેત્તા હાવર્ડ કાર્ટર ૨૬મી નવેમ્બર, ૧૯૨૨ના સદીઓ પુરાણી ઈજિપ્તની સંસ્કૃતિના રહસ્યો ઉકેલવા માટે ઉત્ખનન કરીને એક પીરામિડમાં પહોંચી ગયો હતો. જેમાં શાહી કબરમાં ૧૩૩૭માં દફનાવેલા રાજા તુતાન ખામેનના મૃત્યુ બાદ તેના ઉપયોગ માટે સુંદર રાચરચીલું, જરઝવેરાત, સોનાના સિક્કાઓ તેમજ રાજાનું સોને મઢેલું સિંહાસન જોયું હતું. આખો ખંડ કિંમતી ચીજવસ્તુઓથી ભરેલો હતો.

પ્રાચીન ઈજિપ્તના લોકો એવું માનતા કે રાજા મૃત્યુ પામે પછી પણ તેનો આત્મા અહીં જ રહે છે. તેથી રાજાની કબર એક ભવ્ય ખંડમાં ઊભી કરવામાં આવતી. રાજાના ઉપયોગ માટે એ જ ખંડમાં જીવતી વ્યક્તિની જેમ જ રાચરચીલું તેમજ અન્ય ઉપયોગની વસ્તુઓ મૂકવામાં આવતી. ઈજિપ્તની ત્રણ હજાર વર્ષ જૂની સંસ્કૃતિના સંદર્ભે થયેલી આ શોધ પુરાતત્ત્વક્ષેત્રે સીમાવર્તી ગણાય છે. અહીં નોંધનીય છે કે, જગતની અતિ પ્રાચીન સંસ્કૃતિઓમાંની એક 'ઉર' સંસ્કૃતિના અવશેષો પણ ૧૯૨૨માં મળી આવ્યા હતા. બ્રિટીશ પુરાવિદ્ ચાર્લ્સ લિયોનાર્દ વુલીને જૂની સાઈટ પર વધુ ઉત્ખનન કરતાં ઉર સંસ્કૃતિના વધુ અવશેષો મળી આવ્યા હતા. સદીઓ પુરાણી આ સંસ્કૃતિનું સ્થળ સુમેર રાજ્યનું 'ઉર' રાજધાની હોવાનું જણાયું હતું. પૈડાની શોધ જેવી પ્રાથમિક અને અત્યંત મહત્ત્વની શોધ આ જ સુમેરિયન સંસ્કૃતિમાંથી ઉદ્ભવી છે.

## ઇજિપ્તને અધૂરી આઝાદી મળી

ઈજિપ્ત (મિસર)ને સદીઓના ગાળા બાદ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૨૨ના સ્વતંત્રતા પ્રાપ્ત થઇ હતી. ઓટોમાન સામ્રાજ્ય પછી અંગ્રેજોએ અહીં આવીને પગપેસારો કર્યો અને ૧૯૧૪માં સંપૂર્ણ રીતે સત્તા જમાવી હતી. પહેલા વિશ્વયુદ્ધ પછી ઈજિપ્તમાં સ્વતંત્રતાની માંગણી જોર પકડતી ગઈ અને આંદોલનો થયા હતા. બ્રિટનના લોર્ડ એલેનબાયે ઈજિપ્તના રાષ્ટ્રવાદી નેતાઓ સાથે મંત્રણાઓ કરી અને ઈજિપ્તને અધૂરી સ્વતંત્રતા આપી. તેમાં ઈજિપ્તમાં બ્રિટીશ હિતો પહેલાની જેમ જાળવવાના હતા તેમજ દેશના સંરક્ષણ અને રાજદ્વારી બાબતો ઉપર બ્રિટન દેખરેખ રાખશે તેમ નક્કી થયું હતું. ઈજિપ્તમાં અંગ્રેજોએ સુલતાનને રાજગાદીએ બેસાડ્યા પણ આઝાદી માત્ર કાગળ પરજ હતી.

## યુ.એસ.એસ.આર.ની સ્થાપના

૧૯૧૭ની ક્રાંતિ વડે ઝારશાહી નાબૂદ કર્યા પછી શરૂમાં તો મોસ્કો અને લેનિનગ્રાદની આસપાસના થોડા પ્રદેશ પર જ નવી સ્થપાયેલી મજૂર સરકારની હકુમત હતી. સાઈબીરિયા તથા મધ્ય એશિયામાં સ્વતંત્ર સોવિયેત સરકારો રચાઈ, પણ પછી સમાન ધ્યેયને કારણે છેવટે 'યુનિયન ઓફ સોશિયાલિસ્ટ સોવિયેત રીપબ્લિક'ની ૩૦મી ડિસેમ્બર, ૧૯૨૨ના દિવસે સ્થાપના થઈ. આગળ જતાં થોડા ફેરફાર પછી રશિયા, શ્વેત રશિયા, યુક્રેન, કોકેસસ પારના પ્રદેશ, તુર્કમિનીસ્તાન, ઉઝબેકિસ્તાન અને તાજીસ્તાન એમ કુલ સાત સંયુક્ત પ્રજાસત્તાકોનો એક સંઘ રચાયો.

## બી.બી.સી.ની સ્થાપના

જહોન રેઈથે લંડન ખાતે ૧૮મી ઓક્ટોબર, ૧૯૨૨ના બ્રિટીશ બ્રોડકાસ્ટિંગ કંપની – બી.બી.સી.ની સ્થાપના કરી હતી. તેનું પહેલું પ્રસારણ ૧૪ નવેમ્બરના કરવામાં આવ્યું હતું. ખાનગી માલિકી ધરાવતું બી.બી.સી.એ રાષ્ટ્રીય સ્તરે પ્રસારણ કરતી દુનિયાની પહેલી સંસ્થા હતી. ૧લી જાન્યુઆરી, ૧૯૨૭ના કંપની સમેટાઈ ગઈ. બાદમાં બિન-વ્યવસાયીક એકમ તરીકે બ્રિટીશ બ્રોડકાસ્ટીંગ કોર્પોરેશનની સ્થાપના થઈ. હવે તેની વિશ્વભરમાં સેવાઓ (ટેલિવિઝન - રેડિયો - ઓનલાઇન) ઉપલબ્ધ છે અને તે સૌથી વિશાળ પ્રસારણકર્તા ગણાય છે.

## સૌપ્રથમ ટેકનિકલર ફિલ્મ રજૂ થઇ

૨૬ નવેમ્બર, ૧૯૨૨ના રજતપટ પર રંગોનું ઈન્દ્રધનુષ રચાયું હતું. હોલિવુડે સૌપ્રથમ ટેકનિકલર ફિલ્મ મેડામા બટરફલાય ઉપરથી 'ધ ટોલ ઓફ ધ સી' રજૂ કરી હતી. આ ફિલ્મ ઘણા ખર્ચ પછી પ્રદર્શિત થઈ હતી. અમેરિકન સાયલન્ટ ડ્રામા ફિલ્મ 'ધ ટોલ ઓફ ધ સી'નું દિગ્દર્શન ચેસ્ટર એમ. ફ્રેન્કલિન દ્વારા કરવામાં આવ્યું હતું. આ ફિલ્મ બીજી ટેકનિકલર ફીચર હતી (૧૯૧૭ની 'ધ ગલ્ફ બિટવીન' પછી). હોલીવુડમાં બનેલી પ્રથમ કલર ફિચર અને પ્રથમ ટેકનિકલર ફિચર, જેને

સ્ક્રિનિંગ માટે ખાસ પ્રોજેક્ટરના ઉપયોગ કરવાની જરૂર ન હતી. આ ફિલ્મનું પ્રીમિયર ૨૬ નવેમ્બર, ૧૯૨૨ના રોજ ન્યુયોર્કના રિયાલ્ટી થિયેટરમાં થયું હતું.

## 'રીડર્સ ડાયજેસ્ટ' માસિકનો પ્રારંભ

મેનહટ્ટન (યુ.એસ.)ના યુવાન લેખક ડી વિટ વોલેસે તેની પત્ની લીલા અચેસનના સાથ-સહકારથી એક નવા જ પ્રકારનું સામાન્ય - રૂચિનું પારિવારિક સામયિક 'રીડર્સ ડાયજેસ્ટ' પાંચમી ફેબ્રુઆરી, ૧૯૨૨ના શરૂ કર્યું હતું. નાનકડા કદનું મેગેઝિન પ્રગ કરવા તેણે પાંચ હજાર ડોલરની મૂડી સાથે ન્યુયોર્કના ગ્રીનવિચ વિલેજમાં એક ઓફિસ લઈ લવાજમ ઉઘરાવવાનું શરૂ કર્યું હતું. પ્રારંભે ૧૫૦૦ ગ્રાહકો સાથે તેનો સર્વપ્રથમ અંક પ્રગટ થયો હતો.

## ઇન્સ્યુલિનનો પ્રથમ ઉપયોગ

૨૭ જુલાઈ ૧૯૨૧ના ટોરન્ટોના વિશ્વ વિદ્યાલયમાં બાયોકેમિસ્ટ ડૉ. ફ્રેડરિક બાન્ટીંગના નેતૃત્વમાં શોધકર્તાઓએ હોર્મોન ઈન્સ્યુલિન શોધની ઘોષણા કરી હતી. ૨૭મી ઓગસ્ટ, ૧૯૨૧ના કેનેડાના ડૉ. ફ્રેડરિક જી. બાન્ટીંગ અને તેમના મદદનીશ ચાર્લ્સ બેસ્ટે કૂતરાઓના સ્વાદુપિંડમાંથી એક પદાર્થ અલગ કર્યો હતો, જે ડાયાબિટીસના લક્ષણોને દૂર કરતો હતો. ઈન્સ્યુલિનનો પ્રથમ ઉપયોગ ડાયાબિટીસવાળા વ્યક્તિની સારવાર માટે ૧૧ જાન્યુઆરી, ૧૯૨૨ના રોજ કરવામાં આવ્યો હતો. જાન્યુઆરી ૧૯૨૨માં લિયોનાર્ડ થોમ્પશન, પ્રકાર-૧ ડાયાબિટીસથી મૃત્યુ પામતો ૧૪ વર્ષનો છોકરો, ઇન્સ્યુલિનનું ઈંજેક્શન મેળવનાર પ્રથમ વ્યક્તિ બન્યો હતો.

## પ્રકીર્ણ

★ *૨૨મી જાન્યુ. :* પોપ બેનેડિક્ટ પંદરમાનું વેટિકન સિટી ખાતે ન્યુમોનિયાથી અવસાન.

★ *૧૫મી ફેબ્રુ. :* હોલેન્ડ - નેધરલેન્ડના હેગમાં આંતરરાષ્ટ્રીય ન્યાય માટેની કાયમી અદાલત, વિશ્વ અદાલતનો વિધિસર પ્રારંભ થયો.

★ *૧૩મી માર્ચ :* પ્રિન્સ ઓફ વેલ્સ એડવર્ડ આઠમાએ બ્રિટીશ ભારતીય સેનાના ઓફિસર કેડરના ભારતીયકરણ માટે વધતા દબાણ માટે બ્રિટીશ સામ્રાજ્યની શરણાગતિને ચિહ્નિત કરતા દહેરાદૂનમાં પ્રિન્સ ઓફ વેલ્સ રોયલ ઈન્ડિયન મિલિટરી કોલેજનું ઉદ્ઘાટન કર્યું.

★ *૨૧મી માર્ચ :* મલયાલમના મહાન નવલકથાકાર, નાટ્યકાર, પત્રકાર અને સામાજિક કાર્યકર્તા સી.વી. રામન પિલ્લાઇનું ૬૩ વર્ષની ઉંમરે તિરુવનંતપુરમ (કેરાલા) ખાતે અવસાન થયું હતું.

★ *૧૮મી જૂન :* બાલ્ટીમોર ખાતે બ્રિટીશ જીવ રસાયણશાસ્ત્રી ડૉ. એડવર્ડ મેલાન્બીએ નવા વિટામિન ડી ની શોધ કરી, જે સુક્તાન (રિકેટ્સ)ના રોગનો ઇલાજ કરવામાં ઉપયોગી બન્યું.

★ *૯મી જુલાઈ :* ઓસ્ટ્રિયામાં જન્મેલા ને અમેરિકામાં વસેલા જહોની વેસલુમર માત્ર ૫૮.૬ સેકન્ડમાં ૧૦૦ મીટર તરનારો વિશ્વનો પહેલો તરણવીર બન્યો.

★ *૨જી ઓગસ્ટ :* ટેલિફોનની શોધ કરનાર સુવિખ્યાત શોધક, વૈજ્ઞાનિક અને ઈજનેર એલેકઝાન્ડર ગ્રેહામ બેલનું ૭૬ વર્ષની વયે નોવા સ્કોટિયા (કેનેડા) ખાતે અવસાન.

★ *૫મી ઓગસ્ટ :* ઇટાલીમાં બે રાજકીય પક્ષો - ફાસીસ્ટો અને સામ્યવાદીઓ વચ્ચે અથડામણ. સેંકડોના મોત, હજારો ઘાયલ.

★ *૨૪મી ઓક્ટોબર :* ચોકલેટ ઉત્પાદક જ્યોર્જ કેડબરીનું ૮૩ વર્ષે બર્મિંગહામ - ઇંગ્લેન્ડમાં અવસાન.

***'ખિંકાર', પ્લોટ ૧૮૯-૧૯૦, આઇયા નગર,***
***મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩***

## પ્રાર્થના

કામકાજનો સમય
પ્રાર્થનાના સમય કરતા અલગ છે જ નહિ.

રસોડામાં વાસણોના ખખડાટ વચ્ચે,
કારખાનામાં મશીનોના ઘોંઘાટ વચ્ચે,
એન્જિનોની તીણી ચીસો વચ્ચે,

દર્દીઓના ઉંહકારા વચ્ચે,
અસીલોની ફરિયાદો અને
વકીલોની દલીલો વચ્ચે,

ઓજારોની અથડામણ વચ્ચે,
પૈડાંઓની કિચૂડાટ વચ્ચે,

બાળકોના રૂદન વચ્ચે અને
પ્રેક્ષકોના ઉન્માદભર્યા ચિત્કારો વચ્ચે પણ
જે અંતર્યામી સાથે સંવાદ સાધી શકે છે,
તેનું સમગ્ર જીવન એક પ્રાર્થના જ છે.

***– ભાર્ગવી દોશી***
***સૌજન્ય : "સમજણના સૂર"***

# કચ્છની અસ્મિતાને અજવાળતો ઉત્સવ
# અષાઢી બીજ



સંજય પી. ઠાકર

***'સૂરજની સખાત'થી પાછા ફરેલા કવિહૃદયી જામ લાખા ફુલાણી કચ્છમાં અષાઢી માસની સહેલગાહથી એટલા પ્રસન્ન થઈ ગયા કે, તેમણે કચ્છનું નવું વરસ અષાઢથી શરૂ થાય એવું ફરમાન કર્યું. છેલ્લા આઠસો વરસથી દેશ-દેશાવરમાં કચ્છી નૂતન વર્ષની ઊજવણી કચ્છીઓ કરતા રહ્યા છે અને પોતાની અસ્મિતાને અજવાળતાં રહ્યાં છે!***

કચ્છી કહેવત છે કે, 'જુમેજી માજો તકિયો ધાર' (જુમાની માનો તકિયો અલગ). એવી રીતે દરેક ક્ષેત્રે કચ્છીઓ પોતાનું અલગ – આગવું વ્યક્તિત્વ અને અસ્તિત્વ ઊભું કરતા આવ્યા છે! કચ્છમાં એક સમય એવો હતો કે જ્યારે કચ્છનું ચલણ, ભાષા, નૂતન વરસ સ્વતંત્ર હતા. આઝાદી મળ્યા પછી કચ્છને 'ક' વર્ગના રાજ્ય તરીકે વિશેષ દરજ્જો અપાયો હતો. આજે પરિસ્થિતિ જુદી છે તો પણ કચ્છીઓની વસતીના ૫૦થી ૬૦ ટકા લોકોમાં બોલાતી મીઠી કચ્છી ભાષા અને દર વર્ષે ઉમંગભેર ઉજવાતું કચ્છી નવું વરસ પોતાની ભાતીગળ સંસ્કૃતિ સાથે ચિરંજીવ રહ્યા છે. દુષ્કાળ, ભૂકંપ અને વાવાઝોડાં જેવી કુદરતી આપત્તિઓની થપાટો ઝીલ્યા પછી પણ કચ્છીઓ પોતાનું દુઃખ, પોતાની પીડાને ભૂલી ફરી નવી આશા સાથે નવા વરસનું એ જ નવા ઉત્સાહથી સ્વાગત કરે છે. આ તારીસ કચ્છીઓનું ખમીર અને તેમની સહનશીલતાને પ્રગટ કરે છે. 'થિન્ક બિગ' અને 'થિન્ક ડિફરન્ટ' – એ કચ્છી માડુની ખાસિયત છે અને તેથી જ તે તેની પાયાની પહેચાન બની રહે છે. તે ફિનિક્સ પંખીની જેમ રાખ (અહીં 'રાખ'ની જગ્યાએ 'મલબો' શબ્દ મૂકી શકાય) માંથી બેઠો થઈ રણને તોરણ બનાવી દે છે. બે દાયકા પછી કચ્છની મુલાકાત લેનાર કોઈપણ હમણાંનું કચ્છ જુએ તો છક્ક થઈ જાય કે નહીં?

કચ્છમાં કે પછી દેશ-દેશાવર વસતો હરએક કચ્છી અષાઢ સુદ બીજના રોજ આનંદ - ઉત્સાહપૂર્વક નવું વરસ ઉજવે છે. પંજાબીઓ પોતાનું બૈશાખી પર્વ ઉજવે છે. દક્ષિણ ભારતીય પોંગલ ઉજવે છે. એવી જ રીતે હવે વિસ્તારમાં ભારતભરમાં પ્રથમ ક્રમે આવતો કચ્છ જિલ્લો અષાઢી બીજ ગૌરવપૂર્વક અને હર્ષોલ્લાસથી ઉજવે છે. કચ્છી નવા વરસનો આરંભ સૂર્ય અને ચંદ્ર બંનેની મિશ્ર ગણતરીથી થાય છે. એટલે જ કચ્છી નવા વરસને 'સૌર ચાંદ'ના વરસ તરીકે લોકો નવાજે છે.

કચ્છી મહોત્સવ - કચ્છી નવું વરસ અષાઢ સુદ બીજના દિવસે કેમ શરૂ થયું એ જાણવું રસપ્રદ છે. કચ્છી નવા વર્ષની શરૂઆત થવાની ઐતિહાસિક કથા આ મુજબ છે. ફૂલ જામના આદેશથી દેશવટો ભોગવનાર કુમાર લાખોજી પાટણમાં રહેતો. ત્યાંથી તેની બહેન ડાહી ડુમણીના પ્રયાસથી કચ્છનું શાસન સંભાળેલું. કેરાકોટમાં રાજધાની ફેરવી નાખનાર જામ લાખા ફુલાણીના મનમાં અનેક વાતો ઘુમરાતી હતી. પ્રશ્નાર્થ સર્જતી હતી. તેમાંની એક હતી, પૃથ્વીનો છેડો ક્યાં હશે? આ વિચિત્ર પ્રશ્નનો જવાબ મેળવવા સાહસિક યુવાનોની ટુકડી સાથે પૃથ્વીનો છેડો શોધવા લાખો ફુલાણી નીકળેલો. લાખાજીના આ પ્રવાસને લોકો 'સૂરજની સખાતે'ના નામથી ઓળખે છે. છ મહિના સુધી લાખા ફુલાણીની મંડળી આગળ ને આગળ વધ્યા બાદ પૃથ્વીનો છેડો ન આવતાં, અંતે કચ્છ પાછા ફર્યા. આમ, સૂરજની સખાતથી જામ લાખો પાછો ફરેલો ત્યારે અષાઢ માસ ચાલતો હતો! વનરાજી લીલીછમ બની હતી. જામ લાખો આ વનરાજીના દર્શન કરવા ઉપડી ગયો. અષાઢ માસની સહેલગાહથી કવિહૃદયી એવા લાખાનો આત્મા એટલો પ્રસન્ન થઈ ગયો કે તેણે કચ્છનું નવું વરસ અષાઢથી શરૂ થાય એવું ફરમાન સમસ્ત કચ્છમાં જાહેર કરીને પોતાનું નામ અમર કરી દીધું. ત્યારથી માંડીને છેલ્લા આઠસો વરસથી આજ સુધી અષાઢી બીજ કચ્છી નવા વરસ તરીકે ઉમંગભેર ઉજવાય છે. જો કે ઐતિહાસિક ઉપરાંત ખગોળશાસ્ત્રીય રીતે પણ વર્ષાઋતુના આગમન સમી અષાઢી બીજની ઘણી મહત્તા છે.

કચ્છી સંવત ૧૬૦૫ના માગશર સુદ-૫ ના દિવસે કચ્છમાં રાજગાદીની સ્થાપના રાવશ્રી ખેંગારજી પહેલાએ કરી. ત્યારથી ભારત આઝાદ થયું ત્યાં સુધી આ વરસની ઉજવણી દરબારી - રજવાડી ઠાઠથી થતી હતી. આ દિવસે કચ્છના રાજવીઓ સમક્ષ ભેટ સોગાદો મૂકાતી, લોહાણા અને ખારવાઓ દરિયાલાલની પૂજા કરી સમુદ્રમાર્ગે વ્યવહારની શરૂઆત કરતા. બંદર શણગારાતા, દરિયાકાંઠાનું પૂજન થતું. બ્રાહ્મણો આશીર્વાદ

આપતા. કચ્છના જુદા જુદા વિસ્તારના અગ્રણીઓને ભુજ મધ્યે બોલાવવામાં આવતા. આ સમયે કચ્છ રાજ્યના પ્રતીકવાળી વિશિષ્ટ ધ્વજા ફરકાવવામાં આવતી. વરુણદેવની મંગળ પૂજા થતી, તોપોની સલામી અપાતી, ભુજિયા ડુંગર પર ઉત્સવ થતો. આ મહાપર્વના દિવસે સમગ્ર કચ્છમાં જાહેર રજા પડાતી. ખેડૂતો બળદને શણગારી, ખેતીનું વ્યવસ્થિત કાર્ય શરૂ કરતા. ભારત આઝાદ થયું ત્યાં સુધી કચ્છી નવું વરસ રાજાશાહી રીતે, પરંપરાગત વિધિવિધાનથી ઉજવાતું. ત્યારબાદ આઝાદી પછી રાજાશાહી ઊજવણી બંધ થઈ પણ આ ઉત્સવનું મહત્ત્વ અને ગૌરવ દરેક કચ્છીના હૃદયમાં સચવાઈ રહ્યું છે. આજે પણ દરિયાકાંઠાનું પૂજન, સમુદ્રી વ્યવહારની શરૂઆત આ દિવસથી થાય છે. પ્રાથમિક શાળાઓમાં રજા પડાય છે, ખેડૂતો ખેતીકાર્યનો શુભારંભ કરે છે. અનેક ગામડાંઓ - શહેરોમાં લોકસાહિત્યના ડાયરા જેવા કાર્યક્રમોનું આયોજન થાય છે. દરિયાલાલના મંદિરો શણગારાય છે. વર્તમાનપત્રો - સામયિકો કચ્છી નવા વરસે ખાસ વધારાની પૂર્તિ પ્રગટ કરે છે અને વિશેષાંકો પ્રસિદ્ધ થાય છે. આ સપરમા દિવસે મંગળ કાર્યો જેવા કે ખાતમુહૂર્ત, શિલારોપણ, ઉદ્‌ઘાટન, સગપણ, સ્નેહમિલન, તેજસ્વી વિદ્યાર્થીઓ અને પ્રતિભાઓનું સન્માન વગેરે યોજાતા રહે છે.

આ મહાપર્વની ઉજવણીમાં કચ્છ બહારની કચ્છી સંસ્થાઓ પણ કચ્છી કલાકારોને પોતાને ત્યાં બોલાવી સાંસ્કૃતિક - સાહિત્યિક સમારંભો યોજે છે અને હુભ્ભ-હિંયારીથી હળેમળે છે. વર્તમાન સમયમાં કચ્છી નવા વરસના દિને મુંબઈમાં કચ્છ શક્તિ, કચ્છ યુવક સંઘ જેવી સંસ્થાઓના કાર્યક્રમો વિશેષ ધ્યાન ખેંચે છે. અમદાવાદ, ભાવનગર અને હૈદ્રાબાદ જેવા શહેરોમાં કચ્છી સમાજ ઉમંગભેર ઉજવણી કરે છે. કેટલાક વર્ષોથી અષાઢી બીજે આકાશવાણીના ભુજ કેન્દ્ર પરથી પર્વાનુરૂપ કચ્છી - ગુજરાતી કાર્યક્રમો પ્રસારિત થાય છે. આકાશવાણી કેન્દ્ર દ્વારા કચ્છના કોઈ એક શહેરમાં જાહેર કાર્યક્રમ પણ યોજાય છે. અનેક સંસ્થાઓ દ્વારા સ્નેહમિલનો અને મેળાવડા ગોઠવાય છે અને 'કચ્છી ભાવરો' હાર્દિક અભિનંદન અને વધામણાં આપીને એકબીજાને નવાજે છે!

વેપાર-ધંધા, કલા-સંગીત-સાહિત્ય, વિજ્ઞાન સહિત સંખ્યાબંધ ક્ષેત્રોમાં સિદ્ધિઓ હાંસલ કરી મોખરાનું સ્થાન પ્રાપ્ત કરનાર કચ્છીઓ દુનિયાના ખૂણે-ખૂણે પ્રસરી ગયા છે. સાત સમંદર પાર કરીને તેમણે પોતાનું સામ્રાજ્ય સ્થાપી દીધું છે. સાથે સાથે પોતાની પ્રાચીન ઉચ્ચ સંસ્કૃતિ કે વારસાનેય કાયમ યાદ કરી સંપૂર્ણ અસલ કચ્છી તરીકેનું ગૌરવ ટકાવી રાખ્યું છે, કહો કે જાળવી રાખ્યું છે.

દુનિયામાં પથરાયેલા પચ્ચીસેક લાખ જેટલા કચ્છીઓ અષાઢી બીજને નવા વરસ તરીકે ઉજવે છે. તે વિશેષ દિન સાથે બીજી એક મહત્ત્વની ઘટનાને યાદ કરવામાં આવે છે. અષાઢના પ્રથમ દહાડે પ્રિયતમાના વિરહમું ઝુરતા મહાકવિ કાલીદાસે મેઘને જોઈ 'મેઘદૂત'નો પ્રથમ શ્લોક લખ્યો હતો. બૃહદ્ કચ્છમાં બેઠેલા કચ્છીઓ પણ મેઘને જોઈ કચ્છડા પર વર્ષારાણીના આગમનના એંધાણને પારખતા હશે. વર્ષોના વિરહની સંવેદના સાથે મેઘરાજાને વરસી પડવા પ્રાર્થના કરી કચ્છના ભાગ્ય વિધાતાને રીઝવતા હશે ખરું ને?

*'ખિંકાર', પ્લોટ ૧૮૯-૧૯૦, આઈયા નગર,*
*મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*

## કચ્છી નવું વર્ષ

**(અનુસંધાન : પાના નં. – ૩૩ ઉપરથી ચાલુ)**

નવા વર્ષની ઉજવણી કરે છે, એ આપણા માટે આનંદ અને ગૌરવની વાત છે.

એક બાબત તો સૌનું ધ્યાન ખેંચે છે કે મુંબઈમાં દર વર્ષે 'કચ્છ શક્તિ' દ્વારા કચ્છી લોકો, કે જેમણે અલગ અલગ વિષયોમાં પારંગતતા હાંસલ કરી હોય તેમને જાહેરમાં સન્માનવાનો કાર્યક્રમ કચ્છી નવા વર્ષે જ આયોજિત થાય છે. કચ્છ શક્તિ દ્વારા આ ઍવોર્ડ જ્યાં વિતરણ કરવામાં આવે છે ત્યાં 'મિનિ કચ્છ' ઊભું થઈ જાય છે. વર્ષોથી આ કચ્છ શક્તિ ઍવોર્ડ સમારંભના આયોજન માટે મા. શ્રી હેમરાજભાઈ શાહને જેટલા પણ અભિનંદન - ધન્યવાદ આપીએ એટલા ઓછા જ પડે! હેમરાજભાઈને સલામ!!

તો એવી જ બીજી ધ્યાનાકર્ષક ઘટના છે 'કચ્છ યુવા સંઘ' દ્વાર કચ્છી નાટકોની પ્રસ્તુતિની... શ્રી કોમલભાઈ છેડાના નેતૃત્વમાં છેલ્લા ઘણા વર્ષોથી નિયમિત રીતે કચ્છી નવા વર્ષની ઉજવણી સંદર્ભે સામાજિક નાટકનું મંચન થાય છે અને એ પણ સંપૂર્ણ કચ્છી ભાષામાં... માત્ર મુંબઈ ખાતે મંચનથી સંતોષ નહીં મળતા શ્રી કોમલ છેડા તેમની નાટકની ટીમને ભારતભરમાં પ્રસ્તુતિ માટે મોકલે છે અને તમામ કચ્છીઓને એક ઉમદા સામાજિક સંદેશ સાથે કચ્છી નાટકની ભજવણી દ્વારા મનોરંજન પણ પૂરું પાડે છે. મને લાગે છે કે આજે પણ આવી પ્રવૃત્તિઓ કચ્છી નવા વર્ષની ઉજવણી અન્ય કચ્છીઓ માટે પ્રેરણારૂપ રહેશે.

ટૂંકમાં, કચ્છી નવા વર્ષની ઉજવણીમાં કચ્છ પોતે પાછળ છે તેવું કબૂલ કરીને ભારત કે વિદેશમાં વસતા કચ્છીઓના કચ્છી નવા વર્ષની ઉજવણીના પ્રેમને વંદન કરવા જ પડે!!

આગામી કચ્છી વર્ષ તમામ કચ્છીઓને સુખમય, સમૃધ્ધિમય, સુખાકારીમય અને તંદુરસ્તીમય નીવડે તેવી શુભેચ્છા પાઠવું છું અને ફરીથી કચ્છી નવા વર્ષની શાનદાર ઉજવણીઓ શરૂ થાય તેવી શ્રદ્ધા સાથે ફરીથી સૌને 'સાલ મુબારક.'

# કચ્છના લોક ઇતિહાસમાં અષાઢી બીજ



ડૉ. દિનેશ એમ. જોશી

*ડૉ. દિનેશભાઈના લોકસાહિત્યના સંશોધનો ભલે આજે વિસરાઈ ગયા હોય, પણ કચ્છીને જીવંત રાખનાર સંશોધન કાયમી લોક સાહિત્યના સંશોધનકારને પ્રેરક રહેશે. કચ્છી ભાષાના સમૃધ્ધ લોક સાહિત્યના માત્ર બે જ સંશોધનકારે સંશોધનની કામગીરી કરેલ છે : ડૉ. દિનેશ જોશી અને ડૉ. જોહરાબાઈ. આ સિવાય કચ્છીનું લોક સાહિત્ય સમૃધ્ધ હોવા છતાં સંશોધન ક્ષેત્રે રાંક છે.*

'અષાઢી બીજ કચ્છી નઉ વરેંજી મિણીકે મુભારક ભાધી...' જે પ્રદેશમાં વરસાદના એક ટીપાને પણ બહુમૂલ્યવાન રત્ન સમાન ગણવામાં આવતું હોય એ પ્રદેશની લોક સંસ્કૃતિને પણ કવિ કાલીદાસના યક્ષની જેમ 'આષાઢસ્ય પ્રથમ દિવસે'ની ઇંતેજારે રહેતી હોય છે અને તેથી 'અષાઢી બીજ'ની કચ્છી નવા વરસ તરીકે ઉજવણી થતી હોય છે. સામાન્યતઃ લોક સમૂહના આચાર-વિચાર અને પરિસ્થિતિ અનુસાર લોકસંસ્કૃતિ ઘડાતી હોય છે,જે ક્રમશઃ પરંપરા બની જતા, તેનો અભ્યાસ કરનારા વિવેચકો જે-તે ઉત્સવની ઉજવણીમાં લોકસંસ્કૃતિનું પ્રતિબિંબ પડતું હોવાનું જણાવે છે. તેથી કચ્છમાં પાણીની અછતની દૃષ્ટિએ 'અષાઢી બીજ'ની ઉજવણી થતી હોવાનું માનવામાં આવે છે. માંડવીમાં તો મેઘના જનક સમુદ્રની પણ એ દિવસે પૂજા થાય છે. પરંતુ કચ્છની લોકકથા તો કંઈક અન્ય જ કહે છે.

★

લાખિયાર વીયરામાં આજે સમગ્ર કચ્છના ગરાસદારો, જમીનદારો વિ. ભેગા થયા છે. સિંધથી જામ રાયધણના ભાયાતો પણ આવી પહોંચ્યા છે. કચ્છની આમજનતા પણ મહાલવા માટે અહીં આવી ગઈ છે. જે નથી આવી શક્યા, તેઓ પોતપોતાના ગામોમાં નવું વરસ ઉજવી રહ્યા છે. અલબેલડા કચ્છડામાં આજે ચોમેર આનંદનું વાતાવરણ છે.

છેલ્લા કેટલાય વરસોથી રાયધણજી અષાઢી બીજને કેન્દ્રસ્થાને રાખી તેને કચ્છી નવું વરસ તરીકે જાહેર કરી ઉજવતા હતા અને હવે તો જાણે એ પ્રથા પડી ગઈ હતી.

જામ રાયધણની સાથે વરસોથી દિવસ-રાત પડછાયાની માફક રહેવાવાળા તેમના વિશ્વાસુ માણસોને તેમની આ પસંદગી બહુ જ યથાયોગ્ય લાગતી હતી. પરંતુ નવી પેઢીના યુવાનિયાઓ માટે કારતક સુદ એકમથી શરૂ થતા વીર વિક્રમના સંવતની સાથે સાથે અષાઢી બીજની કચ્છી નવા વરસની ઉજવણી બહુ જ અચરજકારી બીના હતી.

દરબાર હકડેઠઠ્ઠ ભરાઈ ગયો. નવા વરસની ઉજવણી હોવાથી સ્વાભાવિક રીતે જ આજે ગિરદી વધારે હોવાની લીધે ઘોંઘાટ વિશેષ થતો હતો. ત્યાં દરવાને વધામણી આપી... "સાવધાન... હોંશિયાર... કચ્છના અધિપતિ જામ રતા રાયધણજી દરબારમાં પધારી રહ્યા છે...'

અને ટાંકણી પડે તો પણ સંભળાય એટલી નીરવ શાંતિ છવાઈ ગઈ.

ધીરગંભીર અને ગૌરવભરી ચાલથી છટાપૂર્વક વયોવૃદ્ધ જામ રાયધણ દરબારમાં આવી પહોંચ્યા. બંને બાજુથી ગરાસદારો, ભાયાતો અને કચ્છના અગ્રેસરોએ ઊભા થઈને પુષ્પવૃષ્ટિ કરી. સિંહાસન પાસે પહોંચી તેના પર જામ બિરાજમાન થતાં સૌએ પોતપોતાની બેઠક લીધી કે તુરત જ વૈદિક મંત્રોચ્ચાર દ્વારા રાજા પર પવિત્ર જળનો છંટકાવ કરવામાં આવ્યો અને પછી યોગી ગરીબનાથના શિષ્યએ રાજાની પાઘડી પર રાતા રંગનો પેચ બાંધ્યો (જામ રાયધણજી યુધ્ધમાં ચઢતી વખતે પાઘડી પર રાતા રંગનો પેચ બાંધતા. તેથી ઈતિહાસમાં તેમને 'રતો રાયધણ'ના નામથી ઓળખવામાં આવે છે.)

અવસ્થાએ પહોંચેલ જામ માટે હવે સુખના દિવસો શરૂ થયા હતા. તેથી યુધ્ધ, એ ગઈકાલનો ભૂતકાળ બની ગયો હોવા છતાં અષાઢી બીજ, વિજ્યા દશમી કે દિવાળી જેવા શુકનવંતા દિવસે પોતાનો જૂનો પેચ બદલાવી નવો પેચ ધારણ કરતા. જે હરહંમેશ યોગી ગરીબનાથના શિષ્ય બાંધતા.

રાજાના ચાર કુંવરો પૈકી સૌથી નાનો ઓઠો જીજ્ઞાસા સહ આ બધી વિધિ નિહાળી રહ્યો હતો. સૌથી નાનો હોવાથી તે લાડકોડમાં ઉછર્યો હતો. તેથી બાલ્યાવસ્થાની નિર્દોષતા હજુ

તેનામાં હતી. આ પ્રસંગે કુતૂહલ રોકી ન શકવાથી રાજાના વયોવૃદ્ધ કારભારીના ખેસનો છેડો ખેંચી કાનમાં પૂછી લીધું : 'ભા, બાવે હિ નયો અવસર કુલાય કઢ્યો આય ઈ મુંકે સમજાજે નતો. સાંજી જો આંઈ નવરા થિયો તડે મુંકે ઈનજો ઈતિહાસ ચોજા.' (ભાઈ, પિતાશ્રીએ આ નવો અવસર શા માટે બહાર પાડ્યો છે તે મને સમજાતું નથી. સાંજના તમો જ્યારે નવરા પડો ત્યારે મને એની પાછળનો ઈતિહાસ કહેજો.)

પ્રત્યુત્તરમાં કારભારીએ ઓઠા સામે જોયું અને એની શ્વેત મૂછો ફરફરી રહી.

★

સાંયકાળ થતા જ ફરીથી ઓઠાએ કારભારીનો ખેસ પકડ્યો. એને જોતાં જ કારભારી હસી પડ્યા. આજે સવારથી ઓઠો એનો કેડો મૂકતો નહોતો. 'બિચારો ઓઠોકુમાર.' કારભારી વિચારી રહ્યો. મહારાજ જેમ જેમ અવસ્થાએ પહોંચતા જાય છે તેમ તેમ પ્રગતિના સોપાન સર કરતા જાય છે. સમગ્ર કચ્છ તેમના તાબામાં આવી ગયું છે. ઓઠાથી મોટો દેદો, ગજણ અને હોથી તો યુવાવસ્થામાં પહોંચી ગયેલ હોવાથી તેમનું અલગ જ મિત્રમંડળ છે. પરંતુ નાના ઓઠાને કોઈ ભેળવતા નથી અને મહારાજા સતત કાર્યશીલ રહેતા હોવાથી બાળકુંવરને ભાગ્યે જ પિતા પાસે જવાનો મોકો મળે છે. તેથી તો કુવંરે પોતાના સાધ્યો છે.

અત્યારે કચ્છની રાજધાની લાખિયાર વીયરામાં ચહલ-પહલ ઓછી થઈ ગઈ હતી. બંને જણા ગામને પાદરે પહોંચી આવ્યા. પશ્ચિમ દિશામાં વાદળીઓની વચ્ચે બીજનો ચંદ્ર ડોકિયા કરી જતો હતો. ઈશાન ખૂણે ઝબુકતી વીજની વચ્ચે કવચિત્ અમી છાંટણાથી સાંયકાળ પ્રફુલ્લિત બની ગઈ હતી.

બંને જણ એક શિલા પર બેઠા.

ખોંખારો ખાઈ કારભારીએ બોલવાનું શરૂ કર્યું. 'કુંવર સાહેબ, હું તો તમારા પિતા સાથે ઠે…ઠ યુવાવસ્થાથી રહ્યો છું; જ્યારે તેઓ લાખિયાર વીયરા છોડી રાયધણ ઢુવા પર જઈ વસ્યા…'

'હમ…' કુંવરે હોંકારો ભણ્યો.

'તમારા દાદા જામ લાખા સિંધથી કચ્છમાં આવી થોડો સમય પધ્ધરગઢમાં રહ્યા. પરંતુ તેમને મજા ન આવતાં તેનો ત્યાગ કરી તેની ઉત્તર દિશામાં ચાલી નીકળ્યા અને ભડલી ગામ પસાર કરી હાલના આ સ્થળે પાણીનો મોટો વીરડો ખોદાવ્યો. પોતાના નિઃસંતાન ભાઈ લાખીયારના નામ પરથી આ સ્થળનું નામ લાખિયાર વીયરા પાડ્યું.'

કુમાર સાનંદાશ્ચર્ય બધું સાંભળી રહ્યો.

'આપણું લાખિયાર વીયરા ત્યારે તદ્દન ખોરડું હતું. તમારા દાદાશ્રી દેવ થતાં તમારા પિતાશ્રી ગાદીએ બેઠા…' અને કારભારી ભૂતકાળમાં સરી પડતાં પોતાની જીભની લગામ છૂટી જ મૂકી દીધી.

★

આજે રાયધણનો ખૂબ જ પિત્તો ગયો હતો.

લાખિયાર વીયરા જેવા નાનકડા ખોરડાનું હજુ માંડ જરા ઠેકાણે પડે ત્યાં આસપાસના જત લોકો આવીને બધું રમણ-ભમણ કરી જતા.

ખેડૂતોના ઊભા પાક લણી લેવા, વટેમાર્ગુઓને લૂંટી લેવા જેવી બાબતો તો જાણે રોજિંદી બની ગઈ હતી. પરંતુ હવે તો તેઓ લાખીયાર વીયરામાં ખૂલ્લેઆમ આવીને ધાડ પણ પાડી જતા. આજુબાજુ કોઈ બળવાન સત્તા ન હોવાથી રાયધમને કોઈનો સાથ નહોતો મળતો. તેથી જતોએ તેના નાકે દમ લાવી દીધો હતો.

હવે આજરોજ કાંઈ બાકી રહ્યું હોય તેમ જતોએ એકીસાથે વેપારીઓને લૂંટી લીધા હતા અને તેથી આજે રાયધણનો પિત્તો ખૂબ જ ગયો હતો. પરંતુ નિઃસહાય તે કાંઈ પણ કરી શકે તેમ નહોતો. ગુસ્સાને લીધે તેની મૂછો કાંપી રહી હતી. વારેઘડીએ તેનો હાત તલવારની મૂઠ પર જતો હતો.

કારભારી આ બધું જોઈ રહ્યો હતો. તેને પણ આ બધું અસહ્ય લાગતું હતું. આખરે તે હિંમત કરી બોલ્યો, 'મહારાજ, બેઅદબી માફ કરશો, પણ આપને વાંધો ન હોય તો સલાહ આપું?'

મહારાજે હકારમાં ડોકું ધુણાવ્યું.

'આપણી રિયાસતનું જ સ્થળાંતર કરીએ તો કેમ?' એકીશ્વાસે કારભારી બોલી ગયો.

'હા… હા… મહારાજ, અમો હવે અહીં રહેવા માંગતા નથી. અમારી અહીં સલામતી નથી…' હાજર રહેલા બધા પ્રજાજનો બોલી ઊઠ્યા.

અને બીજે દિવસે આખું ગામ ખાલી થઈ ગયું. કાફલો ચાલતો ગયો… ચાલતો ગયો… અને બન્ની પાસે એક ટેકરો છે…

'એ ટેકરા પર બધા વસ્યા ખરુંને?' કુંવર કારભારીની તંદ્રા તોડતાં વચ્ચે બોલી ઊઠ્યો. 'અને એ ટેકરાનું નામ મારા પિતાના નામ પરથી રાયણધઢુવા પડ્યું. પછી?' કુંવરે એ સાથે પૂર્તિ પણ કરી લીધી.

કારભારી વાસ્તવિક ધરતી પર આવી પડ્યો. કુંવરની હોંશિયારી જોઈ મનમાં બોલ્યો, 'મોરના ઈંડાને ચીતરવા ન પડે.'

પુનઃ કારભારીએ આંખો મીંચી લીધી અને વાણીના પૂર ઉમટ્યા.

'મહારાજને ઘણી ખમ્મા...' કહેતોકને સવારના પહોરમાં ગરીબનાથનો શિષ્ય રાયધણ ઢુવા પર દોડી આવ્યો. આજ અષાઢી બીજનો દિવસ હતો. રાયધણજીના હૈયામાં કંઈક ઊંડે ઊંડે આગમના સૂર કળાતા હતા. ત્યાં એમના એવા જ ભાવને વાચા આપવા આ શિષ્ય શ્વાસભેર દોડી આવ્યો.

હાંફતા હાંફતા જ એણે કથની શરૂ કરી. 'મહારાજ, હવે ભડલીમાં જતોના દિવસો ભરાઈ ગયા છે. ગયા અઠવાડિયે હું ભીક્ષા લેવા જતો હતો ત્યાં એ લોકોએ મારા ભૂંડા હાલ કર્યા. આવું અપમાન સહન ન થવાથી અન્નજળનો ત્યાગ કરી હું ગુરૂજીની સમાધિ પાસે બેસી ગયો. ગઈ મોડી રાત્રે સમાધિમાંથી મને અવાજ સંભળાયો :

*'ગરવે ગરીબનાથજો, આયો કને અવાજ,*
*કૂડા જત કઢી કરે, ડિનું રાયધણ રાજ.'*

(ગરીબનાથનો ગૌરવવંતો સ્વર સંભળાયો કે, 'લુચ્ચા એવા જત લોકોનો ત્રાસ દૂર કરી હું કચ્છનું રાજ્ય રાયધણને સોંપું છું.)

કહી શિષ્ય શ્વાસ લેવા થોભ્યો અને પછી તુરત જ આગળ ચલાવ્યું, 'આ ઉપરાંત સમાધિ પાસે રાતા રંગનું કપડું પડ્યું હતું. તેથી એ હું લેતો આવ્યો છું. આપશ્રી આપની પાઘડી પર તેને પેચ તરીકે ધારણ કરી યુધ્ધે ચડશો તો આપને અવશ્ય વિજય પ્રાપ્ત થશે. હવે ઘડીનોય વિલંબ કર્યા સિવાય આક્રમણ કરી દો.'

યોગી ગરીબનાથના શિષ્યના વચન સાથે મહારાજ રાયધણજીને પોતાને આજે વહેલી સવારના આવેલ સપનાની પૂર્તિ થતા દેખાઈ. આજે વહેલી પરોઢના તેમને આવું જ સપનું આવેલું. જેમાં ગરીબનાથજીએ લાખીયાર વીયરા પર હુમલો કરી લાખીયાર વીયરા, ભડલી તથા આજુબાજુનાં ગામોને જત લોકોના ત્રાસમાંથી મુક્ત થવાનો આદેશ આપેલો.

ઘડીનોય વિલંબ કર્યા સિવાય ગરીબનાથના શિષ્યને નમન કરી રાયધણજીએ પોતાની પાઘડી પર રાતો પેચ બંધાવ્યો અને નિશ્ચય કર્યો કે જો પોતે કચ્છમાં શાસન સ્થાપી શકશે તો અષાઢી બીજને કચ્છી નવા વરસ તરીકે ઉજવવાની શરૂઆત કરશે. પછી તુરત જ સેનાપતિ અને સરદારોને બોલાવીને આજને આજ પધ્ધતિસરનો હુમલો કરી જત લોકોને પરચો બતાવવાનું જણાવ્યું.

કેટલાય સમયથી પડકારને ઝીલી લેવાની હોંશથી થનગનતા સૈન્યને બહાદુરી બતાવવાની તક મળી અને અષાઢી બીજના દિવસે જ લાખીયાર વીયરા પ્રતિ કૂચકદમ કરી ગયા.

લાખિયાર વીયરામાં અસાવધ જતો પર ધબડાટી બોલાવી દેતા, ઊંઘતા ઝડપાયેલા જતોને તુરત જ શરણાગતિ સ્વીકારવી પડી. પોતાની તમામ શક્તિ હવે રાયધણજી માટે વાપરવી પડશે એ શરતે મહારાજે તેમને પોતાના સૈન્યમાં ભેળવી લીધા બાદ ભડલી પણ કબજે કરી લેતાં, એ દિવસ મહારાજ માટે અતિ શુકનવંતો નીવડ્યો.

લાખિયાર વીયરા અને ભડલી રાયધણજીના પુનઃ કબજામાં આવી ગયાના સમાચાર સાંભળી આજુબાજુના નાના ખોરડાઓએ આપમેળો જામની સત્તા સ્વીકારી અને લાખિયાર વીયરા ધીમે ધીમે કાઠું કાઢતું ગયું.

યોગી ગરીબનાથના આશીર્વાદ પૂરેપૂરા ફળ્યા હોય તેમ જામ રતા રાયધણજીએ ઠેઠ વાગડના કંથકોટ સુધી પોતાની આણ ફેલાવી; તો સાથોસાથ દર વર્ષે અષાઢી બીજને કચ્છી નવા વરસ તરીકે પણ ઉજવતા આવ્યા.

'...અને આ રીતે કચ્છી નવું વરસ શરૂ થયું, બરાબરને?' અધીર બાળકુંવર વચ્ચે બોલી ઊઠ્યો.

'ભારે ઉતાવળા. હજુ મારી વાત ચાલુ જ છે.' સ્મિત વેરીને કારભારીએ કુંવરના હાલે હળવી ટપલી મારીને પુનઃ સરસંધાન કર્યું.

'કચ્છ એક બળવાન રાજ્યસત્તા બનવાથી ભારતવર્ષના અનેક રાજવીઓએ મૈત્રી માટેનો હાથ લંબાવ્યો અને એ રીતે રાયધણજીને ભરતભૂમિના પશ્ચિમાંચલના એક શૂરવીર રાજવી તરીકે દિલ્હીના તખ્ત પર આસનસ્થ પૃથ્વીરાજ ચૌહાણની મિત્રતા પણ પ્રાપ્ત થઈ.'

બાળકુંવરે પૃથ્વીરાજ ચૌહાણ વિશે સાંભળ્યું હતું. તેથી તેને રસ પડ્યો અને એકધ્યાન થઈ સાંભળવા લાગ્યો.

'આપણી ભારતભૂમિ અનેક મહત્ત્વાકાંક્ષીઓને આકર્ષે એવી હોવાથી શાહબુદ્દીન ઘોરી દિલ્હીનું તખ્ત સર કરવા સતત પ્રયત્ન કરી રહ્યો હતો. અલબત્ત, પૃથ્વીરાજ ચૌહાણ અપ્રતિમ શૌર્ય તથા વિશાળ સેનાબળ ધરાવતો હોવા છતાં ઘોરીના મહેરામણ સમા સૈન્યને પહોંચી વળવા માટે ભારતના અનેક રજવાડાઓની મદદની જરૂર પડતી. કમનસીબે રાજપૂતોમાં કુસંપ હોવાથી પૃથ્વીરાજને જરૂરી સાથ નહોતો મળતો ત્યારે અનેક રજપૂત રિયાસતોના વિરોધ છતાં જામ રતા રાયધણજી પૃથ્વીરાજ ચૌહાણની મદદે ગયેલા.'

બોલીને કારભારી સહેજ થંભ્યો અને પછી લાંબો શ્વાસ ખેંચી બોલ્યો, 'પરંતુ અંતે બનવાકાળ બને છે, એ રીતે દિલ્હીનું તખ્ત ઘોરીને મળ્યું. દિલ્હીની ગાદી પર બેઠા બાદ અગાઉના કુલે સત્તર વખત થયેલા યુધ્ધોમાં પૃથ્વીરાજ ચૌહાણને સાથ આપનાર રજવાડાઓને દાઢમાં રાખી તેમને પોતાના તાબામાં લેવા માંડ્યો. એ રીતે એણે કચ્છના રાજવીને પણ જાસો મોકલ્યો કે કાં તો ખંડણી ભરી ઘોરી સલ્તનતની આણ સ્વીકારો અથવા લડવા તૈયાર થઈ જાઓ. આપણા બહાદુર રાજવીએ પડકાર ઝીલી લીધો અને લડવા આવેલા ઘોરીના લશ્કરને કચ્છી લશ્કરે વીરતાનો

પૂરેપૂરો સ્વાદ ચખાડ્યો. અગાઉના પૃથ્વીરાજ ચૌહાણની સહાય માટેના યુધ્ધો અને આ સંગ્રામમાં જતોનો પણ પૂરેપૂરો સાથ મળ્યો. અંતે ઘોરીના સૈન્યને નામોશીભરી હાર સ્વીકારી નાસી જવું પડ્યું. દિલ્હીની ઘોરી સલ્તનતને તાબે ન થવાથી કચ્છના નાના ગરાસો પણ ભારે આનંદમાં આવી ગયા અને એ પછી થતી કચ્છી નવા વરસની ઉજવણીમાં નાના પાયેથી શરૂઆત થઈ ચૂકી હોવા બાદ તેને રાજ્યોચિત દરજ્જો આપી ગામે-ગામ તેની ઉજવણી કરવાની પ્રથામાં દેશભક્તિ ભળી. આમ, અષાઢી બીજની ઉજવણીમાં વિજયનો ધનુષ્ટંકાર પણ સામેલ છે.'

વાત પૂરી કરી કારભારી બાળ કુંવર તરફ જોઈ મીઠું મલક્યો.

પોતાના પિતાના પરાક્રમોની ગાથા સાંભળી કુંવર અહોભાવથી કારભારી સામું જોઈ રહ્યો. વર્ષોથી ઉજવાતી આવતી અષાઢી બીજ માત્ર શુષ્ક પરંપરાની દૃષ્ટિએ નહીં પરંતુ કચ્છી અસ્મિતાના કેન્દ્રરૂપ બાબત હોવાની પ્રતીતિ થતાં તેની દૃષ્ટિ બદલાઈ ગઈ.

અવનિ પર અંધારાના ઓળા ઊતરી ચૂક્યા હતા. સપરમા દા'ડાના ઉત્સવની પૂર્તિરૂપે દરબાર દુર્ગના પ્રવેશદ્વારે વિજયરૂપી ભેરીનાદ સાથે કચ્છી શરણાઈ અને નગારા વાદન શરૂ થતાંવેંત કારભારીએ ઊભા થઈ રાજમહેલની દિશા તરફ પ્રયાણ શરૂ કર્યું.

પાછળ બાળકુંવર અનુસરી રહ્યો.

**નોંધ :**

૧. કચ્છની વર્તમાન ભુજનગરી રાજધાની તરીકે પ્રસ્થાપિત થઇ એ પહેલાં ક્રમશઃ લાખા ફુલાણીના સમયમાં કેરા અને ત્યારબાદ સિંધના જામ જાડા (ઇ.સ. ૧૦૮૪થી ૧૧૪૭)ના દત્તક પુત્ર જામ લાખા (ગાદી સમય ઇ.સ. ૧૧૪૭થી ૧૧૭૫)એ કચ્છમાં આવી પોતાના ભાઈના નામ પરથી લાખિયાર વીયરા વસાવી તેને કચ્છની રાજધાની સ્થાપિત કરી હતી. જેના પરથી કચ્છમાં એકસૂત્રી જાડેજા વંશની સ્થાપના થઈ. એમાં રતા રાયધણના પૂર્વજો જ નિમિત્તરૂપ બન્યા હતા. અલબત્ત, 'જાડેજા' અટક માટે ભિન્ન ભિન્ન અભિપ્રાયો જોવા મળે છે. લાખા અને લાખિયાર જોડકા ભાઈ હતા. જોડકાના સિંધીમાં 'જાડા' કહેતા હોઈ તે પછીના વંશતો 'જાડે-જા' એટલે કે 'જાડા ના' કહેવાયા. કચ્છીમાં 'જા' એ છઠ્ઠી વિભક્તિ છે. અન્ય તર્ક મુજબ જામ લાખાને નિઃસંતાન જામ જાડાએ દત્તક લીધો હતો. તે પરથી આગળનો વંશ 'જાડેજા' કહેવાયો. તો અન્ય ધારણા મુજબ નગરસમૈમાં સાંધભડનો એકનો એક પુત્ર ગંભીર બીમાર પડતા સાંધ પોતાના ઇષ્ટદેવી આશાપુરાના શરણે જઇ માતાજીનો 'જાડો' નખાવ્યો. તેથી બાળક બચી જતાં માતાજીની કૃપાની સ્મૃતિરૂપે તેનું 'જાડે-જો' નામ રાખ્યું. એના વંશજ 'જાડેજા' તરીકે જાણીતા થયા. રતા રાયધણના વેશમાં આગળ જતા જામ હમીરજી અને જામ રાવળ થયા. જામ રાવળે જામ હમીરજીને મારીને દગાથી કચ્છનું રાજ્ય લીધું. હમીરજીના પુત્ર ખેંગારજીએ અમદાવાદના પાદશાહ મહમદ બેગડાની સહાયથી કચ્છ પુનઃ જામ રાવળ પાસેથી જીતી લીધું ત્યારે જામ રાવળ હાલારમાં ઊતરી જતાં પહેલાં કચ્છના ઘણાખરા ગામો ચારણોને દાનમાં આપતો ગયેલો પણ લાખિયાર વીયરા પોતાના કબજામાં રાખેલું. ખેંગારજીએ સંવત ૧૬૦૫માં ભુજને કચ્છની રાજધાની તરીકે પ્રસ્થાપિત કરી ત્યારે જામ રાવળે લાખિયાર વીયરા ચારણોને દાનમાં આપી દીધું.

૨. આ લાખિયાર વીયરા ગામ અત્યારે તો જાણે ૧૮મી સદીમાં જીવી રહ્યું હોય એમ તદ્દન પછાત છે. અતિ પ્રાચીન એવા તૂટેલા દુર્ગના ભગ્નાવશેષો, પાળિયાઓ અને દેરીઓ પર માલધારીઓ બીડી ફૂંકતાં બેસીને આજુબાજુના વિસ્તારમાં ચરતા પોતાના ઢોરો પર નજર રાખે છે. અહીંની ગુફાઓમાં તથા ટેકરાઓ પર શરણનાથ તથા ગરીબનાથના સ્મૃતિ અવશેષો જોવા મળે છે. ત્યાંથી બન્ની તરફ જતાં રાયધણ ઢુવા નામે ઓળખાતો ટેકરો અત્યારે પણ વિદ્યમાન છે. તો દક્ષિણ તરફ જતાં હાલના 'ભડલી' ગામમાં પ્રવેશતાં તેની પ્રાચીનતાનો ખ્યાલ આવે છે. કચ્છના ખ્યાતનામ લેખક, માંડવીના વતની ડૉ. જયંત ખત્રીનું પ્રિય આ સ્થળરૂપ ગામ લોકસાહિત્યમાં 'ભડલી વાક્ય'ના સંકેતો સાથે મહાભારતકાલીન સહદેવ સાથેની દંતકથા જોડી આપે છે.

૩. તો શાહબુદ્દીન ઘોરી સાથેના યુધ્ધમાં પૃથ્વીરાજની મદદે ગયેલા રતા રાયધણનું વર્ણન 'પૃથ્વીરાજ રાસો'માં મળે છે. ત્યારબાદ કચ્છ પર ચઢી આવેલ ઘોરી સેના સાથે કચ્છી સૈન્યના યુધ્ધનું છૂટક છૂટક વર્ણન કચ્છના ઇતિહાસમાંથી પ્રાપ્ત થાય છે. પરંતુ આ યુધ્ધ કચ્છમાં ક્યાં લડાયું હતું એની કોઈ વિગત આ લેખકે ખૂબ પ્રયત્નો કર્યા છતાં મળી નથી. તેથી જો કોઈ પાસે માહિતી હોય તો આ ગૌરવપ્રદ ઘટના પર વિશેષ પ્રકાશ ફેંકવા નમ્ર વિનંતી છે. કારણકે આ એક યુધ્ધ ઉપરાંત રાઓ દેશળજીના સમયમાં કટારિયાના કાંયાજીની ઉશ્કેરણીથી ઇરાનથી શેર બુલંદખાન પચાસ હજાર સૈન્ય સાથે ભુજ પર ચઢી આવ્યો (વિ.સં. ૧૭૭૬ની આસપાસ). ત્યારે ભુજિયા ડુંગરની તળેટીમાં થયેલા ધમાસાણ યુધ્ધમાં કચ્છે જીત મેળવેલી (તે વખતે ભુજિયા ડુંગર પરનો કિલ્લો અડધો જ ચણાયો હતો). ત્યારબાદ થયેલા ઝારાના યુધ્ધમાં કચ્છીઓનું નિકંદન નીકળી ગયેલું. આમ તો ગણ્યા ગાંઠ્યા થયેલા યુધ્ધો પૈકીનું ઘોરી સૈન્ય સામેનું યુધ્ધ એક સીમાચિહ્નરૂપ ઘટના છે.

*૬/બી, ગોકુલધામ, નલિયા, કચ્છ.*
*મો. ૯૮૭૯૩ ૨૧૬૫૬*

***"મંગલ મંદિર"ના ઓગસ્ટ-૨૦૨૨ના અંકમાં પર્યુષણ પર્વ નિમિત્તે પર્યુષણનું મહત્ત્વ, ઔચિત્ય અને પર્વ નિમિત્તના સંદેશા અંગેના લેખો આવકાર્ય છે.***

# કચ્છી નવું વર્ષ

કાનજી જે. મહેશ્વરી

*મહેશ્વરી સમાજના વિદ્વાન સમાજ સુધારક, લેખક, કચ્છી સાહિત્યના પુરસ્કારથી પુરસ્કૃત શ્રી કાનજીભાઈ મહેશ્વરી કચ્છી દલીત સાહિત્યનું ગૌરવ છે. શ્રી કાનજીભાઈની વાર્તાઓમાં દલીત પીડિતોના વર્ગની સંવેદના, સ્પંદનો ઉજાગર થાય છે.*

*ગજણ ગજે, ને મોરલા બોલેં*
*મથે ચમકે વિજ.*
*હલો પાંજે કચ્છડે આવી 'અષાઢી બીજ!'*

★

*કચ્છી નવા વર્ષે કચ્છીયતકે બુસકારીંધ ભા-ભેણેં કે વધાઈ!*

હિંદુ ધર્મમાં પર્વ - ઉત્સવનું વિશેષ મહત્ત્વ છે. આ તહેવાર - ઉત્સવથી આપણી સંસ્કૃતિ ચેતનવંત જીવંત થઈ ઉઠે છે.

કચ્છમાં કચ્છી નવા વર્ષનો પ્રારંભ અષાઢી બીજથી થાય છે. એક માન્યતા એવી પણ છે કે લાખા ફુલાણીના સમયથી કચ્છી નવા વર્ષની ઉજવણીનો આરંભ થયો.

પૌરાણિક ધાર્મિક માન્યતાની એક કથા જાણીતી છે : શ્રીકૃષ્ણ એક વખત દ્વારિકામાં રાત્રિ રોકાણમાં સૂઈ ગયા હતા. ત્યારે બાજુમાં રૂકમણિ રાણી પણ સૂતા. નિંદ્રા દરમિયાન કૃષ્ણના મુખેથી 'રાધા' નામનો ઉચ્ચાર રૂકમણિના કાને પડ્યો. રૂકમણિ રાણી અચંબામાં પડી ગઈ. સવાર થતા તેણે અન્ય પટરાણીઓ સાથે રાધા અંગેની વાત કરી. સૌ રાણીઓ આપસમાં ચર્ચા કરે છે : આપણી આટલી બધી સેવા, પ્રેમ, સમર્પણ પછી પણ સ્વામી કૃષ્ણ 'રાધા'નું જ સ્મરણ કેમ કરે છે? ત્યારબાદ ભગવાન કૃષ્ણ અને બલરામ બહાર ગયા હતા એ તકનો લાભ ઉઠાવી ૧૬,૧૦૮ પટરાણીઓએ માતાને પૂછ્યું : હે માતાજી! અમોને છોડીને સ્વામી રાધાનું સ્મરણ કેમ કરે છે? પટરાણીઓને આશ્વાસન આપતા માતાજી કહે છે : જુઓ! આ ગુપ્ત વાત તમને કહું ખરી, પણ વાત ચાલુ હોય ને વચ્ચે બલરામ કે કૃષ્ણ રાજમહેલમાં આવી જાય તો? આખરે રાજમહેલનાં દરવાજે સુભદ્રાને બેસાડવા અને કૃષ્ણ - બલરામ મહેલમાં પ્રવેશે તો ચેતવણી આપવી — આ મુજબ નક્કી થયું.

રાજમહેલના મોટા મહેલમાં રાણીઓ શ્રોતારૂપે હાજર રહી અને માતાજીએ ઊંચા આસને બિરાજી કથા કહેવાનો પ્રારંભ કર્યો. મહેલના બધા પ્રવેશદ્વાર બંધ કરવામાં આવ્યા. એક મુખ્ય પ્રવેશદ્વાર બંધ કરી તે દ્વારની બહાર સુભદ્રાને બેસાડવામાં આવ્યા.

સુભદ્રાજી એ બંધ દરવાજા પર કાન રાખી, અંદર ચાલતી કથા સાંભળવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ઘણા સમય પછી અચાનક બંને ભાઈ બલરામ અને કૃષ્ણ રાજમહેલનાં પ્રવેશદ્વારે પહોંચ્યા. આવીને જોયું તો દરવાજો બંધ છે — બહેન સુભદ્રાજી દરવાજા ઉપર કાન રાખી કંઈક સાંભળી રહી છે. શું છે? કંઈ સમજ નહીં પડતા બહેનને પૂછ્યું : બહેન, દરવાજો કેમ બંધ છે? ખોલ, અમોને અંદર જવું છે. સુભદ્રાજીએ માતાજીનાં આદેશની વાત કરી - આપ બંને ભાઈને અંદર જવાનું નથી. એ સ્પષ્ટ કહી દીધું.

બહેનની સાથે ત્રણે જણા (બલરામ - કૃષ્ણ) દરવાજાએ પોતપોતાના કાન ધર્યા. સાંજ થવા આવી. અંદરથી દરવાજો ખૂલ્યો નહીં, ને કથા સતત ચાલતી રહી. કહે છે કે : રાજમહેલના બંધ પ્રવેશદ્વારે સુભદ્રા, બલરામ અને શ્રીકૃષ્ણે એકિટસે અંદરની વાત સાંભળવા કાન ધર્યા હતા. તેનાથી ત્રણે જમાના હાથ-પગ સંકોચાવા લાગ્યા. આંખો મોટી થઈ ગઈ.

આ સમય દરમિયાન શ્રીકૃષ્ણને મળવા નારદજીનું આગમન થાય છે. ત્રણે જણાની આંખો મોટી થઈ ગઈ, હાથ-પગ સંકોચાઇ ગયેલા જોઈ નારદજીએ મજાકમાં કહ્યું : હે પ્રભુ! તમારૂં આ રૂપ જગતને બતાવો. ભગવાને કહ્યું, ત્રેતાયુગ પછી આ રૂપ જગતને બતાવીશ.

આ પૌરાણિક ધાર્મિક કથાનુસાર 'રથયાત્રા' શરૂ થઈ છે. રથમાં બિરાજી ત્રણે જણા (સુભદ્રા, બલરામ, શ્રીકૃષ્ણ) જગતને દર્શન દેવા જાહેરમાં પધારે છે. અને એ રથયાત્રાનો પ્રારંભ હતો અષાઢી બીજ. દર વર્ષે ભારતમાં અને વિદેશમાં પણ અષાઢી બીજનાં દિવસે ભગવાન જગતને દર્શન આપવા જાહેર રોડ ઉપર મંદિરથી બહાર આવે છે.

ધાર્મિક માન્યતાઓ અને પરંપરા મુજબ શ્રીકૃષ્ણ - રાધાને

દિવ્ય યુગલ સ્વરૂપ માની અને ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાની પણ લાકડાની મૂર્તિઓ સાથે ત્રણ રથની રથયાત્રા કાઢવાની પરંપરા ચાલુ છે. અષાઢી બીજે જગન્નાથ પ્રભુ, બલભદ્રજી અને સુભદ્રાજીનું ષોડશોપચાર કરી પૂજન કરીને તેમને દિવ્ય રથ પર યાત્રા કરાવવાનું સવિશેષ મહત્ત્વ છે. રથયાત્રાનાં રથ કોઈ મોટર કે એન્જિનથી ચલાવવામાં આવતા નથી પણ રથને જાડા દોરડા (રસ્સા) વડે બાંધવામાં આવે છે. આ લાંબા દોરડાને લોકો ખેંચે છે અને તેનાથી રથ ચાલે છે. જે ભગવાનના રથનાં દોરડા ખેંચે – તેના જીવનનો રથ ભગવાન ચલાવે છે – આ શ્રદ્ધા વિશ્વાસ અખંડ છે.

મથુરા - વૃંદાવનમાં બીજી એક એવી માન્યતા છે કે : કંસે બાલકૃષ્ણને ગોકુળથી તેડી લાવવા અક્રૂરજીને મોકલ્યા હતા. એટલે અક્રૂરજીએ જે દિવસ બાલકૃષ્ણને ગોકુળથી મથુરા લાવવા રથમાં બેસાડ્યા હતા... એ દિવસ અષાઢી બીજ હતી. એટલે એ માન્યતાએ ત્યાં રથયાત્રા અષાઢી બીજે નીકળે છે.

અષાઢ માસ અન્ય રીતે પણ મહત્ત્વ ધરાવે છે. અષાઢી બીજે પાટ જ્યોત પરંપરાએ નિઝારી પાટ રચના થાય છે. અનાદિકાળની આ જ્યોત પરંપરા બાબા રામદેવજી મહારાજના પાટ પણ મંડાય છે. ચાર યુગની પાટે આરતી ગવાય. આરાધી ભજનવાણી થાય એ પરંપરા વર્તમાનમાં અષાઢી બીજને મહત્ત્વ અપાય છે તથા અષાઢી અમાસને 'દિવાસા' તરીકે ઉજવે છે.

જૈન ચાતુર્માસનો પ્રારંભ અષાઢ માસથી થાય છે. અષાઢ માસમાં ગૌરી વ્રત, અલૂણા જેવા તહેવારો પણ આવે છે.

બીજી એક માન્યતા એ છે કે : રાજા વિક્રમાદિત્યે શક રાજાઓને હરાવી અવંતિ દેશને મુક્ત કર્યો હતો. એના માનમાં ઇસવીસન પૂર્વે ૫૬ (છપ્પન) વર્ષ આ સંવતની શરૂઆત થઈ.જે વિક્રમ સંવત કહેવાય છે. આ વિ.સં.નો નવમો મહિનો તે અષાઢ આવે છે.

## અમદાવાદ - રથયાત્રા

રથયાત્રા હિંદુ તહેવાર છે. અમદાવાદમાં જગન્નાથ મંદિરેથી દરેક અષાઢી બીજે રથયાત્રાનું આયોજન કરાય છે. જમાલપુર મહોલ્લામાં જગન્નાથ મંદિરની સ્થાપના અંદાજિત ૪૫૦ વર્ષ પહેલાં સાધુ સારંગદાસજીએ કરી હતી. જગન્નાથ મંદિર ભક્તો માટે દરરોજ વહેલી સવારે ૪.૩૦ વાગ્યાથી બપોરે ૧૩.૦૦ કલાક સુધી અને પછી ૧૫.૦૦ વાગ્યાથી છેક રાત્રિના ૯.૦૦ વાગ્યા સુધી ખુલ્લો રહે છે.

અમદાવાદની રથયાત્રા અને પૂરીની રથયાત્રામાં સમાનતા મળે છે. પરંપરા અનુસાર હાથીઓને જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાજીની પહેલી ઝલક મળે છે અને સરઘસ યાત્રાનું નેતૃત્વ હાથીઓ કરે છે.

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી જાતે ભગવાન જગન્નાથના રથ માટે પહિંદ વિધિ – રસ્તાની સાફસફાઈ કરે છે. તે પછી જ યાત્રા શરૂ થાય છે. રથયાત્રા અમદાવાદ શહેરના વિભિન્ન વિસ્તારોમાંથી પસાર થાય છે. અંદાજિત ૧૪ કિ.મી.નો પથ છે. યાત્રા સરસપુરમાં રોકાય છે. ત્યાં રથયાત્રીઓની ભીડને મહાપ્રસાદ (ભોજન) અપાય છે. ગુજરાતમાં આ એક સાર્વજનિક સમતાયુક્ત તહેવાર ઉજવાય છે.

જગન્નાથ મંદિર : ભારતના ઓડિસા રાજ્યના 'પૂરી'માં કૃષ્ણનાં એક રૂપને જગન્નાથ રૂપે પૂજવામાં આવે છે. પૂરીનું મંદિર અનંતવર્મન ચોડગંગા દ્વારા સ્થાપિત કરેલ હોવાનું મનાય છે. પૂરીનું મંદિર રથયાત્રા ઉત્સવ માટે સૌથી શ્રેષ્ઠ નંબર-૧ ગણાય છે. જગન્નાથ મંદિર લાકડાનું બનેલું છે. ભારતની ચારધામ તીર્થયાત્રામાં જગન્નાથ મંદિરનો પણ સમાવેશ થાય છે. જગન્નાથ મંદિરમાં જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાની પૂજા થાય છે. ગર્ભગૃહમાં આ ત્રણની મૂર્તિઓ છે. દેવતાઓને ઋતુ અનુસાર વિભિન્ન વસ્ત્ર-અલંકાર રત્નોથી અલંકૃત કરાય છે.

ઈતિહાસ કહે છે : જગન્નાથ, એ નારાયણનાં પ્રતીકરૂપ છે. સબર નામે એક આદિવાસી દેવતા હતા. એટલે આદિવાસીઓ દ્વારા જગન્નાથની પૂજા કરાય છે. જગન્નાથ મંદિરનો ભોજન પ્રસાદ સંપૂર્ણ શાકાહારી છે. તેમાં લસણ, ડુંગળીની બિલકુલ મનાઈ છે.

જગન્નાથપુરી રથયાત્રા પ્રથમ કક્ષાની ગણાય છે. ત્રણ રથ હોય છે. યાત્રાનું અંતર ૩ કિ.મી. ગુંડિયા મંદિર સુધીનું હોય છે પણ વિશ્વભરમાંથી લાખોની સંખ્યામાં લોકો પૂરી જગન્નાથ રથયાત્રા મહોત્સવમાં ભાગ લે છે. પૂરીનાં રથ લાકડાના મોટા પૈડાઓ નકશીદાર હોય છે અને તે દર વર્ષે નવા તૈયાર કરવામાં આવે છે. જગન્નાથ રથ લગભગ ૪૫' ઊંચાઈ અને ૩૫' પહોળાઈ હોય છે. આ બનાવવા કારીગરો ૨ મહિના સુધી સતત કામ કરે છે. અહીં રથયાત્રામાં છેરા પહાડ મહત્ત્વનું છે. તહેવાર વખતે ગજપતિ રાજા સ્વીપરનો વેશ ધારણ કરીને ઝાડુથી રસ્તાને સાફ કરે છે. હાલમાં એ ઝાડું સોનાના હાથવાળી ઝાડું સુવર્ણ ઝાડુ છે, જે ગુજરાતમાં પણ મુખ્યમંત્રીશ્રી સુવર્ણ ઝાડુથી સફાઈ કરે છે. આ સમતા સમાજનો સંદેશો અપાય છે. કોઈ નાત-જાતનો ભેદ નથી. રાજા હોય કે મુખ્યમંત્રી હોય – સફાઈ કામદાર જે કામ કરે છે તે કામને અહીં શ્રેષ્ઠતા અપાઈ છે. આપણી માનસિકતા બદલવાનો સંકેત છે.

લોક સાહિત્યમાં પણ અષાઢ માસનો બહુ મહિમાગાન વગાય છે.

અષાઢ માસ ઓળઘોળ બની, અવનિ પર અનરાધાર વરસે;

માનવ જીવનનાં સૌનાં અંતરમનને સભર બનાવે, એ છે અષાઢી બીજની આભા!

*૧૫૦, ગણેશ નગર,*
*ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.*

# અષાઢી ગીત



જયેશ ઠક્કર

અષાઢી ગીત અને અષાઢી બીજ – બંને શબ્દો મધ્યમપદલોપી સમાસ છે. તેનું વિશ્લેષણ અનુક્રમે આ મુજબ થાય છે : (૧) અષાઢ માસમાં ગવાતા ગીત અને (૨) અષાઢ સુદ બીજ.

ગીતમાં ગેયતા હોય છે. સતયુગમાં લખાયેલા સામવેદના શ્લોકોમાં ગેયતા છે. તેના નાદથી એક પ્રકારની ઉર્જા ઉત્પન્ન થાય છે. આ ઉર્જામાંથી શાસ્ત્રીય અને ઉપશાસ્ત્રીય સંગીતની ઉત્પત્તિ થઇ એવું મનાય છે.

એ જ રીતે ગીત માટે બીજી પણ એક માન્યતા છે. બાળકનો જન્મ થાય ત્યારે એ રડે છે. તેનું પહેલું રુદન તેની માતા સાંભળે છે અને તેની વિશેષ અનુભૂતિ માતાને થાય છે. આ રુદનમાં પણ ગેયતા હોય છે. આ એક વિશેષ પ્રકારનું ગીત છે અને તેની અનુભૂતિમાંથી હાલરડું, લોકગીત, સુગમ ગીત, શૌર્યગીત અને ભજન જેવા સાહિત્યના પ્રકારો અસ્તિત્વમાં આવ્યા તેવું માનવામાં આવે છે.

આમ, શાસ્ત્રીય સંગીત અને અન્ય ગીતો માનવ મનની ભાવનાઓ સાથે એકમેકમાં ભળી ગયા. એમ કહો કે દૂધમાં સાકરની જેમ ભળી ગયા. સમય જતાં આ ગીતોની સંગત માટે અન્ય વાજીંત્રો પણ શોધાયા અને ઋતુઓ પ્રમાણે તેનું વિભાજન થતું ગયું અને સમય જતાં ગાયન, વાદન અને નર્તનને લોકોએ પોતાના જીવનમાં અગત્યનું સ્થાન આપ્યું. અને સમય જતાં આ ગેય તત્ત્વને રાજ્યાશ્રય મળ્યો. ભારતમાં અનેક રાજવીઓએ આ કલાનું સન્માન કર્યું. તેમાંના એક કલા પારખુ રાજવી એટલે આપણા કચ્છના મહારાવશ્રી લખપતજી. તેઓ કલા અને સાહિત્યને પોષનારા હતા. આપણે તેમનો ખરા હૃદયથી આભાર માનવો જ રહ્યો. તેમણે ૧૭૪૯માં વ્રજ ભાષાની પાઠશાળાની સ્થાપના કરી હતી. અનેક કવિઓને તેમણે પ્રોત્સાહન આપ્યું હતું. તે સમયમાં તેઓએ કવિઓને રહેવા તથા ભોજનની વ્યવસ્થા કરી હતી. આ વ્યવસ્થા રાજ્ય તરફથી કરવામાં આવતી હતી. આ વ્યવસ્થા મહારાવશ્રી ખેંગારજી સુધી – ૧૯૪૫ સુધી બરાબર ચાલતી રહી.

આમ, આશરે ત્રણસો વર્ષની કારકિર્દીમાં આ વ્રજભાષા પાઠશાળાએ ગીત, કવિત, છંદ અને દોહા જેવી અનેક બાબતો; માતા સરસ્વતીના ચરણે ધરી. વ્રજભાષા અને ચારણી સાહિત્યનું શિક્ષણ લેવા માટે અનેક પંડિતો ભારતભરમાંથી અહીં આવતા. અને કવિતનું બિરૂદ મેળવીને પ્રસન્ન થઇને પોતાના વતન પાછા ફરતા. આ ત્રણસો વર્ષ દરમિયાન વ્રજ ભાષાનો અને ચારણી સાહિત્યનો ખૂબ વિકાસ થયો. આવો, આવા ચારણી સાહિત્યના એક કવિતને આપણે મન ભરીને માણીએ.

*આષાઢ ઉચ્ચારમ્ મેઘ મલ્હારમ્*
*બની બહારમ્ જલધારમ્*
*દાદુર ડકારમ્ મયૂર પુકારમ્*
*તડિતા તારમ્ વિસ્તારમ્.*

*ના લહી સંભારમ્, પ્યાર અપારમ્*
*નંદ કુમારમ્ નીરખ્યા રી;*
*કહે રાધે પ્યારી, હું બલિહારી,*
*ગોકુળ આવો ગિરિધારી.*

આ કવિતમાં પાંચમી પંક્તિમાં ચારણ કવિ કદાચ એમ કહેવા માંગે છે કે, 'હું મારી જાતને સંભાળી શકતી નથી, અને મને માધવ પર અપાર પ્રીત છે.' આ પંક્તિમાં દરેક ગોપીની કૃષ્ણ પ્રત્યેની મનોભાવના પ્રસ્તુત થયેલી છે.

'મંગલ મંદિર'નો આ અંક અને આ કવિત સાચવી રાખજો. દર વરસે વર્ષાઋતુમાં આ કવિત વાંચવાનો અનેરો આનંદ આવશે અને અષાઢી બીજ એટલે વાદળ ને વીજ યાદ રહેશે.

અષાઢી બીજ એ કચ્છી (માડુ) લોકોનું શરૂ થતું નવું વરસ છે. આ અવસરને તેઓ ઉત્સવ માને છે. આજના દિવસથી વર્ષારાણીના કુમકુમ પગલા થાય છે. થોડાક ફોરા અને છાંટાને શુકન માનવામાં આવે છે.


કચ્છ પ્રદેશ રેતાળ છે પણ અહીંના લોકો હેતાળ છે. જ્યારે મોટા અધિકારીની અહીં બદલી થાય ત્યારે તેઓ રડતા રડતા આવે છે. પરંતુ ત્રણ વર્ષ પછી અહીંથી જાય છે ત્યારે પણ રડતા રડતા જ જાય છે.

એકાદ બે ઇંચ વરસાદ પડે ત્યાં તો લોકો ગીત ગાય છે : "મીં આયો, માધો આયો. ધરતી તોજો લાડો આયો.' અર્થાત્ વરસાદ આવ્યો, માધવ આવ્યો, ધરતી તારો સાહ્યબો (વરરાજા) આવ્યો. કચ્છના લોકોનું આ અષાઢી ગીત છે અને સાથે સાથે વર્ષાગીત પણ છે.

કચ્છમાં બે ઇંચ વરસાદ થાય ને તળાવમાં થોડું પાણી આવે. કૂવાના તળ ઊંચા થાય અને પાણીનો સ્વાદ મીઠો થાય. આ પાણી ભરીની દીકરી ઘેર આવીને કહે, 'મીં આયો, ત કૂવે જો પાણી મઠો થઇ વ્યો.' અર્થાત્ વરસાદ આવ્યો તો કૂવાનું પાણી મીઠું થઈ ગયું. તેની વાત સાંભળી દીકરીની માતા જવાબ આપે છે : 'ધી, કૂવે જો પાણી ત ઠીક, પણ માડુજા મન મઠ્ઠા થઇ વ્યા.' અર્થાત્ દીકરી, કૂવાનું પાણી તો ઠીક પણ (વરસાદ થવાથી) લોકોના મન મીઠા થઈ ગયા.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૨ ઉપર)

# શિવ સંકલ્પ



જયંતી જોષી 'શબાબ'

*'શબાબ'નો પરિચય આપતી નોંધ 'મંગલ મંદિર'માં પ્રગટ થતી જ રહે છે. વિનમ્ર, વિદ્વાન, બહુ ભાષા પરનું પ્રભુત્વ એ એમના લેખના ખાસ વિશિષ્ટ લક્ષણો છે. કચ્છીના વિકાસના પ્રચાર - પ્રસારણ માટે ભુજ રેડિયો સ્ટેશન પરથી ઘણા કાર્યક્રમ પ્રસારિત કરીને કચ્છીના વિકાસથી લોકોને પરીચિત કરાવેલ છે.*

*"તેરે આઝાદ બંદો કી,*
*ન યે દુનિયા ન વો દુનિયા,*
*યહાં જીને કી પાબંદી,*
*વહાં મરને કી પાબંદી."*

હા, એ વાત સાચી છે કે કોઈપણ આઝાદી પર્યાપ્ત નથી હોતી. કદાચ તેથી જ દેહમાં ગુલામની રીતે કેદ થયેલો આત્મા આઝાદી તો ઝંખે છે, પરંતુ દેહ પણ સલામત રાખવા માંગે છે એ મોટી વિડંબના છે! આપણને મળેલી બંધારણ દત્ત બાંહેધરી પ્રમાણે સમાનતા, સ્વતંત્રતા અને ભ્રાતૃભાવ ઉપર સૌનો અધિકાર છે. એ ન મળે ત્યાં સુધી આઝાદી અધૂરી છે, અપૂર્ણ છે.

દેશને આઝાદી મળ્યાનું પંચોતેરમું વર્ષ એટલે કે આઝાદીનો અમૃત મહોત્સવ ચાલુ છે, જે આપણે ઉજવી રહ્યા છીએ. એ ઉત્સવની વચ્ચે કચ્છી નવા વર્ષનું આગમન આવી પહોંચ્યું છે. સૌને વધાઈ આપવા સાથે આપણી ઈશ્વર પાસે એ સનાતન માંગણી ઊભી છે કે....

*'વરે વસંધો ડી જ.'*

જ્યાં સુધી માંગણી ચાલુ છે ત્યાં સુધી આઝાદી મળી નથી. ક્યાંક ને ક્યાંક આપણે કોઈને કોઈ ઉપર નિર્ભર રહેતા આવ્યા છીએ, એ જ વાસ્તવિક સત્ય છે.

સ્વતંત્રતા જ્યાં સુધી સ્વાધીનતામાં ન પરિણમે ત્યાં સુધી એ અધૂરી છે કારણકે...

*'પરાધીન સપને હું સુખ નાંહી.'*

આઝાદી માટે હવાતિયા મારતા કચ્છી માડુને પણ સમગ્ર દેશના નાગરિકની માફક ચાર ચીજોનો ડર રહ્યો છે. ફક્ત ડર જ નહીં એ ચાર સમસ્યાઓની નાગચુડ એને ભરડો લઈ રહી છે. જેમાં સૌથી પહેલી છે ગરીબી અને મોંઘવારી, બીજી છે બેરોજગારી અને ત્રીજી ધર્મવાદ અને કોમવાદ તથા ચોથી છે નેતાઓ, ઉદ્યોગપતિઓ સહિત છેવાડાના માનવી સુધી વ્યાપેલો ભ્રષ્ટાચાર.

માણસની આઝાદી આડે પડકાર બની ઊભેલી આ સમસ્યાઓને નાથવા દરેક નાગરિકે આત્મસંયમ, પ્રામાણિકતા તથા સાહસ અને ધીરજનો સંકલ્પ લેવો જોઈએ. એટલું જ પૂરતુ નથી કારણકે જ્યાં સુધી કોઈ પણ સંકલ્પનું આચરણમાં રૂપાંતર ન થાય ત્યાં સુધી તે ફક્ત આડંબર અને 'પરોપદેશે પાંડિત્યમ્' બની રહેતો હોય છે.

બેરોજગારી અને મોંઘવારીને નાથવા માટે પોતાની જરૂરિયાતોમાં ઘટાડો કરવો. બિનજરૂરી ચીજોનો સમજપૂર્વક ત્યાગ કરવો એ જ એનો ઉકેલ છે. મોંઘવારીની માર થિયેટરો, મોટી હોટેલો કે સહેલગાહના સ્થળો ઉપર નથી વર્તાતી. એવા સાવ જ નકામા ખર્ચામાંથી થોડી બચત કરી, આપણા ભાઈઓ જેવા જરૂરતમંદો તરફ સહાયતાનો હાથ લંબાવવો એ આજનો ધર્મ છે. સંકલ્પસિદ્ધિ તરફનું યોગ્ય પ્રયાણ છે.

સર્વત્ર વ્યાપી રહેલા ભ્રષ્ટાચારને રોકવાની કે ઉખેડી ફેંકવાની શરૂઆત સાહસ અને ધીરજપૂર્વક આપણે પોતાનાથી જ કરવી જોઈએ. કારણકે નેતાઓ કે ઉદ્યોગપતિઓ એ તો આપણા પ્રતિનિધિઓ જ છે.

ધર્મવાદ અને કોમવાદ કે જે માણસાઈને લાગેલો લૂણો છે. એને સમજીને માનવધર્મનો મહિમા આચરણમાં ઉતારવો રહ્યો. આજે જ્યારે કોઈપણ કારણસર લોકો મંદિર, મસ્જિદના નામે વિભાજિત કરીને પરસ્પર લડાવાઈ રહ્યા છે ત્યારે એમ કહેવાની ઈચ્છા થાય કે...

*"રામવાલોં કો ઈસ્લામ સે બૂ આતી હૈ,*
*એહલે ઈસ્લામ કો ભગવાન સે બૂ આતી હૈ,*
*ખિદમતે ખલ્ક ભલા કૌન કરે,*
*જબકી ઈન્સાન કો ઈન્સાન સે બૂ આતી હૈ."*

સમગ્ર ચરાચરમાં વ્યાપેલા સર્વવ્યાપી સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન 'સુપર પાવર' એવા પરમેશ્વરના અંશ કે નૂર જેવા

માણસો જ્યારે પોતાના ઊભા કરેલા ભેદોમાં અટવાઈ, લડતા દેખાય છે ત્યારે મન કહી ઉઠે છે :

*"કોઈ પર્દા નજર નહીં આતા,*
*ફિર ભી જલવા નજર નહીં આતા.*
*સબ ખુદા બન ગયે જમાનેમેં,*
*કોઈ બંદા નજર નહીં આતા."*

આજે જ્યારે ચારે તરફ કાવાદાવા કરવા, હિંસા કરવી, વ્યસનોનું સેવન કરવું, ભ્રષ્ટાચાર કરવો વગેરેમાંથી લોકો ઊંચા જ નથી આવતા ત્યારે આત્મનિર્ભરતાનો પંથ કેટલો વિકટ છે તે સમજી શકાય છે. સજાગતા અને સતર્કતા સાથેનું સદાચરણ જ એ તરફ લઇ જવા સમર્થ છે.

નૂતન વર્ષની મંગલમય કામનાઓમાં ફક્ત ને ફક્ત ઈશ્વરને આધારિત રહેવું યોગ્ય નહીં ગણાય કારણકે ઈશ્વર પણ એની જ સહાયતા કરતો હોય છે જે કર્તવ્યરત અને સંનિષ્ઠ હોય છે. ચારિત્ર્ય અને મૂલ્યહ્રાસના આ જમાનામાં સદાચરણનો આ નાનકડો પ્રસંગ યાદ કરવા જેવો છે.

એમ કહેવાય છે કે શંખ અને લિખિત નામના બે ઋષિઓ સગા ભાઈ હતા. બેઉ મોટા ગજાના વિદ્વાન હતા. એટલું જ નહીં, તેઓ પોતપોતાના સ્થાપેલા આશ્રમમાં ઘણા બધા વિદ્યાર્થીઓને ભણાવતા પણ હતા.

એકવાર ઋષિ લિખિતજી મોટાભાઈ શંખને મળવા એમના આશ્રમે આવ્યા ત્યારે તેઓ કોઈ કારણવશ બહાર ગયા હતા. એટલે લિખિતજી પોતાના મોટાભાઈની વાટ જોતા તેમના આશ્રમના એક આંબાના ઝાડ નીચે બેઠા હતા.

તે વખતે વાહન વ્યવહારની આજના જેવી સગવડો ન હતી. વળી ઋષિમુનિઓ ઘણું કરીને પગે જ વિહાર કરતા. લિખિતજી પણ પોતાના આશ્રમેથી પગે જ વિચરણ કરીને પધાર્યા હતા. લાંબો વિહાર થવાને કારણે તેમને ભૂખ પણ ખૂબ જ લાગી હતી.

ઝાડ નીચે બેઠા બેઠા એમની નજર ઉપર ગઈ. તો સરસ મજાના આંબા લુમઝુમ લટકતા હતા. ભૂખના દુઃખે દુઃખી એવા લિખિતજીએ ઊભા થઇ અને એક આંબો તોડી લીધો.

તેઓ હજી તેને ખાવાનો વિચાર કરે છે ત્યાં જ મોટાભાઈ મહર્ષિ શંખજી પહોંચી આવ્યા. પોતાના નાના ભાઈને આવેલો જોઈ તેઓ ખૂબ રાજી થયા. તેમને ભેટવા ગયા ત્યાં જ ભાઈના હાથમાં આંબો દેખાયો. તેઓ તરત જ ત્યાં જ અટકી ગયા અને બોલ્યા...

'લિખિત, આ આંબો ક્યાંથી આવ્યો?'

'આ આશ્રમના આંબેથી જ તો!'

'આ આશ્રમ કોનો છે?'

'આપનો.'

'જો કોઈ વ્યક્તિ કોઈને પૂછ્યા વિના એની વસ્તુ લઇ લે તો એના એ કામને આપણે શું કહીશું?'

'એનું એ કામ ચોરી ગણાશે.'

'જેણે ચોરીનો અપરાધ કર્યો હોય, તેણે શું કરવું જોઈએ?' આંખમાં આંખ પરોવી, મહર્ષિ શંખે પોતાના ભાઈ લિખિતને પૂછ્યું.

લિખિતજી પોતાના મોટા ભાઈનો આશય સમજી ગયા. તેમણે શાંતિથી કહ્યું : 'તેણે રાજા પાસે જઇ પોતાના ગુનાની સજા મેળવવી જોઈએ. મેં આપની રજા વિના આપના આશ્રમના ઝાડ પરથી આંબો તોડ્યાનો અપરાધ કર્યો છે. અને તેની સજા મેળવવા હું રાજા પાસે જાઉં છું. સજા ભોગવીને જ હું ફરી પાછો આપને મળવા આવીશ.'

મોટા ભાઈને પ્રણામ કરી ઋષિવર લિખિતજી સીધા જ રાજ દરબારે પહોંચ્યા. તેમના આદરમાં ઊભા થયેલા રાજાને તેમણે કહ્યું, 'મહારાજ! આજે મારો આદર સત્કાર ન કરો. હું આપના દરબારમાં એક ગુનેગાર તરીકે હાજર થયો છું. મેં ચોરીનો અપરાધ કર્યો છે. મને સજા આપો.'

આખીય ઘટના જાણ્યા પછી રાજાએ કહ્યું, 'ઋષિવર, રાજાને ફક્ત સજા દેવાનો જ નહીં, સજા માફ કરવાનો અધિકાર પણ હોય છે. એ અધિકારની રુએ હું આપને માફ કરું છું.'

આ સાંભળી લિખિતજી બોલ્યા, 'હે રાજન, રાજ્ય સારી રીતે ચાલે એ માટે શાસ્ત્રોની સંમતિ હોય એવા નિયમો અને પેટાનિયમો ઋષિમુનિઓ બનાવતા હોય છે. એ નિયમો પ્રમાણે રાજકારણ ચલાવવું એ રાજાનું કર્તવ્ય હોય છે. જો નિયમો બનાવનારા જ એને તોડતા રહેશે તો પછી તેમનું પાલન કેવી રીતે થશે? તેથી ક્ષમાદાન કે માફી આપવાને બદલે મને મારા અપરાધની નિયમ પ્રમાણે સજા કરો. હું આપની પાસે માફી નહીં, સજા મેળવવા આવ્યો છું.'

ઋષિવરને સજા કરવાની રાજાની કોઈ જ ઇચ્છા ન હતી. પરંતુ તેમની ઇચ્છા પાસે તેમને નમતું જોખવું જ પડ્યું.

એ વખતે ચોરીના અપરાધ બદલ ચોરના બંને કાંડા કલમ કરવામાં આવતા. તેવી કાનૂની જોગવાઈને અનુસરીને રાજાએ લાચાર થઇને ઋષિવર લિખિતજીના બંને કાંડા કલમ કરવાનો એટલે કે હાથના કાંડા કાપી નાખવાનો હુકમ કર્યો. લિખિતજીએ પણ કોઈપણ જાતના કચવાટ કે કકળાટ વગર બેઉ કાંડા કલમ કરાવ્યા અને પછી મોટાભાઈ મહર્ષિ શંખજીને મળવા તેમના આશ્રમે જવા નીકળ્યા.

ઋષિવર શંખજીએ જ્યારે પોતાના અનુજ લિખિતજીને આવતા જોયા તો તેમની આંખે હરખના આંસુ વહી નીકળ્યા. તેઓ ઉભા થઇ તેમને ભેટી પડ્યા. લિખિતજીએ હસતા હસતા કહ્યું, 'મોટાભાઈ, જુઓ મેં મારા અપરાધની સજા મેળવી લીધી છે. મારા પાપનું પ્રાયશ્ચિત કરી લીધું છે.'

ઋષિવર શંખજી એમને પોતાના આશ્રમમાં અંદર તેડી ગયા. તેમણે જડીબુટ્ટીઓથી તેમજ શલ્ય ચિકિત્સાથી તેમનો ઇલાજ કર્યો અને પૌરાણિક કથા કહે છે કે ઋષિવર શંખજીની કૃપા તથા ઔષધોની અસરથી તેમના બંને હાથ પહેલા જેવા જ થઈ ગયા.

હાથ પહેલા હતા તેવા થઈ ગયા ત્યારે તેમણે પૂછ્યું, 'મોટાભાઈ, આપે કૃપા કરી મારા બેઉ હાથ પહેલા હતા તેવા બરાબર કરી દેવા હતા તો પછી મને સજા જ શા માટે અપાવી?'

'જો ભ્રાતા, રાજાનું કામ તો અપરાધીઓને સજા કરવાનું હોય છે. જો નિયમ ઘડનારાઓ પોતે જ એ નિયમોની ઐસીતૈસી કરે તો પછી પ્રજા પણ તે નિયમોનું માન જાળવે એવી અપેક્ષા કેવી રીતે રાખી શકાય? કાયદો તો સહુ માટે એકસરખો જ હોવો જોઈએ. કાયદાથી ઉપરવટ કોઈ પણ ન હોઈ શકે. ન તો કાયદાનો ઘડનાર કે ન તો એનો કોઈ સગા-સંબંધી!

બસ, તેથી જ મારી ઇચ્છા હતી કે તું રાજા પાસે જઈ સજા પ્રાપ્ત કરે. સજા ભોગવી, તેં તારા અપરાધનું પ્રાયશ્ચિત કરી લીધું છે. કરુણા કરવી, દયા કરવી એ તો ઋષિઓનો સ્વભાવ છે. અને એનાથી પ્રેરાઈને જ મેં તારા હાથ બરોબર કરી દીધા છે. સજા તો કેવળ રાજા જ આપી શકે છે. કાયદો હાથમાં લેવાનો અને સજા કરવાનો અધિકાર સહુને, કાયદાના ઘડવૈયા તરીકે મને કે તને પણ ન જ મળે! પરંતુ દયા તો કોઈપણ કોઈના પ્રત્યે કરી શકે છે.'

ઋષિ લિખિતજીએ સામેથી સ્વેચ્છાએ સજા માંગી અને ભોગવી એવું સ્થાપિત કર્યું કે કોઈની વસ્તુ કોઈને પૂછ્યા વિના લેવી કે ભોગવવી એ અપરાધ છે અને વળી એવી પ્રેરણા પણ આપી કે ગમે તેવી પરિસ્થિતિ વચ્ચે પણ નિયમનો ભંગ એના ઘડવૈયાએ પણ ન જ કરવો જોઈએ.

આવી ઉદાત્ત પરંપરાના વારસો આપણે ઋષિબંધુઓ જેવા પ્રામાણિક રહ્યા છીએ ખરા? આજના નવ વર્ષે આપણામાં જે સૌથી વધુ ખૂટતું દેખાય છે તે ઇમાનદારી છે. જો ઇમાનદારી કે ભરોસો ખોવાઈ જાય તો જીવન ટકી શકે ખરું? જ્યારે જ્યારે આપણામાં પોતાની પ્રામાણિકતા જાળવી રાખવાનું સાહસ અને કુશળતા હોય છે ત્યારે ત્યારે આપણે સહુથી અલગ તરી આવીએ છીએ કારણકે આ ખૂબ જ દુર્લભ સદાચરણ છે. બ્રિટીશ લેખક નિક્ વિલિયમના મત પ્રમાણે, "પ્રામાણિકતા, એ 'સુપર પાવર' છે. જેને જાળવી રાખવાનું સાહસ, કૌશલ્ય કે કુનેહ જેની પાસે હશે તે સૌથી જુદો તરી આવશે!"

આવો, આજના મંગલમય દિવસે ફક્ત એક જ સંકલ્પ લઈએ કે પોતાના વિચાર, વાણી અને વર્તનમાં પ્રામાણિકતાને સ્થાન આપીશું.

નવ વર્ષની અશેષ મંગલ કામનાઓ.

*'હેરમ્બ નિલયમ્', ૩૫/સી/બી, ભાનુશાલી નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૩૦૪૪૪ • મો. ૯૪૨૭૭ ૧૯૨૮૮*

## અષાઢી ગીત

**(અનુસંધાન : પાના નં. – ૨૯ ઉપરથી ચાલુ)**

એટલે કે મનમાં મીઠાશ આવી ગઈ. આવા સંવાદ કચ્છી બોલી સિવાય સાંભળવા નહીં મળે. સંવાદ ભલે ગદ્યમાં હોય પણ તેનો દરજ્જો પદ્યનો છે. આની ગણના આપણે અષાઢી ગીત સાથે જ કરવી રહી.

અષાઢ અને શ્રાવણમાં આવતો વરસાદ પ્રભુનો પ્રસાદ છે. આ ઋતુમાં થતા મેઘ ધનુના દર્શન થવા એ જીવનનો લહાવો છે.

અષાઢી ગીતોમાં રવકારી અને સમુચ્ચરિત શબ્દો હોય છે. વર્ણાનુપ્રાસ, પ્રાસ, અનુપ્રાસ અને અલંકારોની ભરમાર હોય છે.

અત્રે બે દોહરા પ્રસ્તુત છે :

*દૂરે ડુંગર ખણકિયા, વાદળ ગરજી વીજ*
*મારા હૃદયને રાણો સાંભર્યો, આ તો આવી અષાઢી બીજ.*

★

*અમે પંખી મોરલા, કંકર પેટ ભરાં*
*ઋત આવે ને ન બોલાં, તો હૈયા ફાટ પડાં.*

આપણે સૌ જાણીએ છીએ કે પ્રેમ, એ માનવ પ્રકૃતિનો સનાતન ભાવ છે. તેથી અત્રે પ્રાચીન અને અર્વાચીન કવિઓની અષાઢી ગીતો અને વર્ષાગીતોની કેટલીક પંક્તિઓ અત્રે પ્રસ્તુત છે :

*મેહુલો ગાજે ને માધવ નાચે*
*રૂમઝુમ વાગે પાએ ઘૂઘરડી રે.*

*– નરસિંહ મહેતા*

★

*ઝરમર ઝરમર મેહુલો વરસે,*
*ભીંજે મારા સાડુડાની કોર*
*ડુંગરિયા પર બોલે ઝીણા મોર.* *– મીરાં*

★

*અષાઢી સાંજના અંબર ગાજે,*
*અંબર ગાજે, મેઘાડંબર ગાજે.*

*– ઝવેરચંદ મેઘાણી*

★

*દૂર દખ્ખણના ડુંગરા ડોલ્યા*
*પણ મોરલા બોલ્યા નહીં.*

*– અવિનાશ વ્યાસ*

આ ઉપરાંત અનેક કવિઓના અનેક વર્ષાગીતો અને અષાઢી ગીતો માણવા લાયક છે. આવા બધા ગીતોને યાદ કરીએ એટલે આપણે વર્ષાઋતુમાં પ્રકૃતિના ખોળામાં રમતા હોઈએ તેવી અનુભૂતિ થાય છે.

અસ્તુ.

*સી-૨૯, વ્રજવિહાર ટેનામેન્ટ,*
*સૌરભ પાર્કની પાછળ, લક્ષ્મીપુરા રોડ,*
*વડોદરા-૩૯૦ ૦૨૩. • મો. ૯૮૨૪૮ ૭૭૫૮૫*

# કચ્છી નવું વર્ષ

ઝવેરીલાલ સોનેજી - ભુજ

*શ્રી સોનેજી નાટ્ય રૂપાંતરકાર, સંગીતજ્ઞ અને સાહિત્યકાર કરતાં પણ તેમની ઓળખ કચ્છી ભાષાનો બંધારણમાં સમાવેશ થાય એ માટેના પ્રથમ હિમાયત કરનાર તરીકે વિશેષ ગણાશે. કચ્છી સાહિત્ય અકાદમીની સ્થાપના થઈ ત્યારે કીર્તિભાઈ ખત્રી (પ્રથમ અધ્યક્ષ) સાથે બંધારણમાં જોગવાઈ કરવા માટે પ્રયત્નશીલ હતા.*

*શ્રી સોનેજી પ્રદેશના દૈનિક પત્રમાં નિયમિત સંગીત વિષયક લેખો પ્રગટ થાય છે. હાલમાં તેઓ ડૉ. જયંત ખત્રી સ્મૃતિ ટ્રસ્ટનાં મંત્રી તરીકેનું સુકાન સંભાળે છે.*

અષાઢી બીજ એટલે કચ્છી નવું વર્ષ. કચ્છી માડુઓના પોતીકા આ નવા વર્ષની ઉજવણીની પ્રથા વર્ષોથી ચાલી આવે છે.

એવી લોકવાયકા છે કે અષાઢી બીજના દિવસે જો અમી છાંટણા થાય તો એ વર્ષે વરસાદ સારો થાય અને કચ્છ લીલુંછમ થાય. આમ પણ ભૂકંપ પહેલાના વર્ષો તરફ નજર કરીએ તો કચ્છમાં વરસાદની હંમેશાં તંગી જ વર્તાતી હતી. ચાર વર્ષ દુષ્કાળના જાય ત્યારે પાંચમા વર્ષે વરસાદ માંડ આવે. એટલે જ તો કચ્છી માડુઓની વરસાદની ઝંખના દુનિયાના બીજા લોકોની સરખામણીમાં કંઈક અનેરી જ જોવા મળે છે. 'ચાતક નજરે' વરસાદની રાહ જોતો કચ્છી માડુ વરસાદ આવે તો નાચી ઉઠે કારણકે વરસાદ પર જ જીવન અને તમામ અર્થવ્યવસ્થા અવલંબિત રહેતા.

અષાઢી બીજના દિવસે કચ્છી લોકો પોતાના ઘેર લાપસી બનાવે અને એકબીજાના ઘેર તેની આપ-લે પણ કરે... નવા કચ્છી પહેરવેશ ધારણ કરીને વહેલી સવારથી સજ્જ થઈ એકબીજાના ઘેર હળવા-મળવા જાય, વડીલોના આશીર્વાદ મેળવવા પાયવંદન કરવાની પ્રથા વર્ષો સુધી ચાલુ જ રહી. ખાસ નોંધનીય બાબત તો એ હતી કે કચ્છી નવું વર્ષ એટલે કચ્છમાં રહેતા તમામ લોકોનું નવું વર્ષ. તેની ઉજવણીમાં કોઈ નાત-જાતના ભેદભાવ ન હતા. હિંદુ, મુસ્લિમ, શીખ વગેરે દરેક કોમના લોકો હળીમળીને ઉમંગભેર ઉજવણી કરતા. કચ્છના ગામડાં કે શહેર કે ભારતના અન્ય પ્રદેશો, વિદેશ – જયાં પણ કચ્છી વસવાટ કરતા હોય ત્યાં કચ્છી નવા વર્ષની ઉજવણી ચોક્કસપણે થાય જ!!

રાજાશાહી વખતે તો કચ્છમાં ફાનસની રોશની, ફુવારા, ઢોલ શરણાઈના વાદન બહુ જ સામાન્ય રીતે લોકો ઉજવતા.

આવી જાહોજલાલીભરી કચ્છી નવા વર્ષની ઉજવણીમાં છેલ્લા ઘણા વર્ષોથી ઓટ આવી ગઈ છે, તેની પણ સખેદ નોંધ લેવી જરૂરી છે. હા, ગામડાંઓમાં હજી ક્યાંક ક્યાંક લાપસીના આંધણ મૂકાય છે, પણ પહેલાની જેમ ઘેર ઘેર તો નહીં જ.

ઉપરાંત કચ્છી નવા વર્ષે લોકોના સામાજિક મેળાવડાઓ કે મનોરંજન કાર્યક્રમોના આયોજનો પણ ઓછા થવા લાગ્યા છે. કોઈ ગામડાંઓમાં અપવાદરૂપે કાર્યક્રમો યોજાતા હશે પણ ભૂતકાળ જેવો જાહોજલાલીનો માહોલ ઉભા કરતા આયોજનોમાં તો મંદી જ જોવા મળે છે.

બીજા શબ્દોમાં એમ પણ કહી શકાય કે કચ્છી નવા વર્ષની ઉજવણીનો આનંદ હવે અકારણ ઓછો થઈ ગયો છે. અલબત્ત, ભૂતકાળમાં જેવી રીતે કચ્છી નવા વર્ષની ઉજવણી થતી, તેવી જ ઉજવણી ફરીથી શરૂ થાય તેવા પ્રયત્નો પણ થયા છે પણ કમનસીબે યા તો એની ફળશ્રુતિ ક્ષણિક રહી, યા તો એ પ્રયત્નોમાં નિષ્ફળતા સાંપડી એ હકીકત છે.

તેમ છતાં આશાનું કિરણ હજી પણ છે કે કચ્છની બહાર ભારતના અન્ય પ્રદેશો કે વિદેશમાં વસતા કચ્છી લોકો હજી પણ કચ્છી નવું વર્ષ ઉજવે છે.

વિદેશમાં ખાસ કરીને આફ્રિકા તેમજ યુરોપમાં વિશેષ રીતે કચ્છી અષાઢી બીજના દિવસે નવા વર્ષની ઉજવણીના આયોજનોના અહેવાલો મળતા રહ્યા છે. તો ભારતમાં રહેતા કચ્છીઓ હજી પણ કચ્છી નવા વર્ષનો આનંદ લે છે. જેમાં ચેન્નાઇ, ઓરિસ્સા, કોઈમ્બતુર, હૈદ્રાબાદ, મદુરાઈ, નાગપુર, જબલપુર, પૂના, મુંબઈ, દિલ્હીમાં વસતા કચ્છીઓ આગવી રીતે

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૨ ઉપર)

# ઝારાનું યુદ્ધ



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, કચ્છના કુળદેવી મા આશાપુરા માતાજીને પ્રાર્થના, કે મારા ભારતને પાછું હસતું, રમતું અને તંદુરસ્ત બનાવી આપો. સૌને મારા કચ્છી નવા વર્ષના રામ રામ. આ માહિતી આધારિત લેખ છે, જેની નોંધ લેજો. વિવિધ સંદર્ભોનો ઉપયોગ કરીને આ લેખ લખ્યો છે જેની નોંધ લેવા વિનંતી છે. એક અખબારી અહેવાલમાં આ કરારનું વર્ષ ૧૭૬૧ જણાવ્યું છે પરંતુ દેશળજીનો સમય ઇસવીસન ૧૭૧૯થી ૧૭૫૨નો છે અને તેમના સમયમાં જ દીવાન દેવકરણ હતા. આથી આ કરારનું વર્ષ એ દરમિયાનનું હોઈ શકે. ઝારાનું યુદ્ધ ઇ.સ. ૧૭૬૧માં થયું હતું. પણ આ કરાર એ પહેલા એટલે કે ૧૭૧૯થી ૧૭૫૨ દરમિયાન થયો હોવો જોઈએ.

એ સમયે ઝાલાવાડના રાજવી ગજેન્દ્રસિંહજી સાથે કચ્છ રાજ્યના સંબંધો સારા હતા. આથી આ કરારમાં ગજેન્દ્રસિંહજી પણ જોડાયા હતા. તેમનો ધ્રાંગધ્રાના રાજવી તરીકેનો સમય ઇ.સ. ૧૭૪૫થી ૧૭૮૨નો છે. કચ્છ ધ્રાંગધ્રા અને સિંધ વચ્ચે સિંધુ નદીના નીર માટે કરાયેલા કરારની વિગતો આ પ્રમાણે હતી. સિંધુ નદીના પાણી સિંધ રાજ્ય કચ્છ અને ધ્રાંગધ્રા રાજ્યને આપે અને એની બદલીમાં કચ્છ રાજ્ય કંજરકોટથી રહીમ કી બજાર સુધીનો પ્રદેશ તથા ચાર લાખ કોરી રોકડ સિંધને આપે. મતલબ કે કંજરકોટથી રહીમ કી બજાર સુધીનો પ્રદેશ કચ્છ રાજ્યનો હતો. આજ રીતે સિંધુના પાણીના બદલામાં ઝાલા રાણા ગજેન્દ્રસિંહજી સિંધ રાજ્યને એક લાખ વીસ હજાર રૂપિયા રોકડા આપે.

આ કરાર પછી કરારની શરત મુજબ કચ્છ રાજ્યે કંજરકોટથી રહીમ કી બજાર સુધીનો પ્રદેશ તથા ચાર લાખ કોરી રોકડ અને ગજેન્દ્રસિંહજીએ એક લાખ વીસ હજાર રૂપિયા રોકડા સિંધ રાજ્યને આપ્યા. આ કરારમાં કચ્છ રાજ્ય વતી દીવાન દેવકરણ તથા સિંધના દીવાન ગીધુમલ ચૌહાણ જોડાયા હતા. પરંતુ આ પ્રદેશો તથા રોકડ મેળવ્યા પછી ગુલામશાહ ફરી ગયો અને શરતનું પાલન કર્યું નહીં અને કચ્છ અને ધ્રાંગધ્રા સિંધુનું પાણી મેળવી શક્યા નહીં. તેણે કરારનો ભંગ કર્યો.

કચ્છ અને સિંધ વચ્ચે ઝારાના ડુંગરે લડાયેલ યુદ્ધમાં આ મુદ્દો જ મૂળ કારણભૂત છે અને આ કરારનો અમલ ન કરવો એ માટે જ ગુલામશાહે યુદ્ધ પછી કચ્છ છોડતી વખતે સિંધુ નહેરને આડબંધ બાંધી કચ્છને સિંધુના પાણી માટેની શક્યતાઓ પર સિંધુનાં પાણી ફેરવી નાખ્યા એવું પણ હોવું જોઈએ. એટલું જ નહીં, જ્યારે નદી છલકાતી ત્યારે આવતું પાણી પણ આ આડબંધને કારણે બંધ થઈ ગયું.

ઝારાનું યુદ્ધ કચ્છના રાવ ગોડજી બીજા ઇ.સ. ૧૭૬૧-૧૭૭૯ના સમયમાં લડાયું હતું. રાવ ગોડજી બીજા કચ્છની ગાદીએ આવ્યા પછી કચ્છના દીવાન તરીકે જીવણ શેઠની નિમણૂંક કરવામાં આવી હતી. એ દરમિયાન કચ્છના રાવપદે ગોડજી આવ્યાની જાણ જૂનાગઢ રહેતા પૂંજા શેઠને થતાં તે કચ્છ આવવા નીકળ્યો. આ બાજુ જીવણ શેઠને ડર લાગ્યો કે પૂંજા શેઠ ભુજ આવી જશે તો મહારાવને ગમે એમ સમજાવી પોતાનું દીવાનપદ છીનવી લેશે અને કચ્છનો દીવાન બની જશે. આથી તેને ભુજ આવતો રોકવામાં આવ્યો. પરિણામે પૂંજા શેઠ વાગડના વીરાવાવના સોઢાઓને શરણે ગયા. સોઢાઓ પર પૂંજા શેઠનું ઋણ હોવાથી તેઓએ તેને શરણ પણ આપ્યું.

જીવણ શેઠ પૂંજા શેઠના દૂરના સંબંધે ભાઈ થતો હતો. ભાઈએ કરેલા કૃત્યનો બદલો લેવાનું પૂંજા શેઠે મનમાં નક્કી કરી રાખ્યું હતું. અને આ માટે વીરાવાવમાં રહીને યોજના ઘડી. પૂંજો જાણતો હતો કે સિંધનો રાજવી ગુલામશાહ ક્લોરા પોતાનો રાજ્યવિસ્તાર વધારવાનો લાલચી હતો અને કચ્છ પર તેની લાંબા સમયથી નજર હતી. આથી પૂંજા શેઠે ગુલામશાહના દીવાન ગીધુમલને સાધી કચ્છ પર ચડાઈ કરવા ઉશ્કેર્યો અને પોતાની યોજના સમજાવી. આથી ગુલામશાહે માન સાથે પૂંજાને સિંધ બોલાવ્યો અને તેની સાથે મસલત કરી, કેવી રીતે યુદ્ધ કરવું એની સંપૂર્ણ યોજના નક્કી કરી લીધી. આ યોજના મુજબ ગુલામશાહ મોટા લાવલશ્કર સાથે કચ્છ પર લડાઈ કરવા ચડી આવ્યો.

કચ્છ રાજ્યે આ યુદ્ધ જીતવા અનેક પ્રયાસ કર્યા. ભાયાતી ગામોના આગેવાનો ઠાકોરો અને આમપ્રજાને સાથે જોડી. આમ છતાં ગુલામશાહના વિશાળ લશ્કર સામે ફાવ્યા નહીં. યુદ્ધની વિગતે વાત કચ્છના ઇતિહાસમાં નોંધાઈ છે અને અહીં એનાથી જુદી વાત કરવાની હોવાથી એની વિગતમાં ઉતરતા નથી. આ લડાઈમાં બંને પક્ષે મોટી ખુવારી થઈ. કચ્છના દીવાન જીવણ શેઠ પણ આ લડાઈમાં માર્યા ગયા. આથી પોતાનો માર્ગ સાફ થયાનું જણાતા પૂંજા શેઠે કચ્છના દીવાન બનવાની લાલચે ભુજ તરફ આગળ વધતા સિંધના લશ્કરને પોતાની રાજકીય કુનેહથી સમજાવી પાછું વાળ્યું અને એના બદલામાં કચ્છનું દીવાનપદ્દ મેળવી લીધું.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૬ ઉપર)

# આવઇ અષાઢી બીજ

ડૉ. રક્ષા ગોર
ડાયટ - ભુજ

*ડૉ. દક્ષાબેન, કચ્છ - ભુજ ડાયેટમાં પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવે છે. કચ્છી બોલીના સંવર્ધન માટેની કામગીરી અને કામગીરીમાં કચ્છી ભાષાના તજજ્ઞ તરીકે ફરજ બજાવેલ છે.*

*કચ્છી ભાષાના સંવર્ધનની કામગીરીના આ પ્રથમ પ્રયાસમાં તેમનું નામ પણ મોખરે રહેશે.*

અષાઢી બીજના દિવસે ઓરિસ્સાના જગન્નાથપુરીમાં પ્રતિવર્ષ અભૂતપૂર્વ રથયાત્રાના દર્શનનો લહાવો શ્રદ્ધાળુઓને મળે છે. તો ગુજરાતના અમદાવાદમાં પણ ભવ્ય રથયાત્રા નીકળે છે. અને કચ્છમાં...? કચ્છમાં તો અષાઢી બીજનું મહત્ત્વ કંઈક અનેરું - અનોખું જ છે કારણકે અષાઢી બીજ કચ્છીઓનું નૂતન વર્ષ છે. આ દિવસથી જ કચ્છમાં નૂતન વર્ષનો પ્રારંભ થાય છે. ભારતીય શાસ્ત્રોમાં પણ જેનો ઉલ્લેખ જોવા મળે છે તેવા મરૂ, મેરુ અને મહેરામણની મીઠડી ધરતી એવા પ્રાચીન કચ્છ માટે અષાઢી બીજ નૂતન વર્ષનો પ્રથમ દિવસ છે! પ્રાચીન સમયથી કચ્છીઓ આ પર્વ ખૂબ જ ધામધૂમથી મનાવતા આવ્યા છે.

રાજાશાહીના સમયમાં આ દિવસે કચ્છી પંચાંગ બહાર પાડવામાં આવતું અને રાજ્યના નવા સિક્કાઓનું પણ છાપકામ શરૂ કરાતું હતું. એ દિવસે નગરયાત્રા નીકળતી અને દરબાર ભરાતો. પ્રજા એ દિવસે રાજાને મળતી અને પરસ્પર શુભેચ્છાઓની આપ-લે થતી.

કચ્છની આ અનોખી પરંપરા પાછળ ચોમાસાની શરૂઆત, વાવણી, દરિયામાંથી સાગરખેડૂઓનું પરત આવવું જેવી બાબતો જોડાયેલી છે. આ ખુશીના પ્રસંગે દરબાર ગઢમાં આતશબાજી થતી, વેપારીઓ ચોપડા પૂજન કરતા, નાવિકો પોતાના વહાણ શણગારતા, દરિયા દેવનું પૂજન થતું, સતી-શૂરાના પાળિયાને સિંદૂર લગાવી ધૂપ-દીપ નૈવેદ્યથી પૂજન-અર્ચન થતા.

એક વાયકા પ્રમાણે છેલ્લા ૮૦૦ વર્ષથી અષાઢી બીજનું પર્વ સમગ્ર કચ્છમાં ધામધૂમથી મનાવવામાં આવે છે. બૃહદ કચ્છમાં વસતા - કચ્છ બહાર વસતા કચ્છીઓ પણ આ દિવસ ધામધૂમથી ઉજવે છે.

એવું પણ કહેવામાં આવે છે કે ૧૨૩૧માં જામ રાયધણજીએ કચ્છની સત્તા હસ્તગત કરી હતી, ત્યારથી અષાઢી બીજે કચ્છી નવું વર્ષ મનાવવામાં આવે છે. તો વળી કેટલાકનું કહેવું એવું પણ છે કે કચ્છના મહારાવ ખેંગારજીએ સંવત ૧૬૦૫માં માગશર સુદ-૫ ના રોજ કચ્છના અલગ રાજ્યની વિધિવત્ સ્થાપના કરી ત્યારથી અષાઢી બીજે કચ્છી નૂતનવર્ષ મનાવવામાં આવે છે. પરંતુ અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ તો એ પહેલાથી મનાવાતું આવ્યું છે. તો ક્યારથી મનાવાતું આવે છે કચ્છી નૂતન વર્ષ? એક રસપ્રદ કથા છે. જેના પરથી આ ઇતિહાસનો ખ્યાલ આવશે.

વિક્રમ સંવત ૮૯૯થી ૯૩૬ વચ્ચેની આ વાત છે. કચ્છના જંગલમાં વિકીયો સંધાર અને કુડધર રબારી નામના બે મિત્રો આથો ચારી રહ્યા હતા. શાંત વાતાવરણમાં તેમને થોડે દૂર આવેલા શિવાયલયમાંથી રૂદનનો અવાજ સંભળાયો. ત્યાં જઇને જોયું તો સ્વર્ગ લોકની અપ્સરા જેવી, અલૌકિક રૂપવાળી એક સુંદર સ્ત્રી રડી રહી હતી. પૂછતાં જાણવા મળ્યું કે તેનું નામ સોનલ છે. તેણે જણાવ્યું કે તે ઇન્દ્રના દરબારમાં શાપિત થવાથી મૃત્યુલોકમાં આવી છે. તે રૂપ, ગુણ અને બળના ભંડાર સમાન હતી. કુડધર રબારીએ તેને પુત્રી બનાવી.

કચ્છના એક વખતના પોલીટિકલ એજન્ટ કર્નલ એબડનું કથન છે કે તે સ્ત્રી યુરોપીયન મૂળની હતી. સોનલ હવે પિતાની આથનું કામ કરવા લાગી. રબારી પ્રજા તો સ્થળાંતર કરે. ઘેટાં - બકરાં - ઊંટ - ભેંસ - ઘરવખરી લઈ વિચર્યા કરે. એકવાર તેઓએ બોલાડી ગઢ પાસે ઉતારો કર્યો. એક દિવસ સોનલ પોતાની ભેંસો અને દૂધનું મટકું લઈ બોલાડી ગઢના રાજમહેલ પાસેથી પસાર થઈ રહી હતી. તેણે જોયું તો ત્યાં પાડાઓએ ધમાસાણ મચાવ્યું હતું. લોકો ડરી રહ્યા હતા. પાડાઓનો આતંક એટલો બધો હતો કે કોઈ નજીક જવાની હિંમત કરતું નહોતું.

સોનલે દૂધનું મટકું શિર પર જ રહેવા દઈ, ભેંસોના દોરડા પગ નીચે દબાવી પાડાને એક એક થપાટ મારી. સૌના આશ્ચર્ય વચ્ચે બંને પાડા શાંત થઇ ગયા. લોકો નીડર, સુંદર, બલશાળી એવી આ યુવતીને જોતા જ રહી ગયા. ઝરૂખામાંથી રાજા પણ આ દશ્ય જોઈ રહ્યા હતા.

બોલાડી ગઢના એ રાજા કોણ હતા? ચાલો જાણીએ.

૮૪૩માં કંથકોટનો કિલ્લો ચણાયો. જામ સાડે પોતાના મુલકને સુરક્ષિત કરી લીધું. તેની ચડતી જોઈ તેના સાળા ધરણ વાઘેલાને ઈર્ષ્યા થઇ. તેણે બનેવીને ભોજન માટે આમંત્રિત કરી તેને દગાથી મારી નાખ્યો. જામ સાડની હત્યા થઈ એ વર્ષ ૮૯૯નું હતું. તેનો પુત્ર ફૂલ કુમાર હજી નાનો હતો. હવે ધરણ વાઘેલાએ ફૂલકુમારની હત્યા કરવાનું નક્કી કર્યું. પરંતુ એક વફાદાર દાસીએ કુંવરના વસ્ત્રો પોતાના પુત્રના

વસ્ત્રો સાથે બદલી નાખ્યા અને કુંવરને બચાવી લીધો. હવે દાસી તેને બાંભણાસરના બાદશાહ પાસે લઇ ગઇ અને તેમને બધી વાત કરી. બાદશાહે ફૂલ કુમારનો ઉછેર કર્યો અને પોતાની પુત્રીના લગ્ન તેની સાથે કરાવી દીધા. થોડા વર્ષો પછી યુવાન ફૂલ કુમાર પિતાની હત્યાનો બદલો લેવા કચ્છ તરફ રવાના થયો. કચ્છ આવીને તેણે મામા ધરણ વાઘેલાને ફાંસીએ ચડાવ્યો. કચ્છ બન્નીમાં ડુંગર પર સારું સ્થાન જોઈ કિલ્લો ચણવાનું શરૂ કર્યું. નામ રાખ્યું 'બોલાડી ગઢ.' કિલ્લો તૈયાર થઇ ગયો. ફૂલ કુમારે તે સ્થાનને ખૂબ વિકસાવ્યું. અને પેલી સોનલે બોલાડી ગઢના રાજમહેલ પાસે પાડાને જે રીતે શાંત કર્યા એ દશ્ય જોઈ જામ ફૂલને તેને પોતાની રાણી બનાવવાની ઈચ્છા થઈ.

જામ ફૂલ અને કૂડધર રબારીની દીકરી એવી સોનલના લગ્ન થયા. જામ ફૂલની અન્ય ચાર રાણીઓ હતી, પણ સોનલ તેને ખૂબ પ્રિય હતી. સોનલે પુત્રને જન્મ આપ્યો. નામ પાડ્યું લાખો. આ માતા - પુત્ર રાજાના ખૂબ માનીતા. આથી અન્ય રાણીઓને તેમની ઈર્ષ્યા થવા લાગી.

એક વખત વસંત ઋતુના સમયે ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો. લાખાએ ભૂલથી ઓરમાન માતા સોઢી રાણી પર કેસુડાનો રંગ નાખ્યો. એ સમયે તે મર્યાદાનું ઉલ્લંઘન ગણાતું. સોઢી રાણીએ રાજાને ફરિયાદ કરી. રાજાએ ક્રોધમાં આવી પોતાના જ પુત્રને દેશવટો આપ્યો. કુંવર લાખો મહેલ છોડી નીકળી પડ્યો. તે સામંતસિંહ ચાવડાના અણહિલપુર પાટણ પહોંચ્યો. એ સમયે પાટણમાં રાજકીય ખટપટો બહુ વધી ગઈ હતી. પ્રદેશમાં અશાંતિ અને તંગદિલી સર્જાઈ ગઈ હતી. લાખાએ પોતાની કુનેહ અને કાર્યકુશળતાથી રાજ્યમાં શાંતિ - સમૃદ્ધિ પાછા લાવી આપ્યા. આવા મહાન, પરાક્રમી, પ્રતાપી વીર લાખાને સામંતસિંહે રાજ્યનો જમાઈ બનાવ્યો. હવે તે લાખા ફુલાણી તરીકે ઓળખાવા લાગ્યો હતો.

આ બાજુ લાખાના ગયા પછી કચ્છમાં ઉપરા છાપરી હોનારતો સર્જાવા લાગી હતી. જામ ફૂલની રાણી ધાણ વાઘેલીએ આત્મહત્યા કરી. ફૂલ જામ પોતે મૃત્યુ પામ્યો. લાખાની વિદાય પછી વરસાદ તો જાણે રીસાઈ જ ગયો. તદન વરસ્યો જ નહીં. પશુઓ મરવા લાગ્યા. પશુપાલકો બચી ગયેલા પશુઓને લઇને સિંધ અને કાઠિયાવાડ તરફ જવા લાગ્યા. ખેડૂતોની પણ આવી દુર્દશા અગાઉ ક્યારેય નહોતી થઈ. ફૂલ્યો ફાલ્યો કચ્છડો બેહાલ થઇ ગયો. જામ ફૂલના અન્ય કુમારોમાં સ્થિતિ સંભાળવાનું સામર્થ્ય નહોતું.

પ્રજાને લાખો સાંભર્યો. લાખાને કચ્છની બેહાલીના સમાચાર મળ્યા. તે સામંતસિંહ ચાવડાની રજા લઇ વતન પરત ફર્યો. લાખાના કચ્છમાં પગ પડ્યા અને ધોધમાર વરસાદ વરસવા લાગ્યો. સર્વત્ર જળબંબાકારની સ્થિતિ થઈ ગઈ. ધરતી લીલીછમ થઈ ગઈ.

એ દિવસ અષાઢનો પ્રથમ દિવસ હતો. બીજા દિવસે માલધારીઓએ મેઘના અવતાર સમા લાખાને મુખી બનાવ્યો. તે દિવસથી કચ્છ એકસૂત્રે બંધાયું. એ દિવસ એટલે અષાઢી બીજ અને ત્યારથી કચ્છીઓ નૂતન વર્ષ તરીકે અષાઢી બીજ ઉજવવા લાગ્યા. આજ દિન સુધી કચ્છીઓ એ શ્રદ્ધા સાથે જ જીવે છે કે અષાઢી બીજે મેઘ અચૂક વરસશે અને એટલે જ તેઓ કહે છે – "આવઇ અષાઢી બીજ, કાં વડર કાં વિજ." ■

## ઝારાનું યુદ્ધ

**(અનુસંધાન : પાના નં. – ૩૪ ઉપરથી ચાલુ)**

કચ્છ સાથે સિંધનું યુદ્ધ બંધ કરાવવાની એક શરત પૂરી કરવાના ભાગરૂપે પૂંજા શેઠે પોતાના પુત્ર દેવજીને બાનામાં સિંધ રાજયને આપ્યો હતો. કચ્છના દીવાન થયા પછી પોતાના પુત્રને બાનામાંથી છોડાવવા સિંધને ઠરાવેલી રકમ આપીને પુત્રને મુક્ત કરાવવા કચ્છ રાજ્ય પર દબાણ કરવા લાગ્યા. આથી ગોડજીએ તેની ધરપકડ કરાવી ઝેર આપીને મરાવી નાખ્યો. આ સમાચાર સિંધના ગુલામશાહને મળતાં તે ફરી કચ્છ પર લશ્કર લઇને ચડી આવ્યો. પરંતુ રાવ ગોડજી સાથે સમાધાન કરી પાછો ચાલ્યો ગયો. પરંતુ જતા જતા માર્ગમાં કચ્છમાં આવતી સિંધુ નદીના શાખા પર કોરી બંધ બાંધી બન્ની અને લખપતમાં આવતું સિંધુનું પાણી બંધ કરતો ગયો.

કચ્છના ઇતિહાસમાં નોંધાયેલી આ ઘટના ઝારાનું યુદ્ધનું તાત્કાલિક કારણ હોઈ શકે અને એ માટે પૂંજા શેઠ નિમિત્ત બન્યો. પરંતુ કચ્છ પર ચડાઈ કરવા પાછળ ગુલામશાહની મેલી મુરાદ બહુ લાંબા સમયથી ઘુંટાતી હતી અને કચ્છ સાથે દગોફટકો કરી યુદ્ધ કર્યું હતું. જેના મૂળમાં પણ એક ઘટના રહેલી છે. જેની વિગતો કચ્છના ઇતિહાસમાં ક્યાંય નોંધાઈ હોવાનું જણાતું નથી. એક સમયે માત્ર સિંધનું કંજરબેટ જ નહીં પણ રહીમ કી બજાર પણ કચ્છની હદમાં હતા. એ પ્રદેશો કચ્છ રાજ્યના જ હોવાના દસ્તાવેજી આધારો ઝાલાવાડના ધ્રાંગધ્રા રાજ્યના રાજ દફતરમાં હતા. જે પાછળથી રાજ્ય સરકારના અભિલેખાગારમાં હોવાનું જાણવા મળે છે. આ પુરાવાઓ જોવા તથા મેળવવા આ લેખકના પ્રયાસો ચાલુ છે. આ દસ્તાવેજમાં કચ્છ ધ્રાંગધ્રા અને સિંધ રાજ્યો વચ્ચે સિંધુના પાણી માત્ર કચ્છને જ નહીં પણ છેક ઝાલાવાડ સુધી પહોંચાડવાના કરાર કરાયા હતા, એની વિગતો હોવાનું જાણવા મળ્યું છે. ૧૯૬૫ના પાકિસ્તાન સાથેના યુદ્ધ સમયનો ૧૯૬૫ની ૪ મે ના 'કચ્છમિત્ર'માં પ્રસિદ્ધ થયેલો એક અહેવાલ આ સમગ્ર ઘટનાને પ્રકાશમાં લાવે છે. અગાઉ સિંધુ નદી છલકાતી ત્યારે એના પાણી કચ્છમાં લખપત, બન્ની, અબડાસા અને ગરડા પંથકમાં ફરી વળતા. આ પાણીથી કચ્છમાં લાલ ચોખાનો મબલખ પાક લેવામાં આવતો. સિંધુ નદીના છલકાતા પાણીથી જો આટલો લાભ થતો હોય તો એના નીરને કચ્છમાં વહેવડાવીને એનો કાયમી લાભ કેમ ન મેળવી શકાય? એવો વિચાર કચ્છના રાવ દેશળજીનો આવ્યો. આ પાણી કચ્છમાં લાવી કાચુ સોનું પેદા કરવા રાવ દેશળજીએ તેના દીવાન દેવકરણને સિંધના ગુલામશાહ ક્લોરા સાથે કરાર કરવા મોકલ્યા. આ હકીકત કચ્છના ઇતિહાસમાં ક્યાંય નોંધાઈ હોવાનું જોઈ શકાતું નથી. પણ આ અહેવાલ કચ્છના ઇતિહાસનો એક નવો અધ્યાય જરૂર ઉજાગર કરે છે.

*સંદર્ભ : વિકીપીડિયા અને વિવિધ અખબારી અહેવાલો*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,***
***વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

# ગોલાડેમેં ગોલ પકી રે, ગોલાડો મિઠો

લાલજીભાઈ મેવાડા

કચ્છના લોકસમૂહમાં કાલા ફોલવાના, 'અટ' (રેંટિયો) કાંતવાના કે ખાંડવાની થતી ક્રિયા સમયે ગવાતા ગીતો પણ પ્રચલિત છે.

આમ જોવા જઈએ તો કચ્છી લોકસાહિત્યમાં સમૂહમાં ગવાતા ગીતોની સંખ્યા ઘણી છે. જો કે દરેક પ્રદેશમાં સમૂહમાં ગવાતા ગીતો હોય છે. પણ કચ્છમાં તેનું પ્રમાણ ઘણું વધારે જોવા મળે છે. કારણકે લોકો સમૂહમાં જીવે છે અને પોતાની ભાવાનુભૂતિ સમૂહમાં વ્યક્ત કરવા તે ટેવાયેલો હોય છે.

લોકસમૂહમાં મહિલાઓ જ્યારે કંઈ પણ કાર્ય કરતી હોય છે ત્યારે તેના હૃદયમાં ઉર્મિઓના પૂર આવતા હોય છે અને તે કાર્ય કરતાં કરતાં હૃદયના ભાવોને વ્યક્ત કરતી હોય છે. પણ ઉપરોક્ત વાત લખ્યા મુજબ કાલા ફોલવાના કે અટ (રેંટિયો) કાંતવાના ખાસ ગીતો કોઈ નથી. અને જો હોય તો દરેક ગીતમાં તે પ્રસંગને અનુરૂપ તેની લાક્ષણિકતા આવવી જોઈએ તે તેમાં નથી. અલબત્ત, તે સમયે થતી ક્રિયાથી ઉદ્‌ભવતી ઉર્મિઓ તેમાં વ્યક્ત થતી હોય છે. તેથી તે ક્રિયાના ભાવો તેમાં ઝીલાતા હોય છે. કહેવાનું તાત્પર્ય કે, કાલા ફોલવાની, રેંટિયો કાંતવાની ક્રિયા કે ખાંડવાની ક્રિયાના ભાવો એવા ગીતોમાં દેખાતા નથી. હા... મહિલા વર્ગ સમૂહમાં જ્યારે કંઈ પણ કાર્ય કરે છે ત્યારે તેમના હૃદયમાં ગીતો અચૂક સ્ફુરતા હોય છે. દા.ત. કોઈના ઘેર પાપડ વણવા કે કાલા ફોલવા એકઠો થયેલો સમૂહ જેમના ઘેર આવ્યો તેમના ઘેર અપરીણિત યુવાન પુત્ર કે પુત્રી હોય તો તેના લગ્નગીતો પણ તે ગાઈ લેતા હોય છે. એ આ પ્રદેશના ભીતરમાં ધરબાયેલી ભવ્ય અને ભાતીગળ પરંપરા છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

આમ, તે સમૂહમાં નિજાનંદ વહેંચતો હોય છે. એટલે તે ગીતો તે પ્રસંગના છે એમ માની ન લેવાય.

આજે અહીં આપણે કચ્છી લોકગીત 'ગોલાડો મિઠો'ના ભાવ જગતને ગોલાડેમેં ગોલ પકી રે, ગોલાડો મિઠો... માણશું.

એટલે તેની પ્રારંભની પંક્તિઓને અહીં મૂકી કચ્છી લોક સાહિત્યના રત્નાકરમાં પાકેલા એક રત્નને પારખશું.

*ગોલાડો મિઠો, કચ્છજો ગોલાડો મિઠો રે*
*ગોલાડોમેં ગોલ પકી રે, ગોલાડો મિઠો.*
*ગોલાડો મિઠો, મૂંજે બાવા કે ડિઠો,*
*પરજા બાવા પિંઢજા ન થીંધા ગોલાડો મિઠો.*
*ગોલાડો મિઠો, કચ્છજો ગોલાડો મિઠો.*
*ગોલાડોમેં ગોલ પકી રે, ગોલાડો મિઠો.*
*ગોલાડો મિઠો, મૂંજે દાદા કે ડિઠો,*
*પરજા દાદા પિંઢજા ન થીંધા ગોલાડો મિઠો.*
*ગોલાડો મિઠો, કચ્છજો ગોલાડો મિઠો.*
*ગોલાડોમેં ગોલ પકી રે, ગોલાડો મિઠો.*

ઉપરોક્ત લોકગીત પ્રકૃતિના તત્ત્વો સાથે જોડાયેલો છે. એમ કહી શકાય કે, માનવ જીવન પ્રકૃતિજન્ય છે. પ્રકૃતિ જ તેનો ધર્મ છે. તે પ્રકૃતિસિધ્ધ છે અને પ્રકૃતિસ્થિત પણ છે. જેમાં પ્રકૃતિ મંડલનો સમાવેશ જોવા મળે છે અને એમ પણ કહી શકાય કે, તે પ્રકૃતિવાદી છે. એટલે જીવાતા માનવ જીવનમાં પ્રકૃતિની અસર ભારોભાર રહેલી છે. તે પ્રકૃતિવિહીન નથી અને તેના માટે પ્રકૃતિ અર્થહીન પણ નથી. ત્યારે લોકજીવને પ્રકૃતિ ચાહી છે અને ગાઈ છે. એટલે લોક જીવનમાં પ્રકૃતિના તત્ત્વોનો નાતો અસ્થિ અને માંસ જેવો રહ્યો છે.

ઉપરોક્ત ગીતમાં પણ પ્રકૃતિની પારાવાર અસર દેખાય છે. આ 'ગોલાડો' જેને ગુજરાતીમાં ઘોલી, ઘોલું, ઘિલોડું, ઘલોડું કે ટીંડોરું તરીકે ઓળખવામાં આવે છે.

વર્ષાઋતુમાં તે વાડ કે ઘાટી ઊગેલી ઝાડી વચ્ચે ઊગી નીકળે છે. તેનો વેલો તે વાડ કે ઝાડ પર ફેલાઈ જાય છે. તેમાં જે ફળ થાય છે તેને કચ્છીભાષામાં 'ગોલુ' અને તેના વેલાને 'ગોલાડો' કહે છે.

ગ્રામ્યવસ્તી અને તેમાં પણ માલધારીને તેનું બહુ આકર્ષણ રહ્યું છે. એટલા માટે કે તેના ફળનું શાક બહુ સારૂં થાય છે. એટલે વર્ષાઋતુમાં જ તેઓને લીલોતરીનું શાક જોવા મળે છે. તે ફળ પાકી જતાં લાલચટ્ટાક બને છે અને કોઈ નવયૌવના અધરોષ્ઠ જેવા લાલીમાથી લચીત તેના ફળ તે વેલામાં લાગેલા હોય છે. તે અતિ મિષ્ટ અને મધુર હોય છે. એટલે કે ગ્રામ્યપ્રજાએ લોકજીવને પોતાના જીવાતા જીવનમાં વણી લીધા છે અને એ વેલીને પોતાનો વંશ કે વંશવેલાની ઉપમા આપતાં ઉપરોક્ત ગીત ગવાયું છે.

અહીં આ ગીતમાં નાયિકા શ્વસુરગૃહે પોતાના પિયરને યાદ કરતાં ઉપરોક્ત ગીતની પંક્તિઓ ગણગણે છે. ઠેરઠેર હરિયાલી પથરાઈ છે. લતાઓનું યૌવન અવરોધો હટાવીને વાડ કે ઝાડ પર પથરાઈ ગયું છે. રંગબેરંગી ખીલતા ફૂલો હાસ્ય વેરતા ભાસે છે. વરસાદની ઝડી મહેમાનની જેમ આવે છે અને ચાલી જાય છે. સતત ટપકતા નેવાના રવથી યૌવનાને કેટલાય સ્પંદનો ઉદ્‌ભવે છે ત્યારે તેને પિયરનો એક એક પાત્ર યાદ આવે છે. બાવા (પિતા), દાદા, ભાઈ, કાકા, જાઈ (બહેન) વગેરેને યાદ કરી સ્પંદનોને હૃદયમાં સમાવી લે છે.

અહીં વેલ (લતા)ને માનવ જીવનના આવાગમન (જન્મ મરણ)ની શૃંખલા સાથે સાધી અને વેલીને વંશવેલાની સાથે સરખાવી ઉપમાલંકારનો શ્રેષ્ઠ નમૂનો આલેખાયેલો છે.

કોઈ પણ પ્રદેશના લોક સાહિત્યમાં નાયિકા શ્વસુરગૃહના પાત્રો સાથે સંવાદાત્મક કે ભાવાત્મક અભિવ્યક્તિ વ્યક્ત કરતા ગીતો ઘણા જોવા મળે છે. પણ પોતાના પિયરના પાત્રોને યાદ કરતા ગીતો જવલ્લે જ મળે છે ત્યારે આ ગીતને જરા હટકે કક્ષામાં ગણી શકાય. સાથે વનસ્પતિના વેલાને વંશવેલા સાથે સરખાવીને કે તેની આ ઉપયુક્ત ઉપમાને ઉપમાલંકારનો શ્રેષ્ઠતમ ઉદાહરણ ગણી શકાય તેમ છે. આવા અનેક ગીતો માનવ જીવનમાં ટંકોત્કીર્ણવત કોતરાઈ ગયા છે.

## પરજા દાદા પિંઢજા ન થીંધા

સર્જનની સમગ્ર પ્રક્રિયામાં સર્જકનું શું કામ છે? તે એક અગત્યનો મુદ્દો છે. સર્જકની સચેત અવસ્થામાં સર્જન થાય છે કે પછી અસચેત અવસ્થામાં એ વળી બીજો પ્રશ્ન છે. સર્જકને પૂછવાથી એનો સાચો ઉત્તર મળતો નથી. સર્જક સર્જનવેળાએ સર્જનના ભાવાવેશમાં હોય છે અને સર્જન પછી એના વિશે જે કહે છે તે અસ્પષ્ટ અને રહસ્યમય હોય છે. પણ સર્જન પ્રક્રિયામાં સર્જકનું માનસ સક્રિય રહે છે. ત્યારે કોઈ પણ સાહિત્યકારનું આંતરમન ત્યાં કામ કરતું હોય છે.

'ગોલાડો મિઠો' વિશે આપણી વાત થઈ. કેટલીક મર્યાદાના કારણે જે થોડું ઘણું રહી જવા પામ્યું તે આજે તમારી પાસે રજૂ કરવા માગું છું. આવા લોકગીતો પ્રદેશ પ્રદેશની સંસ્કૃતિ મુજબ પરંપરાગત રીતે ઢાળ કે લયમાં ગવાતા રહ્યા છે અને સમયાનુસાર તેમાં થોડુંઘણું પરિવર્તન પણ થતું રહ્યું છે.

સાંપ્રત સમયાનુસાર ઓડિયો, વીડિયો કે રેકોર્ડિંગના માધ્યમોથી તેનું પ્રસાર પ્રચાર પ્રમાણમાં વધારે થયું એવું માની શકાય. વળી, આવા ઢાળ કે લયના માધુર્યથી આકર્ષાઇને વ્યવહાર કુશળ માધ્યમોએ તેનો ઘણો લાભ ઉઠાવ્યો એમ પણ કહી શકાય. જેમાં નુકસાન એ થયું કે, તેઓએ તેની મુળભૂત દેહાકૃતિ કે લયાકૃતિને પોતાની રીતે લય-ઢાળમાં વાળીઢાળી યેનકેન પ્રકારે ફેરફાર કરી પશ્ચિમ સંસ્કૃતિના ગીતોના ઢાળમાં ગોઠવી લીધા. જેમાં તેમણે કેટલીક જગ્યાએ મૂળભૂત ફેરફાર કરી લીધો. જેના બે કારણો હતા. એક તો તે પશ્ચિમ વદ્યોમાં સુલભ રીતે વગાડી શકાય એ અને બીજું પશ્ચિમ સંસ્કૃતિ મુજબ ગાઈ સાંપ્રત સમયમાં લોકસમૂહને આકર્ષી શકાય.

ઉપરોક્ત લોકગીત 'ગોલાડો'માં પણ એવું જ બન્યું. કેટલાક સંગીતકારો 'ગોલાડો'માં 'ગોલડો મિઠો મુંજે દાદા કે ડિઠો, પરજા દાદા પિંઢજા ન થીંધા ગોલાડો મિઠો' આ પંક્તિ ગાતા જ નથી. એટલું જ નહીં, આ પંક્તિ ગીતની છે એમ માની શકતા પણ નથી. મિત્રો, એવા લોકોએ આ પંક્તિને કાઢી નાખી છે, જે આ પ્રદેશની સંસ્કૃતિ અને સંસ્કારિતાથી અજાણ છે. જેની પૃષ્ઠભૂમિમાં પૂર્વકાલીન રીત-રિવાજ કહો કે મજબૂરી કહો, જે કહો તે પણ આ પંક્તિ તેની સાક્ષી કે કેટલાક સમય પૂર્વે કેટલીક જ્ઞાતિઓમાં દીકરીનો વળાવ્યા (લગ્ન કર્યા) પછી તે જીવન પર્યંત માવિત્રોનું અર્થાત્ પિયરમાંના કોઈ પણ સભ્યનું મોઢું જોવા પામતી નહીં. કહે છે કે, દીકરીને વળાવતી વેળાએ માવિત્રો કરિયાવર સાથે કફન પણ આપી દેતા હતા અને તેની પાછળ પાણી ઢોળી નાખતા. એટલે કે તેના પગલાની છાપ પણ ભૂંસી નાખતા, કે તેના નામનું નાહી નાખતા. જે દીકરીને અઢાર વીસ વર્ષ લાડકોડથી ઉછેરી મોટી કરી અને અઢાર વીસ વર્ષ સુધી જેણે ઘરના આંગણા (પરિવાર)ને ધબકતું રાખ્યું એ દીકરી પણ પરાણે બધાનો મોહ છોડી જિંદગીભર માટે જતી રહેતી. એ કોઈ દુઃખદ ઘટના નહોતી. કારણકે એ સમાજે સ્વીકારી લીધું હતું. આવી ઘટના એકલદોકલ કોઈનાથી બને તો જરૂર દુઃખ લાગે પણ પ્રથા સર્વસામાન્ય અને સર્વમાન્ય હતી. આવી દીકરી સાસરિયામાં ગામના કોઈ સ્નેહી પરિવારજનને પોતાના ભાઈ કે પિતા તરીકે માનતી. સામા પક્ષે તે ધર્મની (માનેલી) બહેન કે દીકરી તરીકે સ્વીકારાતી. જે સાસરા પક્ષવાળા જ આ બધું ગોઠવી આપતા અને પ્રસંગોપાત બંને પક્ષો એકબીજા સાથે પારિવારિક તહેવારો જેવા કે રક્ષાબંધન, ભાઈબીજ સમયે આ સંબંધોને તાજા કરાતા.

અહીં આવી એક સ્ત્રી (દીકરી) જેને માતા-પિતા કે અજાણ્યા બહેન-ભાઈ વિસરતા નથી અને સંજોગોવશાત માનેલો ભાઈ કે પિતા વ્યવસાય અર્થે ગામ મૂકી બીજે જતા રહ્યા છે ત્યારે નાયિકા (સ્ત્રી) કહે છે કે : 'પરજા દાદા (દાદા, ભાઈ) પિંઢજા ન થીંધા, ગોલાડો મિઠો.' અર્થાત્ માનેલા સંબંધો તેની સીમા પર અટકી જશે. કોઈ પારકા પોતાના નહીં થાય પણ વંશવેલા સાથે સંકળાયેલા જે સંબંધો છે તે જ મીઠા છે, તે જ મીઠા થશે. આ લોકગીતની કરૂણાંતિકા એ છે કે, લાડકોડથી ઉછેરીને દીકરીને આજીવન પિયરના સંબંધોથી દૂર રાખવું લોકમાનસને સ્વીકારતા

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૨ ઉપર)

# NAVNEET EDUCATION LIMITED

(અમદાવાદ • મુંબઈ)

## 'નવનીત પરિવાર'ની ગૌરવગાથા : ભાગ-૨

### "સંપ ત્યાં પ્રગતિ આપોઆપ" • "કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી"

શ્રી કચ્છી વિસા ઓસવાલ (ક.વિ.ઓ.) સમાજની એક અત્યંત જાણીતી પ્રકાશન સંસ્થા એટલે 'નવનીત એજ્યુકેશન લિમિટેડ'. 'નવનીત' અનેક શૈક્ષણિક પ્રકાશનો તથા સ્ટેશનરીનું ઉત્પાદન કરે છે, અને આજે આ સંસ્થા શિક્ષણ જગતમાં પ્રતિષ્ઠિત સ્થાન ધરાવે છે.

'નવનીત'ની પ્રતિષ્ઠા આજે સર્વત્ર વ્યાપક છે. આ સંસ્થા વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમ પર આધારિત પ્રકાશનો પ્રકાશિત કરે છે, જે સમસ્ત ગુજરાત તથા મહારાષ્ટ્રના શૈક્ષણિક ક્ષેત્રે ઉપયોગી બની રહ્યાં છે. આ શૈક્ષણિક પ્રકાશનો ગુજરાતી, મરાઠી, અંગ્રેજી, હિંદી તથા ઉર્દૂ ભાષાઓમાં પ્રકાશિત થાય છે. 'નવનીત'નાં પ્રકાશનોએ શિક્ષણ જગતમાં વિશ્વાસનું તથા શ્રેષ્ઠ ગુણવત્તાનું અદ્‌ભુત વાતાવરણ જમાવ્યું છે. 'નવનીત' ગ્રૂપે શૈક્ષણિક ઉપરાંત બાલ સાહિત્ય અને સામાન્ય જ્ઞાનને લગતાં અનેક સુંદર પ્રકાશનો પણ ગુજરાતી, મરાઠી, અંગ્રેજી, હિંદી તથા ભારતની અનેક ભાષાઓમાં પ્રકાશિત કર્યા છે. વિશેષમાં સમાજના સામાન્ય વર્ગને પણ કંઈક ઉપયોગી થવાની ભાવનાથી પ્રેરાઈને ગુજરાતી, હિંદી, મરાઠી, અંગ્રેજી તથા ભારતની અનેક ભાષાઓમાં ઘણાં બધાં આરોગ્યલક્ષી પ્રકાશનો છાપ્યાં છે. કુટુંબ વિશાળ થતાં પુસ્તક પ્રકાશનની સાથે સાથે 'નવનીત' ગ્રૂપે વિદ્યાર્થીઓ માટે ઉપયોગી એવી અનેક પ્રકારની સ્ટેશનરીનું ઉત્પાદન શરૂ કર્યું છે. આ સ્ટેશનરીઝને ભારતભરમાં સારો આવકાર મળ્યો છે. ઉપરાંત, આ સ્ટેશનરીઝ આજે વિશ્વના ૨૫ જેટલાં રાષ્ટ્રોમાં નિકાસ થાય છે. આ બાબત શ્રી ક.વિ.ઓ. સમાજ માટે ગૌરવ લેવા જેવી છે, એમ કહીએ તો એ અતિશયોક્તિ નહીં ગણાય.

કચ્છ-મોટી રાયણના વતની શ્રી રામજીભાઈ ગાલાનો બહોળો પરિવાર. વર્ષો પહેલાં શ્રી રામજીભાઈ વતન છોડીને ધંધાર્થે મુંબઈમાં વસેલા. તેઓ મુંબઈના વાલકેશ્વર વિસ્તારમાં કરિયાણાનો ધંધો કરતા હતા. તેઓ પોતાના દીકરાઓ માટે બીજો કોઈ ધંધો શરૂ કરવાનું વિચારતા હતા. એટલામાં કમનસીબે એમનું માત્ર ૪૫ વર્ષની વયે અવસાન થયું.

પિતાશ્રીના અવસાન સમયે મુંબઈ ખાતે સૌથી મોટા દીકરા શ્રી લાલજીભાઈ અને એમનાથી નાના ભાઈ શ્રી ધનજીભાઈ રહેતા હતા. માતુશ્રી લાખણીબાઈ પાસે થોડી ચાંદી હતી, જે વેચીને બંને ભાઈઓએ પ્રિન્સેસ સ્ટ્રીટ પર એક દાદર નીચેના ખાંચામાં જૂનાં પુસ્તકોની દુકાન શરૂ કરી. 'ધનજી' અને 'લાલજી' ઉપરથી 'ધનલાલ બ્રધર્સ' નામ આપ્યું. શ્રી ધનજીભાઈ દુકાને બેસીને પુસ્તકો વેચે, ને શ્રી લાલજીભાઈ મુંબઈ પસ્તીવાળાની દુકાનેથી જૂનાં પાઠ્યપુસ્તકો ખરીદી લાવી તેમને રિબાઇન્ડિંગ કરીને અડધી કિંમતે વેચે. આવક ઓછી અને મહેનત વધુ.

પતિના અવસાન પછી બે વર્ષે માતુશ્રી લાખણીબાઈ પણ અવસાન પામ્યા. ત્યાં સુધી નાના ભાઈઓ તો કચ્છમાં, રાયણ ગામે રહેતા હતા. હવે મોટા ભાઈઓ તેમના નાના ભાઈઓને મુંબઈ લઈ આવ્યા. એ સમયે ધંધાની આવક થોડી અને કુટુંબ મોટું. આર્થિક રીતે સાધારણ પરિસ્થિતિમાં પણ મોટા ભાઈઓએ જીવનના દરેક ક્ષેત્રે પ્રામાણિકતા જાળવી રાખી હતી અને નાના ભાઈઓને પણ એ જ પ્રામાણિકતાનું શિક્ષણ આપ્યું.

મોટા ભાઈઓની નિશ્રામાં નાના ભાઈઓ મોટા થતા ગયા. થોડું ઘણું શિક્ષણ મેળવીને એક પછી એક 'ધનલાલ બ્રધર્સ'માં જોડાતા ગયા. ધંધામાં વ્યક્તિઓની સંખ્યા વધતાં મુંબઈના જુદા જુદા વિસ્તારોમાં નાની-મોટી દુકાનો શરૂ કરી. ગાડું જેમ તેમ ગબડવા લાગ્યું. જોકે એનાથી એક ફાયદો થયો કે આવકમાં થોડો-ઘણો વધારો થયો. બધાએ 'કુટુંબ-સંપ'નો મંત્ર વ્યવહારમાં સાચવી રાખ્યો.

શ્રી લાલજીભાઈએ કુટુંબની આપત્તિ સમયમાં પણ સંયમ, સહનશીલતા, ધૈર્ય જેવાં સદ્‌ગુણો જાળવી રાખ્યા. આમ, પ્રચંડ આત્મવિશ્વાસ તથા ભગીરથ પુરુષાર્થ લાંબા ગાળે હંમેશાં પ્રગતિ અપાવે છે.

ધંધાનો વ્યાપ વધે તો જ કુટુંબની પ્રગતિ થાય અને હાથમાં પૈસા દેખાય. બહોળા કુટુંબને માત્ર દુકાનદારીમાંથી મળે કેટલું? પુસ્તકોનું પ્રકાશન જાતે જ શરૂ કરીએ તો આગળ વધાય. આ વિચારને સંજોગોએ સાથ આપ્યો અને ૧૯૫૯માં SSC (જૂનું ધોરણ-૧૧) માટે એ સમયના અંગ્રેજીના એક તજજ્ઞ શિક્ષક પાસે અંગ્રેજી વિષય પર એક પુસ્તક લખાવીને પ્રકાશિત કર્યું. એ પુસ્તકને સારો પ્રતિસાદ મળ્યો. એની સારી એવી નકલો વેચાઈ. એમાંથી પ્રેરણા લઇ SSC માટે બીજા વિષયો પરનાં પુસ્તકો પ્રકાશિત કર્યા. એ સમયે મુંબઈ, અમદાવાદ, સુરત, વડોદરા, પુણે (પૂના) તથા બીજાં શહેરોમાં અનેક નાના-મોટા પ્રકાશકો શૈક્ષણિક પુસ્તકો બહાર પાડતા હતા. એ પ્રકાશકો પાસેથી પુસ્તકો ખરીદીને મુંબઈ ખાતે હોલસેલનો ધંધો શરૂ કર્યો. એક બાજુ સંસ્થાના પ્રકાશનો વધતાં ગયાં, બીજી બાજુ હોલસેલના ધંધામાં પણ સારી પ્રગતિ થઇ. કેટલાય સમય પછી 'નવનીત' ખાનગી પ્રકાશન સંસ્થામાંથી 'પબ્લિક લિમિટેડ'માં ફેરવાઈ ગઈ.

સૌ ભાઈઓમાં એક જ લગન હતી કે ખૂબ મહેનત કરીને ધંધો વિકસાવવો. સંજોગોએ પણ સારો સાથ આપ્યો. શરૂઆતનાં વર્ષોમાં મુંબઇનાં ખાનગી પ્રેસોમાં પુસ્તકો છપાવવાં પડતાં હતાં. ૧૯૬૭માં અમદાવાદમાં પોતાનું નાનું સરખું પ્રેસ શરૂ કર્યું. ત્યાં સૌથી મોટા ભાઈ શ્રી લાલજીભાઈ અને સૌથી નાના ભાઈ શ્રી શાંતિભાઈએ વ્યવસ્થા સંભાળી. પાછળથી મુંબઈથી આવીને શ્રી હરખચંદભાઈ (છોટુભાઈ) ધંધામાં જોડાયા.

શ્રી લાલજીભાઈએ અમદાવાદમાં 'ગાલા પબ્લિશર્સ' નામે નાની પ્રકાશન સંસ્થા પણ શરૂ કરી. એ પ્રકાશન સંસ્થામાં ગુજરાતના અભ્યાસક્રમ ઉપરનાં પ્રકાશનો તૈયાર થવા લાગ્યાં. શ્રી લાલજીભાઈ, શ્રી હરખચંદભાઈ તથા સૌથી નાના ભાઈ શ્રી શાંતિભાઈએ સખત મહેનત કરીને એના વેચાણમાં સારી સફળતા મેળવી. 'નવનીત' અને 'ગાલા'ના પ્રકાશનોની સંખ્યા વધવા માંડી. એટલે અમદાવાદ ખાતે જમીનનો એક પ્લોટ ખરીદીને ત્યાં પ્રેસનું મોટું મકાન બાંધ્યું. સમય જતાં બધા સીમાડા ટૂંકા પડવા લાગ્યા. આથી અમદાવાદથી થોડે દૂર, ગાંધીનગર પાસે દંતાલી ગામે વિશાળ જમીન ખરીદીને ત્યાં મોટું પ્રેસ ઊભું કર્યું.

શ્રી લાલજીભાઈએ એક મહાન કાર્ય હાથમાં લીધું. એ જમાનામાં અંગ્રેજી-ગુજરાતી વિસ્તૃત ડિક્ષનરી છપાઈ નહોતી. લાલજીભાઈએ અનેક ડિક્ષનરીઓનું દોહન કરીને સાત વર્ષના અંતે પચાસ હજાર એન્ટ્રીઓ તથા દોઢ લાખ શબ્દોના અર્થથી સભર એવી 'ગાલા એડવાન્સ્ડ ડિક્ષનરી' તૈયાર કરી. ઑક્સફર્ડ કક્ષાની આ ડિક્ષનરીની પ્રસ્તાવના તે સમયના મૂર્ધન્ય સાહિત્યકાર, મોટા ગજાના રાજપુરુષ તથા ભારતીય વિદ્યાભવનના કુલપતિ શ્રી કનૈયાલાલ મુનશીએ લખી આપી. પછી તો આ ડિક્ષનરીની આવૃત્તિઓ દર વર્ષે છપાતી. આગળ જતાં નાની-મોટી ડિક્ષનરીઓની શૃંખલા પ્રગટ થઇ. સફળતા ક્યારેય અટકી નહીં. સફળતાનાં સોપાન ચડવામાં હવે સરળતા આવી, હિંમત વધી, ઉત્સાહ વધ્યો.

અપેક્ષિતો, ગાઈડો તથા બીજાં શૈક્ષણિક પ્રકાશનો વધતાં જ ચાલ્યાં. શાખમાં ઉમેરો થતો ગયો. સારો સમય આવ્યે મુંબઈ - દાદર ખાતેની તે સમયે ચોકલેટ બનાવતી એક જાણીતી કંપની ડૉ. રાઈટર્સની જગ્યા ખરીદી, ને ત્યાં 'નવનીત ભવન' ઊભું કર્યું. અહીં બે ભાઈઓ શ્રી અમરચંદભાઈ તથા શ્રી ડુંગરશીભાઈ અને એમનાં દીકરાઓ કામ કરવા લાગ્યા.

આમ, આખું કુટુંબ ભેગું થઇને સંસ્થાના ઉત્થાન માટે પરસેવો પાડવા લાગ્યું. કુટુંબને સારી નામના (કીર્તિ) મળી.

બહોળા કુટુંબને દુઃખમાં એકસૂત્રે બાંધી રાખનાર શ્રી લાલજીભાઈની સમજ હતી કે સુખમાં બધાં કુટુંબોએ રહેઠાણની રીતે જુદાં જુદાં રહેવું સારું. જેથી કુટુંબમાં કલેશ ન થાય, અંતરનો ભાવ સચવાય ને વ્યવસાયમાં કોઈ ક્ષતિ ન આવે.

પછી તો પરિવારમાં બધા સભ્યો એમ વિચારતા થયા કે, આપણે ઘણી ગરીબાઈમાંથી પસાર થયા છીએ અને આજે આપણી આર્થિક સ્થિતિ સારી થઈ છે, ત્યારે 'સમાજ માટે પણ કંઈક કરી છૂટવું.' આવી ભાવનાથી પ્રેરાઈને નવનીત પરિવારે સમાજમાં નાનાં-મોટાં અનેક પ્રકારનાં દાન આપવાનાં શરૂ કર્યાં. તેમાંય વિશેષ કરીને વૈદકીય ક્ષેત્રે મુંબઇ, અમદાવાદ અને કચ્છમાં 'નવનીત પરિવાર'નું યોગદાન ઘણું રહ્યું. તાજેતરમાં ક.વિ.ઓ. સમાજમાંના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના રહેઠાણના પ્રશ્નો ઉકેલવા માટે શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશનની સ્થાપના થઇ છે, એમાં પણ 'નવનીત પરિવાર'નું યોગદાન પ્રશંસનીય રહ્યું છે.

૧૯૭૭ના અરસામાં શ્રી લાલજીભાઈને કિડની તથા કમળાના રોગે જકડી લીધા. પોતાના ભાઈઓના લહેરાતા વડલાની છાંયમાં સંતોષ સાથે શ્રી લાલજીભાઈ ૧૯૮૭માં વિદાય થયા. એ સમયે એમની ઉંમર ફક્ત ૬૭ વર્ષની હતી.

શૈક્ષણિક પુસ્તકો તૈયાર કરવા માટે વિદ્વાન લેખકોની જરૂર પડે. સંસ્થા સાથે અત્યારે ઉચ્ચ શિક્ષણ પામેલા ૨૫૦ જેટલા લેખકો જોડાયેલા છે. દરેક લેખકને એમનાં પુસ્તકોની સારી રોયલ્ટી મળે છે. આમ, અરસ-પરસના સહયોગથી નવનીત પરિવારે પ્રકાશન ક્ષેત્રે સારી એવી હરણફાળ ભરી.

આજે તો 'નવનીત એજ્યુકેશન લિમિટેડ' સંસ્થા ભારતની પ્રમુખ પ્રકાશન સંસ્થા છે. સંસ્થા શ્રેષ્ઠ ગુણવત્તાવાળાં પ્રકાશનો વાજબી કિંમતે વિદ્યાર્થી જગતને આપે છે. અત્યારે અંદાજે ૪૦૦૦ જેટલાં પ્રકાશનો વિવિધ ભાષામાં છપાય છે. અમદાવાદ તથા મુંબઈમાં પોતાના વિશાળ ભવનોમાં વહીવટી કાર્યાલયો ચાલે છે. સંસ્થાના સમગ્ર વહીવટ માટે SAP જેવી કમ્પ્યુટર સિસ્ટમ અમલમાં છે. સાથે સાથે સમગ્ર તંત્રના સુવ્યવસ્થિત સંચાલન માટે Kaizen System ની વ્યવસ્થા ગોઠવી છે. અતિ અદ્યતન શિક્ષણ ટેકનોલોજી 'E-learning' પણ શરૂ કરી છે.

આજે સંસ્થાનાં બધાં કાર્યાલયોમાં એકંદરે મળીને આશરે ચાર હજાર જેટલા કર્મચારીઓ કામ કરે છે. ઉપરાંત પૂરા સમયના 14 CA, 2 Cost Accountants, 2 Lawyers વગેરેનો સ્ટાફ છે.

***નવનીતે કોરોનાના બે વર્ષમાં ધંધો ન હોવા છતાં, આવા કપરા સમયમાં લેખકશ્રીઓને રોયલ્ટી, સ્ટાફને પગાર-બોનસ - ઈન્ક્રીમેન્ટ અને અન્ય આર્થિક વ્યવહારો પણ સાચવ્યા.***

'નવનીત એજ્યુકેશન લિમિટેડ' પ્રચંડ પુરુષાર્થ, આદર્શ અને વ્યવહારુ સંચાલન, આડંબર રહિત તથા નિરંહકારભર્યા જીવનનું જીવંત મંદિર છે.

આ છે શ્રી ક.વિ.ઓ. સમાજના અતિ સામાન્ય કુટુંબમાંથી આજની ઉચ્ચ કક્ષાએ પહોંચેલા 'નવનીત પરિવાર'ની વિકાસગાથા! કુટુંબ-સંપની ભાવના, વિકાસ માટેની લગન તથા સમાજનું ઋણ ચૂકવવાની અદમ્ય ભાવનાનો એક દસ્તાવેજી ઇતિહાસ!!!

***જૂની પેઢી (એટલે કે અમે) દરેક પ્રકારની જવાબદારીમાં ધ્યાન આપતી હતી. જૂના સમયમાં ધંધાનો વ્યાપ ઓછો હતો. જ્યારે નવી પેઢી (એટલે કે નવા યુવાનો) હવે એવું જાણતી થઈ છે કે ધંધાનો વિકાસ કરવો હોય, તો નવા યુવાનોએ એમના સ્વભાવ અને આવડત પ્રમાણેની જવાબદારીઓ સંભાળવી જોઈએ.***

***હવે નવી પેઢીને નીચે મુજબની જવાબદારીઓ સંભાળી રહી છે.***

★ શ્રી બીપીનભાઈ – દંતાલી, સેલવાસ, ખાનીવડે સંસ્થાઓમાં આધુનિક મશીનરી વસાવવા સંબંધિત જવાબદારી સંભાળે છે. ઉપરાંત સામાજિક કાર્યો પણ કરે છે.

★ મહારાષ્ટ્ર ખાતે શ્રી અનિલભાઈ, શ્રી શૈલેન્દ્રભાઈ, જયારે ગુજરાત ખાતે શ્રી શાંતિભાઈ પ્રકાશનો તૈયાર કરવાની જવાબદારી સંભાળે છે.

★ મહારાષ્ટ્ર ખાતે શ્રી સંજીવ તથા શ્રી આદિત્ય અને ગુજરાત ખાતે શ્રી રાજુભાઈ અને શ્રી અર્ચિત માર્કેટિંગની જવાબદારી સંભાળે છે.

★ શ્રી રાજુભાઈ દંતાલી પ્રિન્ટિંગ યુનિટની જવાબદારી સંભાળે છે.

★ મહારાષ્ટ્ર ખાતે શ્રી દિલીપ સંપટ તથા શ્રી સિદ્ધાંત એક્સપોર્ટની જવાબદારી સંભાળે છે.

★ મુંબઈ ખાતે શ્રી સોનલ રિયલ એસ્ટેટ અને અમદાવાદ ખાતે શ્રી સંદીપભાઈ તથા શ્રી કલ્પેશભાઈ લેન્ડ ઍન્ડ કન્સ્ટ્રક્શનની જવાબદારી સંભાળે છે.

★ મહારાષ્ટ્ર ખાતે શ્રી અનિલભાઈ તથા અમદાવાદ ખાતે શ્રી ક્રિશા એચ.આર. વિભાગ સંભાળે છે.

★ એડવાન્સ ડિજિટલની જવાબદારી શ્રી કેતન, શ્રી હર્ષિલ અને શ્રી દેવેશ સંભાળે છે.

★ ગાલા ફેમિલી ઈન્વેસ્ટમેન્ટની જવાબદારી શ્રી મોહિની સંભાળે છે.

★ મહારાષ્ટ્ર અને ગુજરાત માટે શ્રી સુનિલભાઈ તથા શ્રી કલ્પેશભાઈ ફાઈનાન્સ, એકાઉન્ટ, લીગલની જવાબદારી સંભાળે છે.

★ શ્રી શાન કો-વર્કિંગ સ્પેસ બિઝનેસ (કનેક્ટ) સંભાળે છે.

## પૂ. શ્રી લાલજીભાઈની સોનેરી સલાહો

- કુટુંબને દુઃખમાં એકસૂત્રે જાળવવું સરળ છે, પણ સુખમાં તે મુશ્કેલ છે. એટલે લગ્ન પછી દરેક ભાઈ જુદા જુદા રહે તો અંતરનો ભાવ સચવાય અને વ્યવહારમાં ક્ષતિ ન આવે.
- ધંધાના નફામાં કુટુંબના બધા પુરુષ સભ્યોનો ભાગ રાખવો.
- ધંધામાં કે સમાજમાં વ્યવહારમાં કદી ચૂકવું નહીં.
- ધંધામાં કોઈ છેતરપિંડી કરે, તો એ સમજાતાંની સાથે જ એનો હિસાબ ચૂકતે કરી દેવો. એ પછી ભવિષ્યમાં કદી પણ એની સાથે વ્યવહાર કરવો નહીં. કોર્ટની લપમાં કદી પડવું નહીં.
- કોઈની સાથે મનદુઃખ થયું હોય તો પણ એના સારા-માઠા પ્રસંગે જરૂર પહોંચી જવું. એમ કરવાથી ઘણા મતભેદો આપોઆપ જ ઊકલી જશે.
- એટલું નક્કી માનવું કે ***"શ્રમ વિના સિદ્ધિ નથી, સંપ વિના પ્રગતિ નથી, નીતિ વિના ઉન્નતિ નથી."***

**તા.ક.**

*'નવનીત પરિવાર'ના મોભી **શ્રી અમરચંદભાઈ ગાલા** અને **શ્રી ડુંગરશીભાઈ ગાલા**ને 'કચ્છી જૈન ફાઉન્ડેશન - મુંબઈ' તથા 'શ્રી ક.વિ.ઓ. જૈન મહાજન - મુંબઈ'ના સંયુક્ત ઉપક્રમે શનિવાર, તા. ૨૩-૭-૨૦૧૬ના રોજ 'લાઈફટાઈમ એચિવમેન્ટ ઍવોર્ડ' એનાયત કરવામાં આવ્યો જે આખા 'નવનીત પરિવાર' માટે ગૌરવ તથા આનંદભરી ઘટના બની.*

*"શ્રમ વિના સિદ્ધિ નથી, સંપ વિના પ્રગતિ નથી,*
*નીતિ વિના ઉન્નતિ નથી."*

***– પૂ. શ્રી લાલજીભાઈ ગાલા***

## ગોળાડેમેં ગોળ પકી રે, ગોળાડો મિઠો

**(અનુસંધાન : પાના નં.– ૩૮ ઉપરથી ચાલુ)**

કોણે શીખવ્યું હશે? કદાચ તેઓની કેટલીક મર્યાદાઓ પણ હશે.

આવી પંક્તિઓ માટે લોકગાયકો પણ મૂંઝવણમાં છે કે સાચું શું છે? ત્યારે ભાષાનો પ્રત્યેક શબ્દ એક પ્રતીક બની જાય છે. કોઈ પદાર્થ કોઈ ભાવ કે કોઈ પ્રક્રિયાનો સંકેત આ ભાષા દ્વારા માણસ પોતાનો વિચાર કે લાગણી સાથે વ્યક્ત કરી શકે છે, બીજાને પહોંચાડી શકે છે.

ભાષા એટલે માનવ-માનવ વચ્ચેના અવગમનનું સાધન. માનવ માનવ વચ્ચે થતું અવગમન ભાષા દ્વારા થાય છે ત્યારે ભાષાના વપરાશનો કોઈ ચોક્કસ હેતુ હોય છે કે પ્રયોજન હોય છે.

કવિની ભીતર અતિ સેન્સિટીવ કેમેરો હોય છે. એ જે જુએ છે, એનું રૂપાંતર શબ્દોમાં કરે છે. સાહિત્ય સર્જન આનંદ માટે થાય છે. તેનું ભાવન પણ આનંદ માટે થાય છે. સર્જન અને ભાવનનો આનંદ એ સિક્કાની બે બાજુઓ છે, એ સર્વવિદિત છે.

સાહિત્યકાર રોજબરોજ ઉપયોગમાં લેવાતાં ઘટકોનું એવું તો સંયોજન કરે છે કે વાક્ય રસાત્મક બની જાય છે. આમ તો એ સંયોજન સાહિત્યકારથી થઈ જાય છે. એટલે સાહિત્યકાર માટે એ સંયોજનના સર્જનનો આનંદ અને ભાવક માટે એના ભાવનો અથવા આસ્વાદનો આનંદ આવા ગરવા ગ્રામ્ય ગીતોમાં ગ્રામીણ સ્ત્રીઓના હૃદયમાંથી સ્વાભાવિક રીતે ઝરણા જેવું નિર્મળ અને નિર્લેપ સ્ફુરતું હોય છે, તે છે લોકગીત.

આવા લોકગીતોમાં મુળભૂત રીતે કરવામાં આવતા ફેરફારો, એ લોકમાનસનું ગળું દબાવ્યા બરાબર માની શકાય.

***ગુણોની કોઈ એક જબરદસ્ત ખાસિયત હોય તો તે આ છે કે ગુણો એ ખાનદાન મહેમાન જેવા છે. વગર આમંત્રણે એ આપણા જીવનઘરમાં પધારવા તૈયાર થતા જ નથી. જ્યારે દોષોની ખતરનાકતા કોઈ હોય તો તે આ છે કે દોષો એ ખૂંખાર ગુંડાઓ જેવા છે. વગર આમંત્રણે આક્રમણ કરતા રહીને એ આપણા જીવનઘરમાં ઘૂસતા જ રહે છે. ટૂંકમાં, લાવ્યા વિના ગુણો આવતા નથી અને કાઢ્યા વિના દોષો જતા નથી.***

# પ્રતિભાના પોંખણા



શ્રીમતી ફાલ્ગુની હિરેન

કચ્છના ભુજપુરની એક કન્યાશાળા જે પરિવારે શરૂ કરાવી હતી, એ ભેદા પરિવારના વંશજ મંગલદાસ હંસરાજ છેડા અને એમના પત્ની કંકુબેનનું પ્રથમ સંતાન – એ દીકરી લીલા. આ નાનકડી લીલાએ પૂર્વજોની શાળામાં ભણવા જવાની ના પાડી દીધી. પરિવારની ત્રણ પેઢીની દીકરીઓ જે શાળામાં ભણી હતી, એ પોતાની સ્કૂલમાં જ દીકરીએ ભણવાની ના પાડતાં, એના દાદી ખૂબ જ દુ:ખી થઈ ગયા. "પગાર લેવા માટે શિક્ષકો/બહેનો આપણા ઘરે આવતા હોય, આપણી જ સ્કૂલ હોય અને આ છોકરીને સ્કૂલે જવું નથી? આ શું?" પરિવાર માટે આ પરિસ્થિતિ અકલ્પનીય હતી. પાંચેક વર્ષની લીલા બે દિવસ સ્કૂલ ગઈ હતી, પણ પછી સ્કૂલમાં પગ નહીં મૂકવાની રટ લઈ લીધી. શાળા માટે નનૈયો ભણવાનું કારણ પૂછતાં દીકરીએ કહ્યું, "મને બહેને મારી. એટલે હવે હું શાળાએ કોઇ હિસાબે નહીં જાઉં." લીલાને મનાવવાના કુટુંબીઓના પ્રયત્નો નિષ્ફળ ગયા. પછી તો લીલાને સમજાવવા અને પોતાની રજૂઆત કરવા ટીચર પણ ઘરે ગયાં. તેમણે પોતાનો પક્ષ મૂકતાં કહ્યું, "આ લીલા કોઈને એની પાટલી પર બેસવા નથી દેતી. એ એકલી જ પગ લાંબા કરીને બેસે છે. વાત માનતી જ નથી, એટલે મારવી પડી." સાચું-ખોટું રામ જાણે, પણ હકીકત એ થઈ કે નાનકી લીલાનો કચ્છની સ્કૂલ સાથેનો સંબંધ હંમેશને માટે કપાઈ ગયો.



ડૉ. લીલાબહેન પ્રવીણભાઈ વિસરીયા

પાંચ વર્ષની વયે સ્કૂલે નહીં જવાની હઠ પકડનાર એ બાળકી મોટી થઇને ભણવામાં તેજસ્વી બનશે, સ્કૂલ-કૉલેજની ટોપર બનશે, પ્રિન્સ્ટન યુનિવર્સિટીમાંથી ડૉક્ટરેટ કરશે, સંશોધન પત્રો અને પુસ્તકો લખશે, પ્રોફેસર બની વિદ્યાર્થીઓને ભણાવશે, ખ્યાત સંસ્થાઓમાં મોભાદાર સ્થાન શોભાવશે, ભારત સરકાર કે યુનો માટે સલાહકાર તરીકે કાર્ય કરશે, આવી તો કોઈએ કલ્પનાય નહીં કરી હોય. કચ્છના નાનકડા ટુંડા ગામમાં જન્મેલી અને ભુજપુરમાં ઉછરેલી વ્યક્તિની કીર્તિ ગામ, જિલ્લા કે રાજ્યમાં જ નહીં, દેશના સીમાડાઓને ઓળંગીને વિદેશોમાં પણ વિસ્તરે એ વાત દીવા સ્વપ્ન શી લાગે. પરંતુ આ કોઈ કાલ્પનિક વાર્તા નથી, હકીકત છે. અહીં વાત કરી રહ્યા છીએ આપણા સમાજનાં જ એક વિશેષ વ્યક્તિ, **ડૉ. લીલાબહેન વિસરીયા**ની. માંડીને વાત કરીએ.

લીલાબહેન સપ્ટેમ્બર ૧૯૪૩માં કચ્છમાં જન્મ્યાં. એમનાં બાપુજી એમના કાકા સાથે રાઈસ મિલ્સનું કામ કરતા. મોટાભાગે તેઓ મુંબઈ અને બર્મામાં રહેતા. એકવાર મહિના દિવસની રજા માટે દેશ આવ્યા ત્યારે દીકરીની સ્કૂલ અંગેની ફરિયાદ થઇ. એમણે વિચાર્યું કે દીકરી સ્કૂલે નહીં જવાની જીદ લઇને બેઠી છે, તો ઠીક છે, એ ઘરે ભણશે. એમણે એક માસ્તર રોક્યા, જે નાની લીલાને ભણાવવા ઘરે આવતા થયા.

દરમ્યાન લીલાબહેનના નાની બહેન અને ભાઈનો જન્મ થયો. પરિવારનો એ પહેલો વંશજ હતો. એટલે એ દાદીનો ખૂબ જ વહાલો હતો. દાદી પણ થોડાં જૂનવાણી વિચારો ધરાવતાં. એટલે દીકરા - દીકરી વચ્ચે દેખીતી રીતે ભેદભાવ રાખતાં. દાદી પૌત્રને પોતાના ખોળામાં બેસાડતાં અને ચાંદીના થાળી વાટકામાંથી કોળિયાં ભરાવતાં... આ જોઈને બાળ લીલાએ પોતાને પણ સફેદ થાળીમાં જમણ ખવડાવવાની માંગણી કરી. લીલાબહેનના મા થોડા પ્રોગ્રેસિવ વિચારોવાળાં. એમણે તો એમના સાસુને કહ્યું પણ ખરું કે આવી ચાંદીની બીજી એક થાળી કબાટમાંથી કાઢી આપો, તો લીલાને કોઈ ફરિયાદ નહીં રહે. પણ મા એ છાપેલો જવાબ જ સામે ધર્યો : "અરે! આ તો છોકરી છે. એ તો ગમે તે માંગે. એમ કંઈ બધી વસ્તુઓ આપી દેવાય?

નહીં મળે.'' આ જૂનવાણી જવાબ સામે નાની લીલાએ જીદ કરી. ''તો પછી હું નહીં જમું. મને એ સફેદ થાળી આપો તો જ જમીશ. એને (ભાઈને) એ થાળીમાં જમાડો છો તો મને કેમ નહીં?'' દાદી અને પૌત્રીની આ ટણીનો, મા કંકુબેને વચ્ચેનો રસ્તો કાઢ્યો. દાદી પોતરાને જમાડી લે, પછી તેઓ એ થાળી - વાટકા માંજીને એમાં દીકરી લીલાને પીરસતાં. દાદીને તો ખૂબ જ વાંધો પડતો. છોકરીની જાતને આવી હઠ કેમ પાલવે. કાલે ઊઠીને સાસરે જશે, ત્યારે આવો જીદ્દી સ્વભાવ કેવી રીતે પોસાય!! એ સમયે તો કદાચ ગામમાંય લીલાબહેન 'માથાભારે છોકરી' તરીકે પંકાઈ ગયાં હશે.

એમના બાપુજીએ આ બધું જોયું. એમણે વિચારી લીધું કે છોકરાઓને સારું ભણતર અને ગણતર આપવા માટે ગામમાંથી અને ગ્રામીણ વિચારસરણીથી બહાર નીકળવું જ પડશે. તેઓ કાકા સાથેનું કામ છોડી, સાઢુ અને સાળાના સૉ મિલના કામમાં જોડાયા અને સપરિવાર મદ્રાસ જઈને વસ્યા. લીલાબહેનની ઉંમર ત્યારે છ વર્ષની હતી. પરંતુ નવી સમસ્યા એ હતી કે કચ્છની સ્કૂલમાં ગયાં જ નહીં, એટલે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર કેવી રીતે મળે? અને એના વગર નવી સ્કૂલમાં ઍડમિશન કેવી રીતે મળે? જેમ તેમ કરીને તેમને બીજા ધોરણની પરીક્ષા અપાવી, ત્રીજા ધોરણમાં પ્રવેશ મેળવ્યો. હાઈસ્કૂલ સુધીનો અભ્યાસ તેમણે ગુજરાતી માધ્યમમાં જ કર્યો.

જો કે શરૂઆતમાં તો એ પણ પડકાર હતો, કારણકે લીલાબહેનને કચ્છી સિવાય કોઈ ભાષા આવડતી જ ન હતી. ગુજરાતી પણ નહીં. ત્યારે સોજીત્રાની એક બહેન ભણાવવા આવ્યાં. લીલાબહેને ધ્યાન દઈને મહેનત કરી. માત્ર બે જ મહિનામાં તેમણે આખા વર્ષનો અભ્યાસક્રમ પૂરો કરી પરીક્ષા આપી અને ક્લાસમાં બીજા નંબરે પાસ થયા. એમના સહાધ્યાયીઓને પણ નવાઈ લાગી, કે આખો દિવસ ચૂપચાપ રહેતી આ નવી નવી છોકરી બીજો નંબર લાવી! જો કે લીલાબહેન માટે ભણતર ક્યારેય સ્પર્ધાત્મક ન હતું. એમને તો ભણવામાં રસ પડ્યો હતો. તેઓ પૂરા મનથી, સમજથી અભ્યાસ કરતાં. પરીક્ષામાં પહેલો નંબર આવે કે પંદરમો, એનાથી એમને લેશમાત્ર ફરક ન પડતો. ભણવાનું એટલે ભણવાનું. બસ! વિષય કોઈ પણ હોય, તેઓ વર્ગખંડમાં પૂરી એકાગ્રતાથી બધું સાંભળતાં, સમજતાં અને શીખતાં. સુંદર મરોડદાર અક્ષર એ એમનું મજબૂત જમા પાસું. હજી આજે પણ સ્પષ્ટ, સુઘડ લેખન એમની ખાસિયત છે. હાઈસ્કૂલ સુધી તો બધું બરોબર ચાલ્યું. પહેલો નંબર મળ્યો, ઈનામ મળ્યું. પણ મુશ્કેલી તો પછી શરૂ થઇ.

હવે કૉલેજ કરવાની કે નહીં? બાપુજીએ કહ્યું, ભણવું હોય તો ભણ પણ ઍડમિશન અને એની બધી માથાકુટ જાતે જ કરવી પડશે. હું નહીં આવું. લીલાબહેને વિચાર્યું કે આટલું સારું પરિણામ આવ્યું છે, તો સારામાં સારી કૉલેજમાં જ જવું જોઈએ. એટલે ત્યાંની બેસ્ટ ખાનગી મિશનરી કૉલેજ – સ્ટલા મારીસમાં ઍડમિશન લઈ લીધું. એમની સ્કૂલમાંથી લીલાબહેન એકમાત્ર વિદ્યાર્થિની હતાં, જેમનું આ કૉલેજમાં ઍડમિશન થયું. શરૂઆતમાં ખ્યાલ ન આવ્યો, પણ પછી એમને લાગ્યું કે આખી કૉલેજમાં તેઓ એકલાં પડી ગયાં છે. તે વખતે બધી જ કૉલેજો અંગ્રેજી માધ્યમની હતી અને લીલાબહેનની કૉલેજ તો એકદમ સંભ્રાંત - એકદમ હાઈ-ફાઈ હતી. બધી જ છોકરીઓ ઇંગ્લીશ મીડિયમમાં ભણીને આવેલી હતી અને લીલાબહેનને ખાસ કંઇ અંગ્રેજી આવડતું ન હતું. કોઈ સાથે અંગ્રેજીમાં વાત કરવી પણ અઘરી હતી. અધૂરામાં પૂરું, એ મિશનરી કૉલેજમાં ભણાવવા માટે નન્સ પણ વિદેશથી આવતાં. એમનાં ઉચ્ચારણ અને લઢણ પણ સમજવા અઘરા. એકાદ અઠવાડિયું માંડ થયું હશે, ને લીલાબહેન તો હતાશામાં સરી પડ્યાં. એમણે તો કૉલેજ છોડવાનું નક્કી કરી લીધું. બાપુજીને વાત કરી તો એમણે હિંમત આપી. ''આમ સહેલાઈથી હથિયાર હેઠાં ન મૂકાય. થોડોક વધુ સમય આપ, વધુ મહેનત કર, વધુ ધ્યાન આપ. આપણી પાસે શબ્દકોશ છે. ગુજરાતીમાંથી અંગ્રેજીના અને અંગ્રેજીમાંથી ગુજરાતીના પુસ્તકો છે. અઘરા શબ્દો અને એના અર્થ શોધી લે, લખી લે, અનુવાદ કરી જો, કદાચ થોડું વધુ સમજાશે.'' બાપુજીના કહેવા પર એમણે વધુ ધ્યાનથી મહેનત કરી. પહેલી પાટલી પર બેસીને ભણ્યા. એ વખતે સાયન્સ, આર્ટસ બધા જ વિષયો ભણવાના હતા. ૧૦ પેપર્સ હતા. અંગ્રેજી, હિંદી, ફિઝિક્સ, કેમિસ્ટ્રી, બોટની, ઝુઓલોજી, વર્લ્ડ હિસ્ટ્રી અને લોજીક. લોજીકની પહેલી પરીક્ષા થયા પછી ટીચરે ક્લાસમાં આવીને પૂછ્યું, 'રોલ નંબર ૫૮ કોનો છે?' ડરના માર્યા લીલાબહેન તો બોલી પણ ન શક્યાં કે આ મારો નંબર છે. બાજુમાં બેઠેલી છોકરીએ કોણી મારીને એમને ઊભાં કર્યા. ને ટીચરે જાહેર કર્યું કે, 'લોજીકના બધા જ પેપર્સમાં સૌથી વધુ ગુણ લીલાએ મેળવ્યા છે.' આ સાંભળીને લીલાબહેનને ખુશી થઈ કે ચાલો, ટકી ગયાં!

લીલાબહેનની ઇચ્છા મેડિકલ કૉલેજમાં જવાની હતી. માર્કસ સારા હતા. A+ ગ્રેડ હતો. મેરિટ પ્રમાણે તો એમને પ્રવેશ મળી જવો જોઈએ, પણ ન મળ્યો કારણ એ વખતે મેરિટનો માપદંડ ન હતો. પરંતુ ખુલ્લેઆમ લેવાયેલો નિર્ણય હતો કે ઉત્તર ભારતીયોને પ્રવેશ ન આપવો. ડૉક્ટરીનું ભણવા માંગતા વિદ્યાર્થીઓ પોતપોતાના રાજ્યોમાં જઈને ભણે. અહીંની બેઠકો દક્ષિણ ભારતીયો પૂરતી જ છે. હવે શું કરવું એ સવાલ થયો. અંતે કાકાની સંગતથી પ્રેરાઈને એમણે ફિલોસોફી સાથે સ્નાતક પૂર્ણ કર્યું. ફરી તેઓ યુનિ.ના ટોપર્સમાં આવ્યા. જો કે ત્યાં પણ એમની મુશ્કેલી તો હતી જ. ત્યાં પણ ખૂબ જ શિક્ષિત પરિવારની અંગ્રેજી બોલતી, અંગ્રેજી ગીતો ગાતી / સાંભળતી કે અંગ્રેજી

ફિલ્મો જોતી છોકરીઓની વચ્ચે તાલ બેસાડવાનો પ્રયાસ લીલાબહેન કરતાં રહ્યાં. પ્રાઇડ એન્ડ પ્રેજ્યુડીસ કે ચાર્લ્સ ડિકન્સની ચોપડીઓની વાતો થતી હોય, પણ લીલાબહેનને બધું ઉપરથી જાય. લીલાબહેન અંગ્રેજી પુસ્તક લઈ આવે. એને વાંચવા - સમજવાનો પ્રયાસ કરતાં રહે. એમ કરતાં કરતાં એમણે અંગ્રેજી વિષય પર પ્રભુત્વ મેળવ્યું.

યુનિ.માં ગોલ્ડ મેડલ મળ્યો એટલે હજી આગળ ભણવાની ઈચ્છા વ્યક્ત કરી. પણ બાપુજીએ ધરાર ના કહી. એમની ચિંતા પણ વાજબી હતી. ચાર ચાર છોકરીઓ હતી. સૌને ઠેકાણે પાડવાની હતી. ભણેલાં ફોઈએ પણ બાપુજીને સમજાવવાની કોશિશ કરી. બે વર્ષ હજી લીલાને ન પરણાવો તોય કાંઈ ખાટું-મોળું નહીં થઈ જાય. એને એમ.એ. કરવું છે, તો કરવા દો. મદ્રાસની યુનિ. પણ ખૂબ સારી છે. પણ બાપુજીની વ્યવહારુ દલીલ સામે કોઈ ટકી શક્યું નહીં. અને લીલાબહેન માટે છોકરાઓ જોવાનું શરૂ થયું. લીલાબહેનને પોતાને ભણતરનો આટલો ચસકો હતો, એટલે એ કોઈ દુકાનવાળા સાથી સાથે તો સુખી થશે જ નહીં. દલીલો કરવાની એની આદત છે, એટલે દાણાવાળા કે કપડાવાળા સાથે એનો મેળ નહીં ખાય. એની માટે તો ભણેલો છોકરો જ ઠીક રહેશે એમ ઠેરવ્યું. એ સમયમાં જ અમેરિકાથી Ph.D. કરીને આવેલા ડૉ. પ્રવીણભાઈની વાત આવી અને ડૉ. પ્રવીણભાઈ વિસરીયા સાથે લીલાબહેનના લગ્ન થઈ ગયાં.

અહીં ડૉ. પ્રવીણભાઈનો પણ ટૂંક પરિચય કરવો પડે. કચ્છના કોડાય ગામમાં મેઘજીભાઈ અને મોંઘીબહેનના એકમાત્ર સંતાન તરીકે પ્રવીણભાઈનો જન્મ થયો. દસ વર્ષ સુધી કચ્છમાં જ રહીને ભણ્યા. એમના પિતાએ જોયું કે દીકરો ખૂબ હોંશિયાર છે. એટલે એના ઉજ્જવળ ભવિષ્ય માટે એને મુંબઈ લઈ ગયા. પોતે કોઈ પેઢીમાં કેશિયર તરીકે જોડાયા. દીકરાને પાલાગલી સ્કૂલમાં મૂક્યો. ઘર તો હતું નહીં. શાળા પછી દિવસ દરમ્યાન પ્રવીણભાઈ આમ-તેમ ફરતા રહેતા. સીંગ-ચણા-મમરા ફાકીને દહાડો પૂરો કરતા. વિશીમાં જમતા અને રાતે ૧૦-૧૧ વાગે પેઢીએ કામ કરનારા સૌ નીકળી જાય પછી બાપ-દીકરો પેઢીએ જ સૂઈ જતા. S.S.C. સુધી આમ જ ચલાવ્યું. પછી એલ્ફિસ્ટન કૉલેજમાં ઍડમિશન લીધું. એટલે મહાવીર જૈન વિદ્યાલયની હોસ્ટેલમાં રહેવા મળ્યું. B.A. કર્યું. પછી ઇકોનોમિક્સ વિષય સાથે M.A. શરૂ કર્યું ને બીજા જ વર્ષે એમને અમેરિકાની પ્રિન્સ્ટન યુનિ.માંથી Ph.D. કરવા માટેની ફેલોશીપ મળી. એટલે ૧૯૫૮માં પ્રવીણભાઈ અમેરિકા ગયા અને ડૉક્ટરેટની ડિગ્રી સાથે ૧૯૬૩ની સાલમાં પરત ફર્યા. એમની તેજસ્વિતાની વાત એમના પહેલાં ભારત પહોંચી ગઈ હતી. એટલે એમને તરત જ મુંબઈ યુનિ.માં રીડર તરીકે કામ મળી ગયું. કમાતા થયા એટલે લગ્ન માટે તૈયાર થયા અને ૧૯૬૩ના ડિસેમ્બરમાં લીલાબહેન સાથે એમના લગ્ન થયા.

લગ્ન પછી પ્રવીણભાઈએ લીલાબહેનને પૂછ્યું, ‘શું કરવું છે?’ એટલે લીલાબહેને એમની આગળ ભણવાની ધરબી દીધેલી ઇચ્છા જણાવી. પોતે આટલું ભણેલા હોવાથી પ્રવીણભાઈએ પત્નીને પ્રોત્સાહન આપ્યું. જો કે પતિ-પત્ની બંને જાણતા હતા કે પરણ્યા પછી ઉચ્ચ શિક્ષણનું પત્નીનું સ્વપ્ન સાકાર કરવાનો રસ્તો બેશક સરળ નહીં હોય. લીલાબહેનના સાસુ રૂઢીચુસ્ત હતા. લીલાબહેનના આગળ અભ્યાસના વિચારથી સહેજ પણ સહમત ન હતાં. વળી ફિલોસોફીના ક્લાસ સવારના ૯ વાગ્યાથી હતા. એટલે ઘરની વહુને તો એ અનુકૂળ થાય જ નહીં. યુનિ.માં સોશિયોલોજીનો વિષય બપોરે ૧૨થી ૨ માં ભણાવાતો. આ સમય ખૂબ જ માફક આવતા, લીલાબહેને એ વિષય પર જ પસંદગી ઉતારી અને સોશિયોલોજીમાં અનુસ્નાતક કર્યું. યુનિ.માં દ્વિતીય ક્રમાંક મેળવ્યો. એ સફર પણ અઘરી હતી. સવારે બધું કામ પતાવીને ક્લાસમાં જતાં. પણ બે વાગ્યા પછી જરૂરી અભ્યાસ થઈ શકતો ન હતો. સાસુ ચોવિહાર કરતાં. એટલે એમની રસોઈ વહેલી બનાવવી પડતી. પ્રવીણભાઈએ સૂચન કર્યું કે બે વાગે ક્લાસ પતે પછી લાઇબ્રેરીમાં જઈને તારો અભ્યાસ કર. લીલાબહેને પણ મન કઠણ કરી ભણવા માટે વધુ સમય આપવો શરૂ કર્યો. સાસુએ સાંજની પોતાની રસોઈ જાતે કરવી પડતી. એટલે એ એક મોટી ઘટના હતી. વહુ આવ્યાં પછી પણ સાસુએ જાતે રાંધવું પડે છે, એવી કુટુંબમાં અને આસપાસ વાતો થતી હતી. પણ લીલાબહેને ઘરની બીજી જવાબદારીઓ અને બે સમયની રસોઈ અને અભ્યાસ બધું કરતાં કરતાં જ એમણે રેન્ક સાથે M.A. પૂર્ણ કર્યું.

અહીં આપને જણાવી દઈએ કે કોઈપણ પરિવારની વહુને સામાન્ય રીતે સતાવતી સમસ્યાઓનો લીલાબહેનને પણ સામનો કરવો પડ્યો હતો. લગ્ન કરીને આવ્યાં ત્યારે સાસુએ એકદમ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું કે આ ઘરની વહુ બનીને આવી છો અને વહુ જ રહીશ. દીકરી ક્યારેય નહીં બની શકે... એમણે ફરમાન કર્યું કે માથે ઓઢવું પડશે. જેનો લીલાબહેને મક્કમપણે વિરોધ કર્યો. મદ્રાસમાં રહીને મોટાં થયાં હતાં એટલે ગુજરાતી સાડી પહેરવાની પણ ફાવટ ન હતી. માથે નહીં ઓઢવાની વાત પર પ્રવીણભાઈએ પણ ટેકો આપ્યો. આપને યાદ દેવડાવું કે આ ૧૯૬૩ના વર્ષની વાત છે. એ જમાનામાં વહુને પોતાનો મત રાખવાની પણ છૂટ ન હતી. અહીં તો લીલાબહેન નીડરતાથી પોતાનો નિર્ણય જાહેર કરતાં હતાં. સાસુએ કહ્યું, ‘બહાર નહીં જવાનું. હું સીલાઈ મશીન લઈ આપીશ. ઘરે બેસીને સીલાઈ કામ કરવાનું.’ લીલાબહેને કહ્યું, ‘હા, મને સીલાઈ કામ કરતાં આવડે છે, પરંતુ હું કરીશ નહીં. મારી આવડત સીલાઈકામ કરતાં

ઘણી વધુ છે.' ધરમનું શું? કેટલું આવડે છે? – આ પ્રશ્નના ઉત્તરમાં લીલાબહેને કહ્યું કે, પાઠશાળામાં ગયેલી અને ત્યાં પ્રતિક્રમણ શીખવ્યું હતું. ત્યારે તો ગોખી લીધું હતું. હવે ઝાઝુ યાદ નહીં આવે. પોતાની આવડતને દૃઢપણે રજૂ કરવાનો વિશ્વાસ અને અણઆવડતનો પ્રામાણિકતાથી સ્વીકાર કરવાની સરળતા લીલાબહેનમાં આજે પણ છે.

લીલાબહેનના માતા-પિતા ખરેખર દૂરંદેશી હશે. તેઓ છ-છ બાળકોના સારા ભવિષ્ય માટે આગોતરું આયોજન કરતા. દર વેકેશનનો ઉપયોગ કેવી રીતે કરીશું, બાળકોને કઈ કઈ પ્રવૃત્તિઓ કરાવીશું, સારા વાંચનના સંસ્કાર રેડાય એ માટે શું કરીશું, આ બધું તેઓ વિચારી રાખતા અને એ પ્રમાણે પ્લાનિંગ કરતા. બાળકોમાં પુસ્તક પ્રેમ કેળવાય એ માટે વાર્ષિક બજેટ ફાળવાતું. એટલે એ પૈસામાં વધુમાં વધુ અને સારા પુસ્તકો કેવી રીતે વસાવી શકાય એ માટે છોકરાઓ પણ વિચારતા અને આયોજન કરતા શીખી જતાં. વિચારોની સ્પષ્ટતા અને લક્ષ્ય પ્રાપ્તિ માટેની અડગતા પણ તેમને વારસામાં મળી હતી.

૧૯૬૭માં લીલાબહેને M.A. કર્યું. એ જ વર્ષે ડૉ. પ્રવીણભાઈને અમેરિકાની યુનિ.માં વિઝિટિંગ ફેકલ્ટી તરીકે જોડાવાની ઑફર મળી. એટલે બંને અમેરિકા ગયા. તે દરમ્યાન પ્રિન્સ્ટન યુનિ.માં પણ પ્રોફેસર તરીકેની ઑફર મળી. ત્યાં લીલાબહેનને ડેમોગ્રાફી - વસ્તી વિષયક ક્ષેત્રમાં રસ પડ્યો. તપાસ કરીને Ph.D. માટે અરજી કરી અને ઍડમિશન પણ મેળવી લીધું. એટલે એક વર્ષ પછી પ્રવીણભાઈ ભારત પાછા આવ્યા, ને લીલાબહેન ત્યાં જ રહીને ભણતાં રહ્યાં. એ માટે એમને ફેલોશિપ પણ મળી ગઈ હતી. એટલે ભણતરનું વધારાનું આર્થિક ભારણ ન હતું. પરંતુ સાસુ-સસરાને સ્વાભાવિક રીતે આ વિચાર ન ગમ્યો. સસરાએ તો લીલાબહેનને બાપુજીને ફરિયાદ પણ કરી દીધી. પરંતુ મંગલભાઈએ કહ્યું કે, 'છોકરાઓ સમજુ છે. જાણે છે કે એમના હિતમાં શું છે. એટલે આપણે વચ્ચે ન પડવું જોઈએ.' આ બધા ઘટનાક્રમ દરમ્યાન લીલાબહેન તો જોજનો દૂર પોતાના અભ્યાસમાં રત હતા. એ અઢી વર્ષ દરમ્યાન એકવાર તેઓ ભારત આવ્યા હતાં, પણ એ પણ એમના અભ્યાસના ભાગરૂપે ડેટા એકત્રિત કરવા માટે. થીસીસ માટે ડેટા એકઠો કરવા માટે એમનો મોટાભાગનો સમય યુનિ.માં જ વીતતો. એ કામ પત્યું એટલે તેઓ પાછાં અમેરિકા ગયાં અને ૧૯૭૨માં Ph.D. કરીને પરત ફર્યા અને કામ શરૂ કર્યું. ૧૯૭૩માં પ્રવીણભાઈને વર્લ્ડ બેંકની ઑફર મળી અને દંપતી ફરી અમેરિકા ગયું. લીલાબહેને પણ જાણીતી સંસ્થા સાથે કામ શરૂ કર્યું. પ્રવીણભાઈને કામ અર્થે ઘણું ફરવું પડતું. પૂર્વ એશિયાઇ દેશોમાં ખૂબ પ્રવાસ થતો. એટલે આ યુગલ બેંગકોકમાં રહેવા ગયું. એમના બેંગકોકમાં વસવાટના દોઢ વર્ષ દરમ્યાન ૧૯૭૬માં તેમની દીકરી સુજાતાનો જન્મ થયો. ત્યાં લીલાબહેને યુનાઈટેડ નેશન્સ માટે કામ કર્યું.

૧૯૭૮માં તેઓ ભારત પરત ફર્યા કારણકે પ્રવીણભાઈના માતા-પિતાની પણ ઉંમર થઈ હતી. બંને માટે ભારતમાં ૫-૬ સારી સંસ્થાઓને જોડાવાની ઑફર્સ પણ હતી. ત્રિવેન્દ્રમ, બેંગલુરુ, હૈદ્રાબાદ, દિલ્હી, મુંબઈ અને અમદાવાદ. અંતે ૧૯૮૦ની સાલમાં તેમણે અમદાવાદમાં વસવાટ કરવાનું ઠરાવ્યું. સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનોમિક એન્ડ સોશિયલ રીસર્ચમાં બંને જોડાયા. એ જ વર્ષે એમના દીકરા અભિજીતનો જન્મ થયો. પછી એમણે અહીં ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડેવલપમેન્ટ રીસર્ચને ઊભું કરીને ખ્યાત કરવામાં મોટું યોગદાન આપ્યું. પ્રવીણભાઈએ છોકરાઓના ભણતર તરફ ધ્યાન આપવા વહેલી નિવૃત્તિ લઈ લીધી અને વચ્ચે છ વર્ષ દિલ્હી જતા રહ્યા. આપને જણાવી દઈએ, પ્રવીણભાઈ - લીલાબહેનના બંને સંતાનોએ પણ Ph.D. કર્યું છે. સુજાતાએ અર્થશાસ્ત્ર વિષય સાથે U.S. ની કોલંબિયા યુનિ.માંથી ડૉક્ટરેટ કર્યું છે અને તેઓ હાલ હોંગકોંગ યુનિ. ઑફ સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં પ્રોફેસર છે. દીકરા અભિજીતે યુનિ. ઓફ પેન્સિલ્વેનિયામાંથી Ph.D. કર્યું. તેઓ હાલ નેશનલ યુનિ. ઑફ સિંગાપુરમાં કામ કરે છે. લીલાબહેનના જમાઇ અને વહુ પણ ડૉક્ટરેટ છે. એક જ પરિવારના – બધાં જ ૬ જણા Ph.D. છે.

કારકિર્દી દરમ્યાન પ્રવીણભાઈએ વિદ્યાર્થીઓને ખૂબ ભણાવ્યા અને લીલાબહેને અઢળક સંશોધન કર્યું. એમણે ડેમોગ્રાફીમાં અને સોશિયોલોજીમાં ઘણું કામ કર્યું છે. જીવનભર પૈસાને નહીં પરંતુ ગમતા કામને તેમણે મહત્ત્વ આપ્યું અને કામ એવું કર્યું કે પૈસા મળતા રહ્યા. નોંધપાત્ર વાત એ છે કે લીલાબહેન નિવૃત્ત થયાં, ત્યાં સુધીના એમના બધાં સંશોધનો અને એમના પોતાના પગાર માટેના પૈસા પણ તેમણે ઊભાં કર્યા છે. ગુજરાત કે કેન્દ્ર સરકાર કે દેશ-વિદેશની સંસ્થાઓ પાસેથી ફંડ મેળવીને કામ કર્યું છે. ઉંમરના આઠ દાયકા પૂરાં થવામાં છે, પણ તેઓ કામ તો હજી પણ કરે છે. તેઓ તાજેતરમાં જ ડાંગ જઇને આવ્યા.

એમણે કરેલ કામને ટૂંકમાં સમજીએ. સેવાકીય સંસ્થાઓ અને NGO પાસેથી એવું સાંભળવા મળતું કે ડાંગના આદિવાસીઓ વર્ષના ૬-૭ મહિના શેરડી કાપવાનું કામ કરવા સુરત કે અન્ય વિસ્તારોમાં જાય છે. ઋતુ આધીન સ્થળાંતર (Seasonal migration) અંગે કોઈ પ્રકારનો ડેટા ઉપલબ્ધ ન હતો. એટલે લીલાબહેને આ કામ ઉપાડ્યું. સમગ્ર ડાંગ જિલ્લાની ભૌગોલિક, ઐતિહાસિક માહિતી મેળવી. એમના ૩૩૦ જેટલાં ગામોમાંથી ૩૩ ગામને સેમ્પલ તરીકે પસંદ કર્યા. આ ગામોની સંપૂર્ણ માહિતી મેળવવા માટે ઝીણવટપૂર્વક ૨૨ પાનાની પ્રશ્નોત્તરી તૈયાર કરીને સર્વે કર્યો. એમને કામે લઇ જતા

મુકાદમોનો અને શેરડી જ્યાં જતી હોય એ ફેક્ટરીના મેનેજરોના પણ ઈન્ટરવ્યુ કર્યા. ૩૫-૪૦ જણાની ટીમ સાથે છએક મહિના ફિલ્ડમાં કામ કરી તેમણે માહિતી એકત્ર કરી. જેમાં કેટલા કલાક કામ થાય, દિવસમાં કેટલી શેરડી વઢાય, કેટલું વેતન મળે, એ ન્યુનતમ દૈનિક શ્રમિક વેતન જેટલું છે કે નહીં વગેરે વગેરે બધી જ વિસ્તૃત અને આંકડાકીય વિગતો ઉપલબ્ધ બને. ૨૦૧૭માં તેમણે ડાંગમાં સર્વે કર્યો હતો. એ માટે સેમ્પલ તરીકે પસંદ થયેલાં દરેકને ફરી મળીને માહિતી એકત્રિત કરી છે કે પાંચ વર્ષમાં એમનામાં, એમના જીવનમાં શું બદલાવ આવ્યો છે. ડાંગના એક તાલુકાના ૩૩૦ ઘરોનો સર્વે કર્યો હતો. પાંચ વર્ષ પછી એમાંથી ૩૨૪ ઘરોનો તેઓએ સંપર્ક કરી લીધો. આ માટે એમના ખંત અને આયોજન કુશળતાને શ્રેય આપવો રહ્યો.

આ સર્વે પૂર્ણ થયા પછી એ વિસ્તારનું એક સ્પષ્ટ ચિત્ર મળી આવશે. બાળકોનું શિક્ષણ, આર્થિક પરિસ્થિતિ, રોજગારી, આવકના સ્રોત, સ્ત્રીઓની સ્થિતિ, કોવિડની અસર વગેરે – એમ સમગ્રતયા એક વિવરણ મળી આવશે. સર્વેના તારણો અર્થશાસ્ત્રીઓને કોઈ નીતિ ઘડવામાં ખૂબ માર્ગદર્શક બનતા હોય છે. લીલાબહેને કરેલાં આવા શૈક્ષણિક સંશોધનોમાં એક સામાજિક ઘટક પણ સમાવિષ્ટ હોય છે. જેમ કે શેરડી કાપતા ડાંગના આદિવાસીઓના સામાજિક - આર્થિક ઉત્થાન માટે હવે લોકો જાગૃત બન્યા છે. હવે ઘણાં બધા NGO લીલાબહેનને આ પ્રકારના સર્વે કરવા બોલાવે છે.

લીલાબહેનને શોધપત્રો લખવા અને Ph.D. કરતા વિદ્યાર્થીઓના થીસીસની સમીક્ષા કરવા માટે આમંત્રણ મળતા રહે છે.અને તેઓ અનુકૂળતા પ્રમાણે કામ સ્વીકારતાં રહે છે. તેમણે Family Planning in India પર પુસ્તક લખ્યું છે. લેખક કે સહ લેખક તરીકે તેમના સાત પુસ્તકો પ્રકાશિત થયાં છે. ઇન્ડિયન કાઉન્સિલ ફોર સોશિયલ સાયન્સ રીસર્ચ તરફથી વર્ષ ૨૦૦૮ અને ૨૦૦૯માં તેમને નેશનલ પ્રોફેસરશીપ એનાયત કરાઈ હતી. વર્ષ ૨૦૦૯-૧૦માં તેઓ એશિયન પોપ્યુલેશન એસોસિએશનના પ્રથમ પ્રમુખ તરીકે ચૂંટાયાં હતાં.

આ વિસરીયા દંપતીના કામની ખ્યાતિ વિદેશોમાં પણ છે. પૂર્વ એશિયાઇ દેશમાં ડેમોગ્રાફી અંગે કામ કરનાર કોઈ પણ વ્યક્તિ પ્રવીણભાઈ અને લીલાબહેનના કામથી અજાણ નહીં હોય.

લીલાબહેને ઘણી વસ્તી નિયંત્રણ અંગેની અને શૈક્ષણિક નીતિઓને તેમના સર્વેની વૈજ્ઞાનિક માહિતી થકી પડકારી હતી. જેને પગલે સરકારે ત્રુટીઓને સુધારી નીતિઓમાં ફેરફારો પણ કર્યા છે. એ માટે ઘણીવાર લીલાબહેને ઘર્ષણમાં ઉતરવું પડ્યું. પરંતુ લીલાબહેન હંમેશાં નીડરતાથી અને મક્કમતાથી સત્યને પડખે ઊભાં રહ્યાં છે.

કુટુંબના, કામના કે સ્વાસ્થ્યને લગતા અનેક પડકારોનો સામનો કરીને લીલાબહેન હંમેશાં એક અડગ મનોબળનાં પ્રતિભાવંત વ્યક્તિ તરીકે ઊભરી આવ્યાં છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આટલું માનભર્યું સ્થાન મેળવનાર આપણા સમાજનાં આ સન્નારીને સલામ! ■

## ડર (PHOBIA)

**(અનુસંધાન : પાના નં. – ૫૧ ઉપરથી ચાલુ)**

વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુથી વ્યક્તિ દૂર થાય છે ત્યારે ઉપરોક્ત લક્ષણો આપમેળે દૂર થાય છે.

૪. વ્યક્તિની આ પ્રતિક્રિયા એના કાબૂમાં નથી. વ્યક્તિ ઢોંગ કે નાટક કરતી નથી.

૫. યોગ્ય નિદાન કરી સારવાર કરવાથી વ્યક્તિ નોર્મલ થાય છે.

૬. સારવાર બાદ વ્યક્તિ એ વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુનો અન્ય નોર્મલ વ્યક્તિ પ્રમાણે સામનો કરી શકે છે.

***ઉપરોક્ત કિસ્સાઓમાં સારવાર બાદ પરિણામ (Follow-up after Treatment)***

૧. બિહેવિયર થેરાપી, કાઉન્સેલિંગ તથા ઔષધોપચાર બાદ નરેન્દ્ર ઓફિસમાં લીફ્ટમાં જાય છે. એને કાંઈ તકલીફ થતી નથી.

૨. કોગ્નિટીવ બિહેવિયર થેરાપી, એક્સપોઝર થેરાપી તથા ઔષધોપચાર બાદ પ્રવીણ બહારગામ રાત્રે એકલો હોટેલમાં રહે છે. પ્રમોશન મળ્યું છે. નવી નોકરી સ્વીકારી છે. જેમાં મહિનામાં બે વખત બહારગામ હોટલમાં રાત વિતાવવી પડે છે. પ્રવીણ ખુશ છે. પ્રવીણ તથા એની પત્નીએ કહ્યું કે જો આ સારવાર પહેલા મળત, તો અમારી જિંદગી અલગ જ હોત.

૩. નીશા એના પતિ સાથે થિયેટરમાં ફિલ્મ જોવા નિયમિત જાય છે. સી.બી.ટી. તથા ઔષધોપચારથી બંને ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

૪. કાઉન્સેલિંગ તથા ઔષધોપચાર બાદ જયશ્રીની આંખનું ઓપરેશન થઈ ગયું છે. છ મહિના બાદ બીજી આંખનું પણ મોતીયાનું ઓપરેશન થયેલ છે.

- **સારાંશ :**

ડરની બીમારીનું યોગ્ય નિદાન કરી યોગ્ય મનોચિકિત્સા કરવાથી ગુણવત્તાભર્યું જીવન જીવી શકાય છે.

ડરની બીમારી (Phobic Disorder) વિશે હવે પછીના લેખમાં વૈજ્ઞાનિક માહિતી (નિદાન, સારવાર) મેળવીશું.

***(ક્રમશઃ)***

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૮

### શ્રી ઘોઘા તીર્થ
### (શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાન)



ભાવનગરથી ૨૧ કિ.મી. દૂર ઘોઘા બંદર ગામમાં આવેલા વિશાળ મંદિરમાં બિરાજમાન શ્યામ વર્ણની ૯૧ સે.મી.ની પદ્માસનસ્થ શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાનની આ પ્રતિમા પ્રાચીન સમયમાં વડવા ગામના એક કૂવામાંથી મળી હતી. એમ કહેવાય છે કે મુસલમાનોના આક્રમણ દરમિયાન આ પ્રતિમાનું ખંડન કરવામાં આવ્યું હતું અને તેના નવ ટુકડા થયા હતા. શ્રાવકોએ અધિષ્ઠાયક દેવોની કૃપા મેળવીને આ ટુકડા લાપસીમાં રાખ્યા. પરિણામે આ પ્રતિમા જેવી હતી તેવી બની ગઈ. પરંતુ નવ જગ્યાએ એના ચિહ્નો હંમેશને માટે રહી ગયા. આજે પણ આ ચિહ્નો જોવા મળે છે. આથી ભાવિકો આ પ્રભુને નવખંડા પાર્શ્વનાથના નામથી ઓળખે છે. આ મંદિરની બાંધમી ભવ્ય અને વિશાળ છે તેમજ એનો રંગમંડપ વિસ્તારવાળો છે. આ મંદિરમાં બીજા ચાર દેરાસરોની રચના હોવાથી એનો દેખાવ દેરાસરોના ઝુમખાને કારણે ટૂંક જેવો લાગે છે.

વિ.સં. ૧૧૬૮માં આ. શ્રી મહેન્દ્રસૂરીશ્વરજીના શુભ હસ્તે આની અંજનશલાકા થઈ હતી. વિ.સં. ૧૪૩૦માં આ. શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજીની નિશ્રામાં વીરા અને પૂર્ણા નામના શ્રેષ્ઠીઓએ અહીંથી શ્રી શેત્રુંજય તથા ગિરનારનો સંઘ કાઢ્યો હતો. આમ, આ તીર્થ બારમી સદીથી પણ પહેલાનું છે અને એની પ્રતિમાજી તો એનાથી પણ પ્રાચીન છે. મંદિરમાં આવેલી પંચધાતુની અનેક પ્રાચીન અને વિશિષ્ટ કલાકૃતિયુક્ત પ્રતિમાઓ છે. આની નજીકમાં આવેલા નેમિનાથ ભગવાનના મંદિરમાં ભૂગર્ભમાંથી મળેલી ઘણી પ્રતિમાજીઓ છે. બાજુમાં જ ધાતુનું સોળમી સદીના આરંભનું સુંદર સમવસરણ છે. મુખ્ય મંદિરની બાજુમાં શ્રી સુવિધિનાથ ભગવાન અને શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર છે. આ ગામમાં બીજા પણ બે જિનમંદિરો છે.

## તીર્થ દર્શન-૯

### શ્રી વલ્લભીપુર તીર્થ
### (શ્રી આદિશ્વર ભગવાન)



ધોળા જંકશનથી લગભગ ૨૧ કિ.મી. દૂર અને પાલિતાણાથી લગભગ ૫૦ કિ.મી. દૂર આવેલા પ્રાચીન અને ઐતિહાસિક વલ્લભીપુર ગામમાં મુખ્ય માર્ગ પર આવેલું મૂળનાયક શ્રી આદિશ્વર ભગવાનની પદ્માસનસ્થ શ્વેત વર્ણની આશરે ૯૧ સે.મી.ની પ્રતિમાજી ધરાવતું આ જિનમંદિર અત્યંત દર્શનીય છે. સૌરાષ્ટ્રના ગિરિનગર, દ્વારકા અને પ્રભાસ જેટલું જ આ પ્રાચીન નગર છે. કહેવાય છે કે એક સમયે આ નગર અને તીર્થ એ શત્રુંજય તીર્થની તળેટી હતી. આનું પ્રાચીન નામ વમિલપુર હતું. અહીંના શિલાદિત્ય રાજાએ જૈન ધર્મ અંગીકાર કર્યો હતો અને શ્રી શત્રુંજય તીર્થનો ઉધ્ધાર પણ કર્યો હતો. એ સમયે અહીં ૮૪ જિન મંદિરો પોતાનો વિજયધ્વજ ફરકાવી રહ્યા હતા એવો ઉલ્લેખ મળે છે. વિ.સં. ૫૧૦માં આ નગરમાં એક સુવર્ણ અવસર સર્જાયો. અહીં શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ અને બીજા પાંચસો આચાર્યો શ્રી સંઘની વિનંતીને કારણે એકઠા થયા અને પહેલીવાર જૈન આગમોને લિપિબદ્ધ કર્યા. વિ.સં. ૫૮૪માં મૈત્રેયવંશી રાજા ધ્રુવસેનના યુવરાજનું આણંદપુરમાં મૃત્યુ થયું. આ સમયે ચોથા કાલકાચાર્ય વલ્લભીમાં ચાતુર્માસ માટે સ્થિત હતા. તેમણે રાજાને ઉપદેશ આપીને પુત્ર શોકમાંથી મુક્ત કર્યા તેમજ એની પાસે ઘણાં જિન મંદિરોનો ઉધ્ધાર કરાવ્યો. વિ.સં. ૬૧૦થી ૬૨૫ સુધી ગૃહસેન નામના પ્રતાપી રાજાના રાજ્યકાળમાં અહીં અનેક જૈનમંદિરો હોવાનો અને આદિશ્વર ભગવાનનું વિશાળ મંદિર હોવાનો ઉલ્લેખ મળે છે. અહીં વિશેષ આવશ્યક ભાષ્યની રચના શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે કરી હતી. આ પ્રાચીન મહિમાવંતા ઐતિહાસિક તીર્થનો અંતિમ ઉધ્ધાર તીર્થોદ્ધારક શાસન સમ્રાટ આ.શ્રી નેમિસૂરીશ્વરજીની સત્પ્રેરણાથી થયો. મંદિરના નીચેના ભાગમાં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ તેમજ અન્ય પાંચસો આચાર્યોની દર્શનીય પ્રતિમા છે. શાસનસમ્રાટ આ. શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ.નું ગુરૂમંદિર પણ છે. આ ગામમાં શ્રી પાર્શ્વનાથજીનું શિખરબધ્ધ પ્રાચીન દેરાસર છે.

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***
***મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭***

# કચ્છમાં જૈનોની મોટી પંચતીર્થી



ભરત'કુમાર' પ્રા. ઠાકર

કચ્છમાં જૈનોની 'મોટી પંચતીર્થી' (અબડાસા તાલુકા) અને 'નાની પંચતીર્થી' (મુંદ્રા-માંડવી તાલુકા)ના જૈન દેરાસરો 'તીર્થતુલ્ય જિનાલયો'નું બહુમાન પામ્યા છે! કચ્છનાં જૈન મહાતીર્થોની સ્પર્શના કરનાર યાત્રાળુઓ કે સંઘો મોટી પંચતીર્થી (અબડાસા)નાં જિન મંદિરોનાં પણ દર્શન કરવાનો લાભ લેવાનું ચૂકતા નથી.

- **દિવ્ય, પવિત્ર, ભવ્ય મંદિરો**

ગુજરાત – ભારતનાં પ્રસિદ્ધ જૈન તીર્થધામોની જેમ કચ્છની ધરતી પણ જિનેશ્વર ભગવાનનાં મંદિરો અને ચૈત્યોથી સુશોભિત અને ગૌરવવંતી બની છે. આ જૈન મંદિરોમાં કેટલાક તો તેની વિશાળ માંડણી અને ઝીણવટભરી સજીવ કલા કોતરણીને લીધે એવા ભવ્ય અને નયનરમ્ય છે કે એની ગણના કચ્છના બહુમૂલ્ય સંસ્કાર સમૃદ્ધિમાં થાય છે.

કચ્છનાં જૈન તીર્થધામોની યાત્રાએ કચ્છ બહારથી આવતા જૈન-જૈનેતર ભાવિકો ગાંધીધામ ઉતરીને મુંદ્રા તાલુકાના પ્રાચીન 'ભદ્રેશ્વર - વસહી મહાતીર્થ'થી પોતાનો પ્રવાસ આરંભી અર્વાચીન 'વાંકી તીર્થ' (૧૯૮૯) આવે છે. તે પછી મુંદ્રાથી માંડવી લગીની 'નાની પંચતીર્થી'ના છ ગામોની મુલાકાત લઇ માંડવી તાલુકામાં તલવાણા-કોડાય પાસેના બીજા મહાતીર્થ 'બહુંતેર જિનાલય' (૧૯૯૬)ના દર્શન કરી અબડાસા તાલુકામાં પ્રવેશે છે, જ્યાં 'મોટી પંચતીર્થી'ની પ્રદક્ષિણા કરે છે.

ભૌગોલિક ક્રમે સાંધાણ, સુથરી, કોઠારા, જખૌ, નલિયા અને તેરા... આ છ ગામોનાં જિનાલયોનો સમૂહ જૈન પંચતીર્થી, મોટી પંચતીર્થી, સુથરી પંચતીર્થી કે અબડાસા પંચતીર્થી તરીકે પણ ઓળખાય છે. તેનાં ભવ્ય, દિવ્ય અને પવિત્ર જિનાલયોની પરિક્રમા કરી દર્શનાર્થીઓ ધન્ય બને છે. ઉલ્લેખનીય છે કે આ તાલુકાના પાંચ અન્ય ગામો વારાપધ્ધર, વાંકુ, લાલા, પરજાઉ અને રાપર-ગઢવાળીનાં દેરાસરો પણ ૧૯૯૬માં 'અબડાસા તાલુકાની નૂતન નાની પંચતીર્થી'નું બિરૂદ પામ્યા છે.

- **જિનાલયોની થોડી વિશેષતાઓ**

પંચતીર્થીના છ જિનાલયોમાં સુથરીનું ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ સૌથી જૂનું અને કોઠારાનું શાંતિનાથ સૌથી ઊંચું દેરાસર છે! વધુમાં, કચ્છનાં પણ પ્રાચીન જૈન તીર્થધામોમાં સુથરી એક ગણાય છે. તો, કોઠારાનું દેરાસર કચ્છનું પણ સૌથી ઊંચું દેરાસર છે. પંચતીર્થીમાં પણ આ બંને જિનાલયોની ગણના 'મહાતીર્થ સમકક્ષ' તરીકે થાય છે.

કોઠારા શાંતિનાથ જિનાલયમાં વજનદાર ઘંટનું, નલિયા ચંદ્રપ્રભ જિનાલયમાં ચાંદીના રથનું અને તેરાનાં જીરાવલ્લા-શામળિયા પાર્શ્વનાથ જિનાલયોમાં રંગમંડપોમાં કાચના નકશીકામનું દર્શનીય આકર્ષણ છે. 'અષ્ટાપદજીનું દેરાસર' પણ કચ્છમાં માત્ર નલિયા જિનાલયમાં છે.

પંચતીર્થીના છ માંથી આ ચાર નલિયા (વીરવસહી), જખૌ (રત્ન), સાંધાણ (તિલક) અને કોઠારા (કલ્યાણ) 'નવટૂક જિનાલયો' ધરાવે છે. જેમાં નલિયાનું દેરાસર પ્રથમ નવટૂક જિનાલય બન્યું હતું. જ્યારે સાંધાણ મોટી પંચતીર્થીનું પ્રવેશદ્વાર ગણાય છે.

- **પ્રભાવક પંચતીર્થી!**

મોટી પંચતીર્થીના છ જિનાલયોની સ્થાપનાનો ચડતો સમયક્રમ આ પ્રમાણે છે : સુથરી (ઘૃતકલ્લોલ, ૧૮૪૦), નલિયા (ચંદ્રપ્રભ, ૧૮૪૧), જખૌ (મહાવીર, ૧૮૪૮), સાંધાણ (શાંતિનાથ, ૧૮૫૪), તેરા (જીરાવલ્લા, ૧૮૫૯) અને કોઠારા (શાંતિનાથ, ૧૮૬૨).

આ તવારીખ પરથી જોઈ શકાય છે કે ફક્ત ૨૨ વર્ષ (૧૮૪૦-૧૮૬૨) જેટલા ટૂંકા સમયગાળામાં એકલા અબડાસા તાલુકામાં જ આવા આલીશાન, મનોહારી અને ગગનચુંબી જિનપ્રાસાદો સ્થપાયા અને એ તાલુકાને 'કચ્છની મોટી જૈન પંચતીર્થીની ભૂમિ' બનવાનું ગૌરવ અપાવી ગયા! આ બધા જિનચૈત્યો ઉત્તમ શિલ્પકૃતિયુક્ત અને ભવ્ય છે. પંચતીર્થીના દરેક જિનાલય ખાતે અતિથિ ગૃહો, ભોજનાલયો, ઉપાશ્રયો અને સેવાપૂજાની સુંદર સગવડો ઉપલબ્ધ છે.

વર્ષો પહેલાં કચ્છના કુશળ કલાકસબીઓએ આતમને અજવાળે આ મનહર કલાધામોની રચના કરી છે. તેની સૂક્ષ્મ નકશીદાર શિલ્પ-સ્થાપત્યકળા આજે પણ એ કલાકારોની કીર્તિપતાકા દિગ્દિવંત ફરકાવી રહેલ છે. દર વર્ષે દેશ દેશાવરથી

હજારો જૈન-જૈનેતર યાત્રિકો અને સંઘો આવે છે. જિનાલયોમાંના જિનબિંબોના દર્શન કરીને પાવન થાય છે તથા દેરાસરોની ભવ્યતા અને રમણીયતા જોઈ મંત્રમુગ્ધ બને છે!

**● શાંતિનાથ જિનાલય - સાંધાણ**

મુંદ્રા - માંડવી તાલુકાની 'નાની પંચતીર્થી'ના દર્શન કરીને યાત્રાળુ 'મોટી પંચતીર્થી'ની યાત્રા કરવા આગળ વધે છે ત્યારે અબડાસા તાલુકામાં પ્રવેશતા સાંધાણ ગામ પહેલું આવે છે. આમ, સાંધાણ 'મોટી પંચતીર્થીનું પ્રવેશદ્વાર' લેખાયું છે. પંચતીર્થીનાં પાંચ યાત્રાસ્થળોની જેમ સાંધાણ ગામ પણ તેના વિશાળ અને કંઈક વિશિષ્ટ પ્રકારની બાંધમીવાળા દેરાસરોને લીધે જૈન સંઘો માટે યાત્રાનું સ્થાન બન્યું છે.

ભાવિક દર્શકને તથા શિલ્પકળાના ચાહકને ઘડીભર કોઈક દિવ્ય પ્રદેશમાં વિહાર કરાવતું હોય એવા સાંધાણ જિનાલયમાં પાષાણની કુલ ૧૧૨ જિન પ્રતિમાઓ છે. કોઠારા (કલ્યાણ ટૂક), જખૌ (રત્ન ટૂક), નલિયા (વીરવસહી ટૂક)ની જેમ નવટૂકથી સુશોભિત સાંધાણ જિનાલયનો ઝુમખો 'તિલક ટૂક' તરીકે જાણીતો છે.

અબડાસા પંચતીર્થીના મન ભરીને નીરખ્યા જ કરીએ એવા નયન મનોહારી જે જિન પ્રાસાદોનો લાભ યાત્રિકને મળવાનો છે તેનો નમૂનો સાંધાણના જિન મંદિરમાં જોવા મળે છે. આ પંચતીર્થીની યાત્રા સાંધાણના 'શાંતિનાથ જિનાલય'થી શરૂ થાય છે અને એનાં દર્શન કરીને તેની પૂર્ણતા માનવામાં આવે છે. માળવાળું આ દેરાસર તેની વિશિષ્ટ પ્રકારની બાંધણીને કારણે અનોખી ઢબનું લાગે છે. ઉપરાંત તેની આસપાસ બનેલા નાના મોટા દેરાસરોના ઝુમખાથી તે વિશેષ શોભાયમાન બન્યું છે.

મુક્તિસાગરસૂરિજીના ઉપદેશથી શેઠ માંડણ તેજશી ધુલ્લાએ જિન ચોવીસીના સોળમા તીર્થંકર શાંતિનાથજીનું આ મુખ્ય દેરાસર સંવત ૧૯૧૦ (સન ૧૮૫૪)માં બંધાવ્યું હતું. મુખ્ય દેરાસરની સામે મુનિ સુવ્રતસ્વામીનું જિનાલય આવેલું છે. મુખ્ય દેરાસરના નિર્માણ પછી સંભવનાથ (સંવત ૧૯૧૯/સન ૧૮૬૩), શાંતિનાત (સંવત ૧૯૨૭/સન ૮૭૧), મહાવીર સ્વામી - પદ્મપ્રભુ (બંને સંવત ૧૯૩૪/સન ૧૮૭૮) તેમજ આદિશ્વર, જીરાવલ્લા પાર્શ્વનાથ, સુવ્રતસ્વામી આદિ નવટૂક જિનાલયોનો ક્રમિક ઉમેરો થતો રહ્યો.

**● જીરાવલ્લા પાર્શ્વનાથ - તેરા :**

તેરા તીર્થ પરિસરમાં જીરાવલ્લા પાર્શ્વનાથ અને શામળિયા પાર્શ્વનાથ એમ બે જિન મંદિરો આવેલા છે. આમાં શામળિયા પાર્શ્વનાથનું દેરાસર પ્રાચીન છે અને જીરાવલ્લા પાર્શ્વનાથનું મંદિર પાછળથી બનેલું છે. પણ મોટી પંચતીર્થીમાં તેરાની ગણના થાય છે તે પાછળથી બનેલા જીરાવલ્લા પાર્શ્વનાથના વિશાળ જિનાલયને કારણે.

પોતાની ભવ્યતા અને સુંદરતા થકી પંચતીર્થીમાં સ્થાન પામેલું આ જિનાલય વિસરિયા મોતી હીરજી ડોસા (કે બુધા ડોસા?) અને લોડાયા પાસવીર રાયમલ (કે રાયમલ શિવજી?) નામના બે ધર્માનુરાગી મહાનુભાવોએ બંધાવેલું. તેની પ્રતિષ્ઠા સંવત ૧૯૧૫ (સન ૧૮૫૯)ના મહા સુદ પાંચમના થયેલી. ૧૧૦ જિનમૂર્તિઓ અને ૭૪ સિધ્ધચક્રો ધરાવતું તેરા દેરાસર તેના નવ શિખરો, વિશાળ ઘુમ્મટ અને અનેક દેરીઓની શિલ્પ સમૃદ્ધિથી કલામંડિત થયેલું છે. રંગમંડપમાં કાચનું નકશીકામ ધ્યાન ખેંચે છે. આસપાસમાં ચંદ્રપ્રભ, સુમતિનાથ, કુંથુનાથ, અજિતનાથ અને સંભવનાથની દેરીઓ આવેલી છે.

**● ગોરજીનું શામળા પાર્શ્વનાથ**

મુખ્ય દેરાસરના પ્રાંગણની બહાર જમણી બાજુ શામળિયા પાર્શ્વનાથનું નાનું અને જૂનું શિખરબંધ દેરાસર છે. પુનિતશેખર અને એમના શિષ્ય ભક્તિશેખરે તેરામાં આવીને પોશાળ બંધાવેલી. તેઓના ઉપદેશથી આ શામળા પાર્શ્વનાથ જિનાલય બંધાયેલું અને સંવત ૧૮૭૮ (સન ૧૮૨૧)ના માગશર સુદ છઠ્ઠના તેની પ્રતિષ્ઠા થયેલી. તેમાંની પ્રતિમા સંપ્રતિ રાજા દ્વારા પ્રતિષ્ઠિત થયેલી હોવાનું મનાય છે. તો એમ પણ કહેવાય છે કે મૂળે આ મંદિર ત્રણ સદી પહેલાં ગોરજી હીરાચંદ તારાચંદે બંધાવ્યું હતું. મંદિરના રંગમંડપના કાચ ઉપર સુંદર ચિત્રકારી થયેલી છે.

ધરતીકંપમાં નુકસાન પામેલા તેરા જિનાલયનું પુનઃનિર્માણ કરાયા બાદ ત્રિહાન્હિકા મહોત્સવ યોજાયો હતો. જે અંતર્ગત ૨૬મી મે, ૨૦03 (સોમવાર) અને સંવત ૨૦૫૯ના વૈશાખ વદ-૧૧ (અપરા એકાદશી)ના પ્રભુજીની પુનઃ પ્રતિષ્ઠા થઈ હતી.

તેરા ગામ દેશના સ્વાતંત્ર્ય સંગ્રામના સમર્થ કચ્છી સપૂત અને મુંબઈ સ્થિત કચ્છના રાજકીય આગેવાન ભવાનજી અરજણ ખીમજી (૧૯૦૨-૧૯૭૦)ની જન્મભૂમિ તરીકેનું ગૌરવ ધરાવે છે. તો, મૂળે તેરાના વતની અને મુંબઈ સ્થિત વ્યક્તિ વિશેષોમાં દાનવીર ઉદ્યોગપતિ કરમશી જેઠાભાઈ સૌમેયા (૧૯૦૨-૧૯૯૯), રંગભૂમિના પીઢ કલાકાર - લેખક તેરસિંહ ઉદેશી (૧૯૧૬-૧૯૯૬) અને કવિ શાહ રતિલાલ શિવજી ખોના ઉર્ફે રશ્મિન ખોના (૧૯૪૩-૨૦૨૦)નો સમાવેશ થાય છે. તેરા ગામ ફરતો મજબૂત ગઢ છે અને ભાગોળે ખોડાયેલા પાળિયા પુરાતત્ત્વ સંશોધન પ્રેરક સામગ્રી પૂરી પાડે છે.

***(આ સાથે અબડાસા તાલુકાની 'મોટી પંચતીર્થી'ની લેખમાળા પૂર્ણ થાય છે.)***

***'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,***
***વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.***
***ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦***

સ્વાસ્થ્ય

## ડર (PHOBIA)



ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)



ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

૧. ડબલ ગ્રેજ્યુએટ, એમ.બી.એ.ની ડિગ્રી ધરાવનાર, મલ્ટી નેશનલ કંપનીના ઉચ્ચ હોદ્દા પર નોકરી કરનાર ૪૭ વર્ષના નરેન્દ્રને (નામ બદલ્યું છે) લીફ્ટમાં જવાનો ખૂબ જ ડર લાગતો હતો. લીફ્ટને જોઈને જ ગભરામણ થતી હતી, ડર લાગતો હતો. લીફ્ટથી દૂર થતાં બધું નોર્મલ થઇ જતું. ઓફિસ આઠમા માળે હતી. ઓફિસમાં જવા માટે આઠ દાદરા ચડીને જતા તથા ઉતરતી વખતે પણ આઠ દાદરા ઉતરતા હતા.

***શું આ બીમારી છે? શું નરેન્દ્રને સારવારની જરૂરત છે?***

૨. ૩૯ વર્ષના માર્કેટિંગ એક્ઝીક્યુટીવ પ્રવીણને (નામ બદલ્યું છે) નોકરીની એક સારી તક મળતી હતી. જેમાં ભવિષ્યમાં કંપનીના ડાયરેક્ટર સુધી પહોંચવાની તક હતી. નોકરીમાં પ્રવીણને ઘણી વખત બહારગામ જવું પડે એમ હતું તથા રાત હોટેલમાં કંપનીના ખર્ચે રહેવું પડે એમ હતું. પ્રવીણને રાત્રે એકલા રહેવાનો ભયંકર ડર લાગતો હતો. બહારગામ રાત્રે આકલા રહેવાના વિચારથી જ પ્રવીણના હૃદયના ધબકારા વધી જતા હતા, પરસેવો થઈ આવતો હતો. આ કારણથી નોકરીની સોનેરી તક પ્રવીણે ગુમાવવી પડી.

***શું પ્રવીણને બીમારી છે? શું પ્રવીણને સારવારની જરૂરત છે?***

૩. ૩૫ વર્ષની નીશાને (નામ બદલ્યું છે) બંધ જગ્યાઓમાં (Closed Spaces) જવાનો ભયંકર ડર લાગતો હતો. છેલ્લા ૧૫ વર્ષમાં થિયેટરમાં એકેય ફિલ્મ (મૂવી) જોઈ ન હતી. નીશાના પતિ નિખિલને થિયેટરમાં ફિલ્મ જોવાનો અતિશય શોખ હતો. લગ્નની પહેલા જે દિવસે નવી ફિલ્મ થિયેટરમાં આવી હોય, એ જ દિવસે નિખિલ ફિલ્મ જોઈ આવતો. લગ્ન બાદ નિખિલ - નીશા ફિલ્મ જોવા સાથે ગયા. અડધા કલાકમાં જ નીશાને ગભરામણ થવા માંડી, શ્વાસ રૂંધાવા લાગ્યો, અસ્વસ્થતા થવા લાગી. હમણાં જ કાંઈક થઈ જશે એવું થવા માંડ્યું. તરત જ ફિલ્મ અધવચ્ચેથી છોડી થિયેટરની બહાર નીકળી જવું પડ્યું.

***શું નીશા બીમારીથી પીડાય છે? શું સારવારની જરૂરત છે?***

૪. જયશ્રીને (ઉંમર - ૫૪ વર્ષ) (નામ બદલ્યું છે) નાની ઉંમરે આંખમાં મોતીયો થયો હતો. આંખના ડોક્ટરે એકાદ વર્ષ પહેલા મોતીયા માટે ઓપરેશનની સલાહ આપી હતી. જયશ્રીને ઓપરેશનનો ખૂબ જ ડર લાગતો હતો. એટલે ઓપરેશનની ના પાડતી હતી. આંખના ડોક્ટરે હવે ઓપરેશન જલ્દી કરાવવાની સલાહ આપી. ફેમિલીના દબાણથી જયશ્રી ઓપરેશન માટે રાજી થઈ. ઓપરેશનની આગલી રાતે ઊંઘ ન આવી. ઓપરેશનના દિવસે સવારના બ્લડ પ્રેશર ખૂબ જ વધી ગયું. ડોક્ટરને ઓપરેશન મુલત્વી રાખવું પડ્યું. મહિના પછી ફરીથી ઓપરેશન નક્કી કર્યું. બીજી વખત પણ રાત્રે ઊંઘ ન આવી, બ્લડ પ્રેશર વધી ગયું. ઓપરેશન ફરીથી મુલત્વી રાખવું પડ્યું.

***શું જયશ્રી બીમારીથી પીડાય છે? શું સારવારની અલગથી જરૂરત છે? ઓપરેશન કેવી રીતે કરવું?***

- **ડરની બીમારી (Phobia - Phobic Disorder) :**

વિશ્વ આરોગ્ય સંસ્થાના આંતરરાષ્ટ્રીય વૈદ્યકીય વર્ગીકરણ પુસ્તક ICD-10 તથા અમેરિકન સાઈકિયાટ્રીક એસોસિએશનના પુસ્તક DSM 5 માં ડરની બીમારી (Phobic Disorder) વિશે ઉંડાણમાં વર્ણન કર્યું છે તથા ડરની બીમારીના નિદાન માટે નીચેના મુદ્દાઓ મહત્ત્વના છે :

૧. વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુનો વ્યક્તિને બહુ જ ડર લાગે છે. નોર્મલ વ્યક્તિને લાગે તેનાથી આ ડર ઘણો જ વધારે હોય છે.

૨. વ્યક્તિ એ વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુથી હંમેશાં દૂર ભાગે છે. એનો સામનો કરતી નથી.

૩. વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુથી જો દૂર ન ભાગી શકાય તથા સામનો કરવો પડે તો વ્યક્તિ નર્વસ થઈ જાય છે, ગભરામણ થવા લાગે છે, હૃદયના ધબકારા વધી જાય છે, પરસેવે રેબઝેબ થઈ જાય છે, એરકંડિશન જગ્યામાં પણ પરસેવો થાય છે. હમણાં જ મરી જવાશે એવું લાગ્યા કરે છે, શ્વાસ રૂંધાય છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૭ ઉપર)

## NanoNine® શબ્દ રમત-૧૮૪

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | ■ | ૪ | ૫ | | | ■ | ૬ |
| ૭ | | ■ | ■ | ૮ | ૯ | | | ■ | ■ | ૧૦ | |
| ૧૧ | | ■ | ૧૨ | | | ■ | | ■ | ૧૩ | | ■ |
| | ■ | ૧૪ | | | | ■ | ■ | ૧૫ | | | |
| | ■ | ■ | | ■ | ૧૬ | | | | ■ | | ■ |
| ■ | ૧૭ | | | ■ | ૧૮ | | ■ | | ■ | ■ | ૧૯ |
| ૨૦ | | | ■ | ૨૧ | | | | ■ | ૨૨ | ■ | |
| ૨૩ | | ■ | ■ | | ■ | ■ | ■ | ૨૪ | | ૨૫ | ■ |
| ૨૬ | | ૨૭ | ૨૮ | | ■ | ૨૯ | ૩૦ | | ■ | | ■ |
| | ■ | ૩૧ | | ■ | ૩૨ | | | | ■ | ૩૩ | ૩૪ |
| ■ | ૩૫ | ■ | | ■ | | ■ | ■ | ■ | ૩૬ | | |
| ■ | ૩૭ | | | | | ■ | ૩૮ | | | ■ | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૭-૨૦૨૨ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. રેકેટ વડે રમવામાં આવતી એક રમત (૫)
૪. પરદેશ, યુરોપના લોકોનો દેશ (૪)
૭. ગુલાબનું અંગ્રેજી (૨)
૮. ભારતનું ઉત્તર દિશામાં આવેલું સુરક્ષા કવચ (૪)
૧૦. રન્નાદે ને તેડવા જ્વારા કરવા, જગ્યા (૨)
૧૧. માછલી, બારમી રાશિ (૨)
૧૨. શીતળા _____ (૩)
૧૩. _____ તેમ અવ્યવસ્થિત, કેરી (૨)
૧૪. 'કલરવ' શબ્દ વિખરાયેલો છે (૪)
૧૫. સૌરાષ્ટ્રમાં થતી તેલ બી ની એક સિંગ (૪)
૧૬. તક સાધી લેવાની વૃત્તિવાળું (૪)
૧૭. છોકરીનું ઓઢવા-પહેરવાનું વસ્ત્ર (૩)
૧૮. નોકર, સેવક (૨)
૨૦. મક્કમ, ડગે નહીં તેવું (૩)
૨૧. એક બેઠક જેમાં એક સંખ્યા છૂપાયેલી છે (૪)
૨૩. અહીં 'કાર' ઊલટી પડી છે (૨)
૨૪. ૧૩ + ૧૧ માત્રાવાળો એક છંદ (૩)
૨૬. દલાલ, આડતિયો (૪)
૨૯. ચામડીનો એક રોગ (૩)
૩૧. _____ કપાઈ જવું, આબરૂ જવી (૩)
૩૨. પગથી માથા સુધી (૪)
૩૩. પાણી જવાનો રસ્તો, ધારિયો (૨)
૩૬. યંત્ર (અંગ્રેજી) (૩)
૩૭. એક પ્રખ્યાત સખાવતી આરબ (૫)
૩૮. ભક્તિ ગીત, ભૂખ્યા પેટે _____ ન થાય (૩)

### ઊભી ચાવીઓ

૧. હવાનું દબાણ માપવાનું યંત્ર (૫)
૨. બારનો સમૂહ (૩)
૩. નહીં તો, ધમકીપત્રમાં વપરાતો શબ્દ (૪)
૪. વસિયતનામું (અં.) (૨)
૫. યોગ્ય પાત્ર, બંધ બેસતું (૩)
૬. શરીર, અવયવ (૨)
૯. વહીવટદાર, તાલુકા અમલદાર (૫)
૧૦. જમરૂખ (૪)
૧૨. સફાઈ કરવાનું એક સાધન (૪)
૧૩. અગ્નિ (૨)
૧૫. ગળ્યું, પ્રિય, સુંદર, મીઠું (૩)
૧૭. અન્ન તેવો _____ (૪)
૧૯. હયાતિ, હસ્તી (૨)
૨૦. અભિલાષા, ઈચ્છા (૪)
૨૧. ખેતરમાં પશુ પક્ષીને બીવડાવવા કરેલો એક આકાર (૩)
૨૨. દિવસ (૨)
૨૪. પાપ કરવાથી અહીં વાસ થાય, નરક, દુઃખથી ભરપૂર કોઈ જગ્યા (૩)
૨૫. ડાયરી, વાસરિકા (૪)
૨૬. આબરૂ, આદર, તોલમાપ, પરમેય (૨)
૨૭. નાશ પામેલું, પાયમાલ (૨)
૨૮. નિયમ વગેરેમાંથી છટકવાની યુક્તિ (૪)
૨૯. દુઃખ, ખોટું, ન ગમતું (૨)
૩૦. ઢગલો, ગણિતનો આંકડો (૨)
૩૨. નવીનતા, અચરજ (૩)
૩૪. સોનું, ધનદૌલત, ધતૂરો (૩)
૩૫. માઘ, માહ મહિનો, મોટું (૨)
૩૬. અંતઃકરણ, દિલ, ઈચ્છા, મરજી (૨)

**શબ્દ રમત-૧૮૩**

**જવાબો માટે જુઓ : પાના નંબર-૫૪**

*મનને આપણે જો સદાબહાર પ્રસન્ન રાખવા માંગીએ છીએ તો બે કામ આપણે કરવા જેવા છે : સારી વ્યક્તિ નજરમાં જ્યારે પણ આવી જાય, આપણે આ વિચારવું કે એ દેખાય છે એના કરતાં વધુ સારી છે. અને ખરાબ વ્યક્તિ આપણી નજરમાં જ્યારે પણ આવી જાય, આપણે આ વિચારવું કે એ દેખાય છે એના કરતાં ઘણી ઓછી ખરાબ છે.*

*જીવો પ્રત્યેના પ્રેમમાં ભરતી આવશે અને દ્વેષમાં ઓટ આવશે.*

## સાચી સમજણ

સાચી સમજણ સતત પ્રવર્તવી જોઈએ જેથી આપણો પ્રેમ કોઈ પણ સંજોગોમાં નિષ્ફળ ન જાય.

આ દૃષ્ટિએ આપણા મતભેદ અને તકરારોનું રાત્રે ઊંઘીએ તે પહેલાં નિવારણ થઈ જવું જોઈએ.

આપણે પોતાની સ્વાર્થી લાગણીઓ સામે લડવું જ જોઈએ. જો તેમ નહીં કરીએ તો તે આપણા દરેક વિચારને પોતાની રીતે અવળી દિશામાં કાર્યાન્વિત કરશે.

આપણે બંનેએ બધા જ પ્રકારની ગંભીર સમસ્યાઓની સાથે મળી ચર્ચા કરવી જોઈએ. જેથી આપણા વિચારોમાં મેળ ન હોય ત્યારે પરિસ્થિતિમાં કોઈ સમાધાન માટે પ્રયત્ન કરી શકાય.

આમ જ્યારે આપણો કહેવાનો અર્થ જે કહેતા હોઈએ તે ન હોય તો કોઈક દિવસ આપણી તીવ્ર ભાવના કથળી જશે. આમ, પ્રામાણિકતાના સદ્‌ગુણને અપનાવવો જોઈએ, નહીં તો આપણા સંબંધોમાંની ઉષ્મા ઘટી જશે.

– અરા જહોન મોર્સેસિયન

તપ, દમ, અધ્યયન, યજ્ઞ, દાન, સદાચાર અને પવિત્ર વિવાહ – આ ગુણો જે કુળમાં હોય છે તે શ્રેષ્ઠ કુળ કહેવાય છે.

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૧૪૨અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૭-૨૦૨૨ સુધીમાં મોકલી આપવા વિનંતી.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૪૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 4 | | 9 | | | | | |
| | | 6 | | 8 | 4 | | | 9 |
| | 9 | | 1 | | 3 | 7 | | 8 |
| | 2 | | | | 9 | 8 | | 1 |
| 9 | | | 8 | | 6 | | | 4 |
| 5 | | 3 | 7 | | | | 9 | |
| | | 9 | | 7 | 5 | | 8 | |
| 1 | | | 3 | | | 9 | | |
| 4 | | 2 | | 8 | | | 3 | 5 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 9 | | | 1 | 8 | | |
| 5 | 4 | | 6 | 7 | | | | 3 |
| | | 2 | | | 9 | | 7 | 6 |
| | 7 | | 9 | 1 | | | | 4 |
| | | 6 | | | | 5 | | 2 |
| 1 | | 8 | | 6 | 2 | | 3 | |
| | 8 | | 3 | | | 7 | | 1 |
| 3 | | 7 | | 5 | 6 | | 2 | |
| | 2 | | | 9 | | | 5 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | | 8 | 7 | | | 5 | |
| 2 | 1 | 7 | | | | 3 | | |
| | | | 3 | | 6 | | 7 | 1 |
| | 7 | | 2 | | 5 | 6 | 3 | 9 |
| | | | | | | | 4 | |
| 9 | 5 | 4 | 6 | | 3 | | | |
| 8 | | | 4 | | | | | |
| | | 1 | | | | 5 | 2 | 4 |
| | 4 | | | 6 | 9 | | | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | | | 7 | | | 1 | |
| | | | | | 5 | 2 | | 9 |
| 7 | 1 | 9 | | 2 | 6 | | | 5 |
| | 8 | | | | 1 | 6 | 2 | |
| 4 | | | | 5 | | | | 3 |
| | 6 | 2 | 7 | | 3 | | 5 | |
| 9 | | | | 4 | | 5 | | 2 |
| 8 | | 6 | 5 | | | | | |
| | 4 | | | | | | 3 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૪૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 4 | 9 | 3 | 7 | 6 | 5 | 2 | 1 |
| 1 | 7 | 2 | 5 | 8 | 4 | 3 | 6 | 9 |
| 3 | 6 | 5 | 1 | 9 | 2 | 8 | 7 | 4 |
| 7 | 3 | 6 | 2 | 4 | 8 | 1 | 9 | 5 |
| 2 | 9 | 8 | 6 | 1 | 5 | 4 | 3 | 7 |
| 5 | 1 | 4 | 9 | 3 | 7 | 2 | 8 | 6 |
| 6 | 5 | 7 | 8 | 2 | 1 | 9 | 4 | 3 |
| 9 | 2 | 1 | 4 | 6 | 3 | 7 | 5 | 8 |
| 4 | 8 | 3 | 7 | 5 | 9 | 6 | 1 | 2 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 1 | 6 | 2 | 5 | 7 | 8 | 3 | 4 |
| 5 | 3 | 2 | 8 | 4 | 6 | 7 | 9 | 1 |
| 4 | 8 | 7 | 9 | 3 | 1 | 5 | 6 | 2 |
| 3 | 2 | 9 | 1 | 7 | 8 | 4 | 5 | 6 |
| 1 | 6 | 5 | 4 | 9 | 2 | 3 | 8 | 7 |
| 8 | 7 | 4 | 3 | 6 | 5 | 1 | 2 | 9 |
| 7 | 9 | 8 | 6 | 1 | 3 | 2 | 4 | 5 |
| 2 | 4 | 1 | 5 | 8 | 9 | 6 | 7 | 3 |
| 6 | 5 | 3 | 7 | 2 | 4 | 9 | 1 | 8 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 8 | 4 | 7 | 1 | 6 | 2 | 5 | 9 |
| 9 | 5 | 1 | 2 | 8 | 4 | 6 | 3 | 7 |
| 6 | 7 | 2 | 5 | 3 | 9 | 1 | 4 | 8 |
| 4 | 6 | 7 | 1 | 9 | 3 | 5 | 8 | 2 |
| 1 | 9 | 5 | 8 | 7 | 2 | 4 | 6 | 3 |
| 2 | 3 | 8 | 6 | 4 | 5 | 9 | 7 | 1 |
| 5 | 1 | 3 | 4 | 2 | 7 | 8 | 9 | 6 |
| 8 | 4 | 9 | 3 | 6 | 1 | 7 | 2 | 5 |
| 7 | 2 | 6 | 9 | 5 | 8 | 3 | 1 | 4 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 1 | 6 | 2 | 9 | 3 | 7 | 4 | 8 |
| 8 | 9 | 3 | 4 | 7 | 1 | 5 | 2 | 6 |
| 7 | 4 | 2 | 8 | 6 | 5 | 3 | 1 | 9 |
| 4 | 6 | 7 | 5 | 2 | 8 | 1 | 9 | 3 |
| 9 | 2 | 8 | 1 | 3 | 7 | 6 | 5 | 4 |
| 3 | 5 | 1 | 6 | 4 | 9 | 8 | 7 | 2 |
| 6 | 7 | 9 | 3 | 5 | 4 | 2 | 8 | 1 |
| 2 | 8 | 5 | 9 | 1 | 6 | 4 | 3 | 7 |
| 1 | 3 | 4 | 7 | 8 | 2 | 9 | 6 | 5 |

Nano 9® kitchenware in new avatar

NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!

Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in

AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

## બોધકથા

# પરમાત્માએ ફક્ત મનુષ્યને જ બુદ્ધિશક્તિ આપી છે

મહાભારતના શાંતિપર્વમાં એક કથા આવે છે. જંગલમાં કુટીયા બનાવી એક મહાત્મા રહેતા હતા. એક વખત તે ધ્યાનમાં બેઠેલા હતા ત્યારે એક ઉંદર આવી તેમની ગોદમાં ભરાયો. ઉંદરની પાછળ બિલાડી પડી હતી. મહાત્માને દયા આવી. તેમણે ઉંદરને કહ્યું કે તું મારી ગોદમાં છે એટલે તને કોઈ મારી નહીં શકે. તું જે માંગીશ તે હું તને આપીશ. બોલ, તારે શું થવું છે? તું કહે તે પ્રમાણે તને બનાવી દઉં. ઉંદરની બુદ્ધિ કેટલી? તેણે વિચાર્યું કે આ બિલાડી બહુ સુખ ભોગવે છે. હું બિલાડી બની જાઉં તો પછી તેની બીક રહે નહીં. એટલે તેણે મહાત્માને કહ્યું કે મને બિલાડી બનાવી દો. મહાત્માએ કહ્યું, 'તથાસ્તુ.'

એક દિવસ તે બિલાડીની પાછળ કૂતરો પડ્યો. બિલાડી રડતી રડતી મહાત્મા પાસે આવીને કહે છે કે મને ખાતરી થઈ ગઈ કે બિલાડી થવામાં સુખ નથી. તેથી તમે મને કૂતરો બનાવી દો. મહાત્માએ કહ્યું, 'તથાસ્તુ.'

થોડા દિવસ સુખ જેવું લાગ્યું. પણ એક દિવસ જંગલમાં કૂતરાની પાછળ વાઘ પડ્યો. કૂતરાએ વિચાર્યું આના કરતા વાઘ થવું સારૂં. એટલે ફરી રડતો રડતો મહાત્મા પાસે ગયો અને કહે કે મને વાઘ બનાવી દો. મહાત્માએ કહ્યું, 'તથાસ્તુ.' વાઘ થયા પછી તેની બુદ્ધિ બગડી ગઈ. હિંસા કરતાં કરતાં તેની હિંસક વૃત્તિ જાગૃત થઇ ગઈ. તેથી તેણે વિચાર્યું કે જો આ મહાત્મા કોઈ દિવસ નારાજ થશે તો મને પાછો ઉંદર બનાવી દેશે. માટે ચાલ, આજે તો મહારાજને જ પતાવી દઉં. એટલે પછી હું કાયમનો વાઘ રહી શકીશ. મહાત્મા કહે, અચ્છા બેટા, તું મને ખાવા આવ્યો છે? તું ઉંદર હતો એ જ સારૂં હતું. મહાત્માએ તેને પાછો ઉંદર બનાવી દીધો.

જરા વિચાર કરો, આ ઉંદર-બિલાડીની કથા નથી. આ આપણી જ કથા છે. આ જીવ એક વખત ઉંદર હતો, એક વખત બિલાડી હતો, એક વખત કૂતરો કે પછી વાઘ હતો. માનવજીવન મળ્યા પછી તે ક્યારેક ક્યારેક વિવિધ પશુઓની જેવું જ વર્તન કરે છે. તે બતાવે છે કે એક વખત આવો પશુ હતો. આ જીવની પાછળ કાળ પડ્યો છે. કાળ જીવને વારંવાર કચડે છે. અનેક યોનિઓમાં જીવ રખડતો રખડતો છેવટે તે પ્રભુની ગોદમાં જાય છે. પ્રભુ કૃપા કરી જીવને મનુષ્ય બનાવ્યો. પવિત્ર વિચાર કરવા મન-બુદ્ધિ આપ્યા છે કે જેથી તે કાળ અને કામ પર વિજય મેળવી શકે. પ્રભુએ વિચાર્યું કે તે કાળ પર વિજય મેળવી મારી શરણમાં આવશે. પણ મા-નવ માનવ થયા પછી કુસંસ્કાર અને કુસંગથી એવો બગડે છે કે તે વાઘ બની જાય છે. જેણે તેને બચાવ્યો તેને જ તે માનતો નથી અને કહે છે કે હું ઈશ્વરમાં માનતો નથી. ભગવાન તે વખતે વિચારે છે કે, બેટા, તું ક્યાં જઈશ? હું તને ફરીથી ઉંદર બનાવી દઈશ.

પરમાત્માએ ફક્ત મનુષ્યને જ બુદ્ધિ શક્તિ આપી છે. પશુને પોતાના સ્વરૂપનું ભાન નથી. ત્રણ વર્ષ પછી તો તે ભૂલી જાય છે કે આ મારી મા છે કે આ મારો બાપ છે. જેને પોતાના સ્વરૂપનું ભાન નથી તે આત્મ સ્વરૂપને ક્યાંથી જાણી શકે? આ મનુષ્ય જન્મ તેની પાસે બુદ્ધિ હોવાથી જો તે ઈશ્વરને ઓળખવાનો, ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાનો પ્રયત્ન કરે તો ચોરાસી લાખના ચક્કરમાં તે ફરે છે. તે ફરી ફરી સંસારમાં રખડે છે. જન્મ-મરણનું દુઃખ ભોગવે છે અને આ દુઃખ છે ત્યાં સુધી તે જીવને શાંતિ પ્રાપ્ત થતી નથી.


*વિનોદભાઈ માછી નિરંકારી*

*નવીવાડી, તા. શહેરા, પંચમહાલ.*

*મો. ૯૭૨૬૧ ૬૬૦૭૫*


*જે સ્વર્ણમૃગ હતું જ નહીં એને મેળવી લેવાની લાલચમાં રામ પોતાની પાસે જે સીતા હતી એય ગુમાવી બેઠા. આ વાસ્તવિક્તા એટલું જ કહે છે કે પદાર્થોમાં જે સુખપ્રદાન કરવાની તાકાત જ નથી એ પદાર્થો મેળવી લેવાની લાલચમાં આપણી પાસે રહેલ પ્રસન્નતા અને પવિત્રતા ગુમાવી દેવાની બેવકૂફી આપણે કરવા જેવી નથી જ. વિલાસી વાતાવરણનો રાવણ સ્વર્ણમૃગ ભલે સર્જ્યા કરે, આપણે માથું ઠેકાણે રાખવાની જરૂર છે.*

## NanoNine® શબ્દ રમત-૧૮૩નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓ | | ર | ક | મ | | ના | ર | દ | | કા | કા |
| થ | ડ | | બ | ત | ક | | સ | ર | કા | ર | |
| મી | | | ર | | થા | ક | | વા | જી | | ર |
| ર | બ | ર | | તા | | ત | પ | ન | | જ | જ |
| | લા | | શ | ત | ક | | ર્વ | | ના | | ક |
| દૂ | | હા | ર | | ન | વ | | ક | ત | ર | ણ |
| ધ | ન | | ત | ર | ક | ટ | | ડ | | ત | |
| | મ | ત | | ટ | | સા | | પ | ર | વા | નો |
| | ન | મ | ક | | ક | વિ | તા | | ત્ન | | ક |
| પા | | | લા | | દા | ત્રી | | ભા | | તા | ર |
| દ | ર | | વા | સ | વ | | વા | | ખા | | |
| ર | ક્ત | દા | ન | | ર | જ્જુ | | આ | લી | શા | ન |




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850 +** શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500 +** જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300 +** જોશીલા વ્યાવસાયિકો

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

V-TRANS®
Driving Excellence

Other Divisions: V-Xpress V-Logis

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023
issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660,
09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com


**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com
વેબસાઇટ : www.gspbooksmall.com

## ફેમિલી-રિલેશનને રળિયામણા બનાવવાની પ્રેરણા આપતાં પુસ્તકો

| | | |
|---|---|---|
| ઍવરી-ડે, પૅરન્ટ્સ-ડે | સંપા. રોહિત શાહ | 250 |
| પિતા-પપ્પા-ડેડી | સંપા. રતિલાલ બોરીસાગર | 250 |
| પારિવારિક પ્રીત : આપણું લોકગીત | સંપા. ડૉ. ઇન્દુ પટેલ | 250 |
| પ્રણામ, પપ્પા ! | ડૉ.બિન્દુ ત્રિવેદી, દધીચિ ઠાકર | 550 |
| પિતા આત્મવિશ્વાસનો એવરેસ્ટ | ડૉ. આશિષ ચોક્સી | 80 |
| પુરુષ એક સૅન્ડવીચ | રીકિન શાહ | 100 |
| દીકરી મારી દોસ્ત | નીલમ દોશી | 250 |
| દીકરો વહાલનું આસમાન | નીલમ દોશી | 280 |
| માય ડિયર સન (પત્રો) | ડૉ. રેણુકા પટેલ | 165 |
| રળિયામણા રિલેશન્સ | રોહિત શાહ | 150 |
| વહાલા પપ્પા | રોહિત શાહ | 50 |
| વહાલો દીકરો | રોહિત શાહ | 30 |
| વહાલો દોસ્ત | રોહિત શાહ | 30 |
| સંબંધોની સૃષ્ટિમાં | ઊર્મિલાબહેન શાહ | 100 |
| સુખ-સંબંધનું સરનામું | શશિકલા જોષીપુરા | 85 |
| પરિવારની શાંતિ, શાંતિનો પરિવાર | આચાર્ય રાજ્યશસૂરિ મહારાજ | 100 |
| પરિવારની પારાયણ | રાજપરમેશ્વર | 120 |
| દીકરી મારી દીકરા કરતાં સવાઈ | – | 50 |
| પરિવાર | મનહર ઓઝા | 50 |
| Be Familiar with Family | Acharya Rajyashsurishwarji Maharaj Saheb | 150 |


### દામ્પત્યજીવન વિષયક સદાબહાર પુસ્તકો

| | | |
|---|---|---|
| લગ્નસાગર | ફાધર વાલેસ | 251 |
| નર-નારીના સંબંધો, લગ્નસંસ્થા તથા આવેગો અને લાગણીઓ | સ્વામી સચ્ચિદાનંદ | 225 |
| માનવસંબંધો | સ્વામી સચ્ચિદાનંદ | 130 |
| હૈયાંનો હસ્તમેળાપ | દિનેશ પાંચાલ | 250 |










| | | |
|---|---|---|
| દો કદમ તુમ ભી ચલો | રોહિત શાહ | 100 |
| સજના સાથ નિભાના | રોહિત શાહ | 100 |
| બેટર હાફ | શશિકલા જોષીપુરા | 175 |
| દામ્પત્યસાધના | ઊર્મિલા શાહ | 150 |
| હૃદયલિપિ (પુરસ્કૃત) | ભારતી રાણે | 400 |
| જીવનસાથી | મનહર ઓઝા | 50 |
| પ્રસન્ન દામ્પત્યની સપ્તપદી | સંપા. રોહિત શાહ | 201 |
| ગીત ગાવું તો પ્રીતનું ગાવું | સંપા. રમેશ સંઘવી, સત્યમુનિ | 150 |
| સફળ લગ્નજીવન માટેની સોનેરી ચાવી | ડૉ. આશિષ ચોક્સી | 60 |

### માતૃમહિમાનો મહોત્સવ રચતાં પુસ્તકો

| | | |
|---|---|---|
| બાની વાતું | શરીફા વીજળીવાળા | 80 |
| શતરૂપા | સંપા. શરીફા વીજળીવાળા | 450 |
| મા એ મા | સંપા. રતિલાલ બોરીસાગર | 200 |
| પહેલો અક્ષર - મા | સંપા. હિમાંશી શેલત | 100 |
| મહાતીર્થ : મા | સંપા. મુનિ ભુવનહર્ષવિજયજી | 180 |
| મા | સંપા સુબોધભાઈ બી. શાહ | 100 |
| માતા મહાતીર્થ | રમણલાલ સોની | 225 |

*If undelivered please return to :*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

***To,***